RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 29-06-2026 I VOL : 12 I Issue : 104 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સારા વિચારો સારા પરિણામ આપે છે. દરેક અનુભવ કંઈક શીખવે છે.

3 
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો પ્રારંભ કરાવ્યો, 83 લાખ બાળકો લક્ષ્યાંક

4 
સુપરફૂડ કે આડઅસરનું ઘર? તલ, અળસી, ચિયા સીડ્સ અને સૂર્યમુખીના બીજ ખાતા...

6 
રોહિત શેટ્ટીને ફરી ધમકી મળી, ₹20 કરોડની ખંડણીની માંગ: લોરેન્સ ગેંગનો કથિત...

7 
ફિફા વર્લ્ડ કપમાં મેસી મેજિક! ફરી બનાવ્યો વર્લ્ડરેકોર્ડ, આર્જેન્ટિનાની સતત...

### એક નજર...

## હાથમાં નારિયેળ સાથે શિવાંગી વર્માએ આપ્યા ગ્લેમરસ પોઝ



શિવાંગી વર્માએ પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત ટીવી ઈન્ડસ્ટ્રીથી કરી હતી. તેમણે વર્ષ 2013 માં આવેલા 'નચ બલિયે'ની સિઝન 6 માં ડેબ્યૂ કર્યું અને અહીંથી જ તેમને ઓળખ મળી. શિવાંગી વર્માનું બાળપણ દિલ્હીમાં વીત્યું છે અને તેમણે દિલ્હીમાંથી જ પ્રારંભિક શિક્ષણ મેળવ્યું છે. તે અવારનવાર તેમની બોલ્ડ તસવીરો શેર કરતી રહે છે.

### NEWS TRACK

## ફાંસીની સજા વચ્ચે શેખ હસીનાની મોટી જાહેરાત, બાંગ્લાદેશ પરત ફરવાનો પ્લાન જણાવ્યો

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને બે વર્ષ પહેલા થયેલા સત્તા પરિવર્તનને કારણે પોતાનો દેશ છોડીને ભારત આવેલા શેખ હસીનાએ વાપસીને લઈને મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે તેઓ આ જ વર્ષે બાંગ્લાદેશ પરત ફરી જશે. તેમણે અવામી લીગને માત્ર એક પક્ષ નહીં, પરંતુ પોતાની તાકાત ગણાવી. બાંગ્લાદેશમાં વર્ષ 2024ના મધ્યમાં મોટા પાયે વિરોધ અને હિંસા થઈ હતી, જે બાદ ભીડ વડાપ્રધાન આવાસ સુધી પહોંચી ગઈ હતી. જેના કારણે તેમણે પોતાનો દેશ છોડીને ભાગવું પડ્યું હતું અને ભારત સાથે સારા સંબંધો હોવાને કારણે તેઓ ત્યારથી નવી દિલ્હીમાં રહી રહ્યા છે. હસીનાએ સ્પષ્ટ કરી દીધું છે કે આ વર્ષના અંતમાં તેઓ બાંગ્લાદેશ પરત ફરી જશે. હસીનાને બાંગ્લાદેશમાં ફાંસીની સજા મળેલી છે. મોહમ્મદ યુનુસ શાસન અને હિન્દુઓ પર અત્યાચાર શેખ હસીનાના ભારત આવ્યા બાદ તેમને વડાપ્રધાન પદ પરથી પણ હટાવી દેવામાં આવ્યા હતા.

## યુરોપમાં ગરમીનો મહાપ્રકોપ: ફ્રાન્સમાં ભીષણ હીટવેવથી 1,000 લોકોના મોત

યુરોપમાં ચાલી રહેલી ભીષણ ગરમીને કારણે ફ્રાન્સમાં 1,000થી વધુ લોકોના મોત નોંધાયા છે. આરોગ્ય સંસ્થાઓના મતે આ આંકડો વધારે હોવાની પણ શક્યતાઓ છે. મૃત્યુઆંકની પ્રાથમિક ગણતરીની વિગતો આપતા, સેન્ટી પબ્લિકે (Sante Publique) જણાવ્યું હતું કે, 'મોટાભાગના મૃત્યુ વૃદ્ધોના થયા છે. રહેણાંક સંભાળ કેન્દ્રો (Residential Care) અને ઘરોમાં થયેલા મોત વિશે વધુ માહિતી ઉપલબ્ધ થતાં મૃત્યુદરમાં હજુ વધારો થવાની પણ આશંકા છે. આ ગરમીએ અગાઉના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે, વીજ ઉત્પાદનને ખોરવી નાખ્યું છે, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડ્યું છે.' વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે, 20 જૂનથી શરૂ થયેલો આ હીટવેવ યુરોપમાં અત્યાર સુધીનો સૌથી ખરાબ હીટવેવ છે, જ્યાં વૈશ્વિક સરેરાશ કરતા વધુ ઝડપે આબોહવા બદલાઈ રહી છે. ફ્રાન્સમાં અતિશય ગરમીમાં થોડી રાહત આ હીટવેવ હવે પૂર્વ તરફ આગળ વધી રહ્યો છે. જો કે ફ્રાન્સની હવામાન એજન્સીએ જણાવ્યું છે કે, દેશના મોટાભાગના ભાગોમાં અતિશય ગરમીમાં ઘટાડો થયો છે.

### દેશમાં 40થી વધુ C-295 વિમાનો બનાવવામાં આવી રહ્યા છે

# સમુદ્રથી આકાશ સુધી ભારત સુરક્ષિત: PM નરેન્દ્ર મોદી

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત ના 135મા એપિસોડમાં કહ્યું- સમુદ્રથી લઈને આકાશ સુધી ભારત સુરક્ષિત છે. પીએમએ તાજેતરમાં પરીક્ષણ કરાયેલી જમીનથી હવામાં હુમલો કરતી મિસાઈલોનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું- જૂન મહિનામાં જ દેશે ઉડ્ડયન ક્ષેત્રે વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. મેડ ઈન ઈન્ડિયા અભિયાન હેઠળ તૈયાર કરાયેલા C-295 વિમાને તેની પ્રથમ સફળ ઉડાન પૂર્ણ કરી લીધી છે. હાલમાં આવા 40 વિમાન ભારતમાં જ બનાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે હાલમાં મને કોલકાતામાં નૌકાદળ સંબંધિત એક કાર્યક્રમમાં સામેલ થવાનો અવસર મળ્યો. ત્યાં INS દૂનાગિરી, INS સંશોધક અને INS અગ્રયને ભારતીય નૌકાદળના કાફલામાં સામેલ કરવામાં આવ્યા. આ શિપની ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ સુધી બધું જ સ્વદેશી છે. પીએમએ કહ્યું કે આ વખતે દુનિયાના 2500થી વધુ સ્થળોએ યોગના અનેક કાર્યક્રમો થયા. અમદાવાદમાં આયોજિત 'વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ'ની પણ ઘણી ચર્ચા થઈ. આ ચેમ્પિયનશિપમાં ભારતે શાનદાર પ્રદર્શન કરતા કુલ 114 મેડલ જીત્યા છે, જેમાં 102 ગોલ્ડ મેડલ પણ સામેલ છે. ભારત મેડલ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું છે. પીએમએ ઉલ્લેખ કર્યો કે મહારાષ્ટ્રના નાંદેડના બહાદુરપુરા ગામના પેઠકર પરિવારે તેમના પરિવારમાં લગ્ન પ્રસંગે આશરે 3,500 ગ્રામજનો માટે અકસ્માત વીમાની વ્યવસ્થા કરી હતી. દરેક વ્યક્તિને એક લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવ્યું હતું.



## બીજા પર આંગળી ચીંધતા પહેલા આતંકવાદ પર એક્શન લો, કરાંચી બ્લાસ્ટ મુદ્દે ભારતનો પાક.ને જવાબ

**કરાંચી**

પાકિસ્તાનના કરાંચી શહેરમાં પાકિસ્તાની સૈન્ય કેમ્પ પર આતંકવાદી હુમલો થયો હતો. તેમાં ભારતનો હાથ હોવાનો પાકિસ્તાને આક્ષેપ કર્યો હતો. ત્યારે આ મામલે ભારતે આતંકને પોષનારા દેશ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે કહ્યું કે, આતંકવાદીઓને પાળનારો દેશ અમારા આંગળી ન ઉઠાવે. પાકિસ્તાનના આક્ષેપોને પાયાવિહોણા : ભારત ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પાકિસ્તાનના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે પાકિસ્તાનના તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, 'પાકિસ્તાને બીજા પર આક્ષેપ કરવાના બદલે પોતાના દેશમાં ચાલી રહેલા આતંકવાદી સંગઠનો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત પાકિસ્તાન સરકારે આતંકવાદને પોતાની સરકારી નીતિનો ભાગ બનાવવાની આદત પણ છોડી દેવી જોઈએ.' ઉલ્લેખનીય છે કે, 27 જૂને કરાંચીનાં ગુલિસ્તાન-એ-જોહર વિસ્તારના બ્લોક-6માં આવેલા પાકિસ્તાન રેન્જર્સના હેડક્વાર્ટર નજીક જોરદાર વિસ્ફોટો અને ભારે ગોળીબાર થયો હતો.

### ચંપત રાયના નજીકના સાથી સહિત આ નેતાઓ પર ત્રાટકી પોલીસ

# રામ મંદિર દાન ચોરી મામલે મોટી કાર્યવાહી, 8 આરોપીઓના ઘરે પોલીસના દરોડા

**અયોધ્યા**

અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મામલામાં પોલીસની તપાસ અત્યંત વેગીલી બની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ પર ગઠિત SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ના પ્રારંભિક અહેવાલ બાદ પોલીસે રવિવારે વહેલી સવારે ધરપકડ કરાયેલા તમામ આઠ આરોપીઓના નિવાસસ્થાને એકસાથે દરોડા પાડ્યા છે. આ અગાઉ પોલીસ આરોપીઓ પાસેથી 80 લાખ રૂપિયાથી વધુની રોકડ રકમ રિકવર કરી ચૂકી છે, અને હવે તેમની સામે મજબૂત કેસ બનાવવા માટે વધુ પુરાવા અને ગુપ્ત મિલકતોની તપાસ થઈ રહી છે. ચંપત રાયના નજીકના સાથી સહિત આ નેતાઓ પર ત્રાટકી પોલીસ રામજન્મભૂમિ પોલીસ સ્ટેશનના પ્રભારી નિરીક્ષક સુમિત શ્રીવાસ્તવના નેતૃત્વમાં પોલીસ ટીમોએ રામધામ સ્થિત સ્વર્ગદ્વાર મહોલ્લામાં રહેતા અને ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયના ખૂબ નજીકના ગણાતા રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ, કૌશલપુરીના અનુકલ્પ મિશ્રા અને રુદૌલીના લવકુશ મિશ્રા સહિત તમામ આરોપીઓના આવાસ પર દરોડા પાડ્યા હતા. ઘણા સ્થળોએ ઘરના દરવાજા ખોલાવવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ દરોડા દરમિયાન પોલીસે આરોપીઓના પરિવારજનો અને પડોશીઓની પણ પૂછપરછ કરીને મહત્વની માહિતી એકત્ર કરી છે. પોલીસ હવે તપાસ કરી રહ્યું છે કે મંદિરમાં નોટો ગણવાની કામગીરીમાં જોડાયા પહેલા આ લોકોની આર્થિક સ્થિતિ કેવી હતી.



# પાવી જેતપુરના નદીપટમાં 'પીળા સોના' ની ખુલ્લેઆમ લૂંટ

## સિહોદ બ્રિજ નીચે ભૂમાફિયાઓ બેફામ, તંત્રની મીઠી નજર હેઠળ ધમધમતો કાળો કારોબાર!








## 150થી 200 ઓવરલોડ ટ્રેક્ટરો રોજ ઉડાવે છે કાયદાના ધજાગરા: શું ગાંધીનગર બેઠેલા ઉચ્ચ અધિકારીઓ છોટાઉદેપુરના આ મસમોટા ખનન કૌભાંડથી અજાણ છે કે પછી...??

**છોટાઉદેપુર/પાવી જેતપુર**

છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકામાંથી કુદરતી સંપત્તિની ચોરીનો એક એવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે સ્થાનિક વહીવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગની કામગીરી પર મસમોટા સવાલો ઊભા કરી દીધા છે. પાવી જેતપુરના જીવાદોરી સમાન સિહોદ બ્રિજ નીચે તેમજ આસપાસના નાલેજ, પાદરવાટ, ઓલી અંબા અને તેજગઢ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ગેરકાયદેસર રેતી ખનનનું નેટવર્ક ફરી એકવાર રાક્ષસી સ્તરે ધમધમતું થયું છે. નદીઓના સીના ચીરીને કરોડો રૂપિયાની સરકારી સંપત્તિ ભૂમાફિયાઓના ખિસ્સામાં જઈ રહી છે, પણ જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

મોડસ ઓપરેન્ડી: જેસીબી (JCB) મશીનોથી નદીઓનું નિકંદન અને ટ્રેક્ટરોની વણઝાર

સ્થાનિક નાગરિકો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આ કોઈ છૂપી ચોરી નથી પરંતુ ધોળા દિવસે અને ખુલ્લેઆમ ચાલતી લૂંટ છે.

નદીના પટમાં મોટા-મોટા જેસીબી મશીનો ઉતારીને નિયમો કરતાર વધુ ઊંડાઈ સુધી રેતી ઉલેચવામાં આવી રહી છે.

સ્થાનિકોના ગંભીર આક્ષેપો અનુસાર, દરરોજ અંદાજે ૧૫૦થી ૨૦૦ જેટલા ઓવરલોડ ટ્રેક્ટરો કોઈ પણ પ્રકારની રોયલ્ટી પાસ વિના અહીંથી પસાર થાય છે.

આ ઓવરલોડ વાહનોના કારણે ગ્રામ્ય વિસ્તારના કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ બિસ્માર બન્યા છે અને અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે.

### 'પાક્કો ગુજરાત' ના સણસણતા સવાલો: ક્યાં સુધી ચાલશે આ મિલિભગત?

આ આખી ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે સ્થાનિક સ્તરે કોઈ મોટું શરણું મળેલું છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સીધા અને આકરા સવાલો પૂછે છે:

1. સિસ્ટમ કેમ લાચાર? જ્યારે આખું ગામ જોઈ શકે છે કે ૨૦૦ ટ્રેક્ટરો રેતી ચોરીને જઈ રહ્યા છે, ત્યારે ખાણ-ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડ કે સ્થાનિક પોલીસને આ વાહનો કેમ દેખાતા નથી? શું તેમની આંખો પર 'ગાંધીછાપ' ચશ્મા ચડી ગયા છે?

2. આશીર્વાદ કોના? ભૂતકાળમાં રજૂઆતો બાદ કામચલાઉ દરોડા પાડીને સંતોષ માની લેવાયો હતો. પણ થોડા જ દિવસોમાં આ કાળો કારોબાર ફરી કેવી રીતે શરૂ થઈ ગયો? આ ભૂમાફિયાઓ પાછળ કયા રાજકીય આકાઓ કે વગદાર નેતાઓનો હાથ છે?

3. બ્રિજની સુરક્ષાનું શું? સિહોદ બ્રિજની બિલકુલ નીચે અને નજીકથી આડેધડ રેતી કાઢવાના કારણે બ્રિજના પાયા નબળા પડી રહ્યા છે. જો ચોમાસામાં કોઈ મોટી દુર્ઘટના ઘટશે, તો તેનો જવાબદાર કોણ? તંત્ર કે આ માફિયાઓ?

### જનતાનો ભભૂકતો આક્રોશ: હવે આરપારની લડાઈ

વારંવારની લેખિત અને મૌખિક રજૂઆતો છતાં જ્યારે કોઈ પગલાં ન લેવાયા, ત્યારે હવે પાવી જેતપુર અને આસપાસના ગામોના લોકોમાં ભારે રોષ અને અસંતોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે જો તંત્ર ટૂંક સમયમાં આ ગેરકાયદેસર ખનન માફિયાઓ સામે કડક કાનૂની કાર્યવાહી નહીં કરે અને વાહનો સીઝ નહીં કરે, તો જનતા પોતે રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરશે.

હવે આખા જિલ્લાની નજર કલેક્ટર કચેરી અને ગાંધીનગરના ઉચ્ચ વિભાગો પર મંડાયેલી છે કે, તેઓ આ રેતી ચોરીના મસમોટા નેટવર્કને તોડવા માટે ક્યારે 'બુલડોઝર એક્શન' લે છે!

**- ખાસ અહેવાલ, પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્રી મંડળ**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# હવે 'બોસ' ના નામે ઓનલાઈન ખિસ્સા ખાલી કરવાનો ખેલ: અમદાવાદ સાયબર ક્રાઈમની મોટી ચેતવણી

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં સાયબર ગુનેગારોએ ઠગાઈનો એક નવો અને અત્યંત જોખમી કીમિયો શોધી કાઢ્યો છે. જેને ટેકનિકલ ભાષામાં 'બોસ સ્કેમ' અથવા 'CEO ઈમ્પરસોનેશન ફ્રોડ' કહેવામાં આવે છે. વેપાર-ધંધા અને મોટી કંપનીઓને ટાર્ગેટ કરતા આ સ્કેમ અંગે અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચે લાલબત્તી ધરીને તમામ નાગરિકો અને કર્મચારીઓ માટે એક મહત્વની એડવાઈઝરી (ચેતવણી) જાહેર કરી છે.

સાયબર ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, ડિજિટલ યુગના આ શાતિર ઠગો કોઈ સામાન્ય વ્યક્તિને નહીં પણ કંપનીના ઉચ્ચ હોદ્દા પર બેઠેલા CEO અથવા ડિરેક્ટર્સને નિશાન બનાવે છે. આ ઠગો પોતે આરબીઆઈ (RBI) અથવા કોઈ મોટા સરકારી વિભાગના ઉચ્ચ અધિકારી હોવાનો ઢોંગ કરે છે. ત્યારબાદ, સત્તાવાર કામકાજના બહાને તેઓ કંપનીના મેનેજમેન્ટને એક શંકાસ્પદ ZIP અથવા APK ફાઈલ મોકલે છે.

જેવી આ ફાઈલ કમ્પ્યુટર કે મોબાઈલમાં ઓપન કરવામાં આવે, કે તરત જ તેમાં રહેલો વાયરસ (માલવેર) આખું સિસ્ટમ અને WhatsApp એકાઉન્ટ હેક કરી લે છે.

એકવાર કમ્પ્યુટર કે WhatsApp નો એક્સેસ મળી ગયા પછી અસલી ખેલ શરૂ થાય છે. હેકર્સ કંપનીના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ અથવા નીચલા સ્તરના કર્મચારીઓને CEO ના ઓરિજિનલ WhatsApp પરથી 'અર્જન્ટ પેમેન્ટ' કરવાના મેસેજ મોકલે છે. કર્મચારીને એમ લાગે છે કે ઓર્ડર ખુદ બોસ તરફથી આવ્યો છે, જેથી તેઓ કોઈ પણ સવાલ પૂછ્યા વિના લાખો રૂપિયા ઠગોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દે છે.

ક્રોસ વેરિફિકેશન: કંપનીમાં કોઈપણ મોટું નાણાકીય ટ્રાન્ઝેક્શન કરતા પહેલાં સંબંધિત અધિકારી કે બોસ સાથે રૂબરૂ, ફોન કોલ અથવા વીડિયો કોલ દ્વારા ખાતરી કરો.

અજાણી ફાઈલોથી દૂર રહો: કોઈ અજાણ્યા નંબર પરથી આવેલી ZIP, APK અથવા કોઈપણ શંકાસ્પદ લિંક પર ક્લિક ન કરો કે તેને ડાઉનલોડ ન કરો.

# મહેસાણા રેલવે સ્ટેશન રણમેદાન બન્યું! ટિકિટ ચેકિંગ દરમિયાન મહિલા TTE અને મુસાફર વચ્ચે છૂટ્ટાહાથની મારામારી

મહેસાણા

ગુજરાતના મહેસાણા રેલવે સ્ટેશન પરથી રેલવે પ્રશાસનને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ટ્રેનમાં ટિકિટ ચેકિંગ દરમિયાન એક મહિલા ટીટીઈ (TTE) અને મુસાફર પરિવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો છૂટ્ટાહાથની મારામારી સુધી પહોંચી ગયો હતો. સ્ટેશન પર જ બંને પક્ષો વચ્ચે ભારે હોબાળો અને ઝપાઝપી થતાં અન્ય મુસાફરો પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

પીડિત પરિવારના જણાવ્યા અનુસાર, ટિકિટ ચેકિંગના સમયે મહિલા TTE એ ભારે બદતમીજી આચરી હતી. પરિવારે આક્ષેપ કર્યો છે કે ચેકિંગ દરમિયાન મહિલા અધિકારીએ તેમના નાના બાળકને નિર્દયતાથી ધક્કો માર્યો હતો અને વિરોધ કરવા પર લાફો ઝીંકી દીધો હતો. આ હરકત બાદ પરિવારનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો અને સ્ટેશન પર જ બંને પક્ષો આમને-સામને આવી ગયા હતા.

સૌથી ગંભીર બાબત એ છે કે, પરિવારે મહિલા TTE પર સત્તાના દુરુપયોગનો મોટો આરોપ લગાવ્યો છે. પરિવારના સભ્યોના કહેવા મુજબ, જ્યારે તેમણે બાળકની સુરક્ષા અને મહિલા કર્મચારીના ગેરવર્તન સામે અવાજ ઉઠાવ્યો, ત્યારે મહિલા TTE એ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે પરિવારના પુરુષ સભ્યોને 'ખોટા છેડતીના કેસમાં ફસાવી દેવાની' અને જેલ ભેગા કરવાની ખુલ્લેઆમ ધમકી આપી હતી. ઘટનાને પગલે સ્ટેશન પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને વાતાવરણ તંગ બની ગયું હતું. આખરે મામલો રેલવે પોલીસ મથકે પહોંચ્યો છે, જ્યાં બંને પક્ષો દ્વારા સામસામે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

# અમદાવાદમાં રથયાત્રાને લઈને પોલીસ તંત્ર એક્શન મોડમાં: શાંતિપૂર્ણ માહોલમાં ઉત્સવ ઉજવવા એક્શન પ્લાન તૈયાર

અમદાવાદ

અષાઢી બીજના પર્વે યોજાનારી અમદાવાદની જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે શાંતિપૂર્ણ વાતાવરણમાં આ ભવ્ય મહોત્સવ સંપન્ન થાય તે માટે પોલીસ અને વહીવટી તંત્ર અત્યારથી જ એક્શન મોડમાં આવી ગયું છે. રથયાત્રા પૂર્વે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રાખવા તેમજ કોઈ અપ્રિય ઘટના ન ઘટે તે હેતુથી પોલીસ દ્વારા કડક સુરક્ષા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

ભગવાન જગન્નાથની આ નગરચર્યા દરમિયાન સુરક્ષામાં કોઈ ખામી ન રહી જાય તે માટે રથયાત્રાના સમગ્ર રૂટ અને સંવેદનશીલ વિસ્તારો પર વિશેષ નજર રાખવા માટે એક્શન પ્લાન તૈયાર કરી દેવાયો છે. પોલીસ વિભાગ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં અત્યારથી જ ફૂટ પેટ્રોલીંગ અને સઘન ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ભવ્ય મહોત્સવમાં લાખોની મેદની ઉમટતી હોવાથી કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અદ્યતન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે.

# જામનગરમાં ભીમવાસ વિસ્તારમાંથી દારૂના જથ્થા સાથે બિનવારસુ એક્ટિવા મળી આવ્યું: આરોપી ફરાર

જામનગર

જામનગર શહેરના ભીમવાસ વિસ્તારમાં પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન વિદેશી દારૂના જથ્થા સાથે એક એક્ટિવા સ્કૂટર મળી આવ્યું હતું. જોકે સ્થળ પરથી આરોપી ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ તા. 27/06/2026ના રોજ બપોરે આશરે 2:15 વાગ્યે સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારના ભીમવાસ શેરી નં. 1ના ઢાળિયા પાસે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જી.જે.10 સી.ડી.9494 નંબરનું સફેદ રંગનું એક્ટિવા સ્કૂટર મળી આવ્યું હતું. તપાસ દરમિયાન સ્કૂટરમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 1 બોટલ તથા દારૂના 14 પાઉચ (ચપલા) મળી આવ્યા હતા. પોલીસે દારૂનો જથ્થો કબજે કર્યો હતો. કબજે કરાયેલા દારૂની કિંમત રૂ. 5,200 તથા એક્ટિવાની કિંમત રૂ. 30,000 મળી કુલ રૂ. 35,200નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે અજાણ્યો શખ્સ કોઈપણ પ્રકારના કાયદેસર પાસ-પરમિટ વિના વેચાણના હેતુથી દારૂનો જથ્થો પોતાના કબજામાં રાખી હેરફેર કરી રહ્યો હતો. જોકે રેઈડ દરમિયાન તે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

આ અંગે સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દારૂબંધી અધિનિયમની કલમ 65(અ), 81(અ) અને 116(બ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ રમેશભાઈ અઘારાની ફરિયાદના આધારે નોંધાયેલા ગુનાની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.જી. રાજ ચલાવી રહ્યા છે.

## શું ગૃહમંત્રીના આદેશો કરજણ પોલીસ સ્ટેશનના ઉંબરે આવીને દમ તોડી દે છે?

# કરજણ તાલુકામાં ખાખીની રહેમનજરે નશાનો કાળો કારોબાર..! : 'કુખ્યાત' વહીવટદાર હનુભાની દાદાગીરી

### કુરાલી, સાપા, કંડારી અને કરમડીમાં ચાલતા દારૂ-જુગારના અડ્ડાઓ પર ક્યારે ફરશે SMCનું બુલડોઝર? કેમિકલયુક્ત દારૂથી વધુ એક લઠ્ઠાકાંડની પ્રતીક્ષા કરતું ભ્રષ્ટ તંત્ર!

વડોદરા/કરજણ

ગુજરાતમાં ભલે દારૂબંધીના કાગળ પર મસમોટા દાવા થતા હોય, પણ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં વાસ્તવિકતા કંઈક અલગ જ અને ભયાનક છે. કરજણ તાલુકાના ગામડે-ગામડે આજે ઈંગ્લિશ દારૂ, દેશી દારૂ, વરલી મટકાનો જુગાર અને ચરસ-ગાંજા જેવા જીવલેણ નશાના અડ્ડાઓ બેખોફ થઈને ધમધમી રહ્યા છે. કરજણનું યુવાધન આ નશાની ગર્તામાં ધકેલાઈ રહ્યું છે, અને આ આખા કાળા કારોબારની પાછળ બેઠો છે ખાખીનો એક એવો મહારથી, જેના આશીર્વાદ વિના કરજણમાં પાંદડું પણ નથી હલતું!

■ **ગામડે-ગામડે મોતનો સામાન અને જુગારની ક્લબો!**

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ:

કુરાલી ગામ: નવી નગરીમાં આવેલી પાણીની ટાંકી પાસે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે.

સાપા ગામ: નવી વસાહતમાં વરલી મટકાનો જુગાર ચાલે છે. ચોંકાવનારી વાત એ છે કે આ જુગારના ઓપરેટરો વડોદરા શહેરથી સ્પેશિયલ કરજણમાં ધંધો કરવા આવે છે!

કંડારી ગામ: ગામમાં ઠેર-ઠેર દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જાણે કોઈ કાયદાનો ડર જ ન હોય.

કરમડી ગામ: અહીં તો દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીઓ ચોવીસ કલાક ધમધમી રહી છે.

સૌથી મોટો સવાલ: કરમડી અને આસપાસના ગામોમાં ભઠ્ઠીઓમાં કેમિકલયુક્ત ઝેરી દારૂ બનાવવામાં આવી રહ્યો છે. જો આવતીકાલે કરજણની ધરતી પર કોઈ મોટો 'લઠ્ઠાકાંડ' સર્જાય અને નિર્દોષોના મોત થાય, તો તેનો જવાબદાર કોણ? શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે?

■ **કોણ છે આ 'હનુભા'? PI પટેલનો કમાઉ દીકરો કે કરજણનો અઘોષિત રાજા?**

આ આખા નેટવર્કને ચલાવનારો મુખ્ય સૂત્રધાર કરજણ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફમાં ફરજ બજાવતો પોલીસ કોન્સ્ટેબલ હનુભા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હનુભા એટલે કરજણ પોલીસ સ્ટેશનનો એ વહીવટદાર જે અગાઉ ઈંગ્લિશ દારૂના બુટલેગરો સાથે સીધી સાંઠગાંઠમાં રંગેહાથ ઝડપાઈ ચૂક્યો છે અને સસ્પેન્ડ પણ થઈ ચૂક્યો છે.

પરંતુ, સવાલ એ થાય છે કે આવા ભ્રષ્ટ કર્મચારી પર કયા રાજકીય ગોડફાધરના હાથ છે કે સસ્પેન્ડ થયા પછી પણ તે ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં જ ગોઠવાઈ ગયો? કરજણ પોલીસ સ્ટેશનના પી.આઈ. પટેલ માટે આ હનુભા 'કમાઉ દીકરો' સાબિત થઈ રહ્યો છે. મહિને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરીને આખું તંત્ર ખરીદી લેવાયું હોય તેવો ઘાટ સર્જાયો છે.

■ **રાજ્યના ગૃહમંત્રી અને ઉપમુખ્યમંત્રીને ખુલ્લી ચેલેન્જ?**

ગાંજા અને ચરસનું વેચાણ આખા જિલ્લામાં નેટવર્ક ફેલાવીને થઈ રહ્યું છે. નવાઈની વાત એ છે કે જિલ્લાની એલસીબી (LCB) પણ આ અડ્ડાઓ તરફ આંખ આડા કાન કરીને બેઠી છે. સૂત્રોનું માનીએ તો, આ વહીવટદાર હનુભાની દાદાગીરી એટલી હદે વધી ગઈ છે કે તે રાજ્યના ઉચ્ચ નેતાઓ અને ઉપમુખ્યમંત્રીના આદેશોને પણ ખિસ્સામાં લઈને ફરે છે અને તેમને ખુલ્લી ચેલેન્જ ફેંકી રહ્યો છે!

■ **'પાક્કો ગુજરાત'ના તીખા સવાલો:**

1. શું વડોદરા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) આ ભ્રષ્ટ વહીવટદાર હનુભા અને પી.આઈ. પટેલ સામે કડક પગલાં લેશે?
2. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમ કરજણના કુરાલી, સાપા અને કંડારી ગામમાં ક્યારે ત્રાટકશે?
3. રાજકીય આકાઓના જોરે કૂદતા બુટલેગરો અને ખાખીના ભ્રષ્ટ ચહેરાઓ સામે મુખ્યમંત્રી ક્યારે લાલ આંખ કરશે?

કરજણની જનતા હવે ત્રાહિમામ પોકારી ગઈ છે. જો આ અડ્ડાઓ સત્વરે બંધ ન થયા, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ભ્રષ્ટાચારના મૂળ સુધી પહોંચીને વધુ પુરાવાઓ જનતા સામે ઉજાગર કરશે.

- બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત ન્યૂઝ.




# વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ સુભાનપુરા દ્વારા ભવ્ય 'સંગીતસંધ્યા' સાથે જન્મોત્સવ-લગ્નોત્સવની ઉજવણી કરાઈ

વડોદરા

સિનિયર સિટીઝન ગ્રુપના માનદ તંત્રી અને સંપાદક ઘનશ્યામભાઈ રાવની એક યાદી જણાવે છે કે, વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ, સુભાનપુરા દ્વારા દર માસના છેલ્લા રવિવારે યોજાતા પરંપરાગત કાર્યક્રમ અંતર્ગત આજરોજ તારીખ ૨૮/૦૬/૨૦૨૬ના રોજ જન્મોત્સવ અને લગ્નોત્સવની ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વડીલો માટે એક વિશેષ 'સંગીતસંધ્યા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલ અને ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત પન્નાબેન અને માલવબેન દ્વારા પ્રસ્તુત સુંદર પ્રાર્થનાથી થઈ હતી.

ત્યારબાદ, વડીલ પરિવારના કારોબારી સભ્ય નરેન્દ્રભાઈ એન. પંડ્યા તથા અન્ય કારોબારી સભ્ય નયનભાઈ પરીખના માતુ જ્યોત્સનાબેન જી. પરીખનું અનુક્રમે તારીખ ૨૧/૦૬/૨૬ અને ૨૭/૦૬/૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ હોય, દિવંગત આત્માઓની શાંતિ માટે સમગ્ર ગૃહ દ્વારા બે મિનિટનું મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ માસના જન્મોત્સવ અને લગ્નોત્સવની ખુશીમાં યોજાયેલી સંગીતસંધ્યાના મુખ્ય કલાકાર અને સંચાલક દિવ્યકાન્ત પંડ્યા (એસ.બી.આઈ. બેંકના ભૂતપૂર્વ મેનેજર) અને સુવર્ણાબેન દીક્ષિત (આઈ.પી.સી.એલ.ના નિવૃત્ત કર્મચારી) રહ્યા હતા. બંને કલાકારોએ સુરીલા કંઠે: ગુજરાતી અને હિન્દી ફિલ્મી ગીતો, લોકપ્રિય ભજનો, પરંપરાગત લોકગીતોની અદભુત પ્રસ્તુતિ કરી ઉપસ્થિત તમામ સભ્યોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ગીતોની રમઝટ એવી જામી કે વડીલ પરિવારના સભ્યો પણ પોતાની ઉંમર ભૂલીને આનંદિત થઈ નાચગાન કરવા લાગ્યા હતા. અંદાજે એકથી દોઢ કલાક ચાલેલા આ કાર્યક્રમે તમામ સંગીતપ્રેમીઓના દિલ જીતી લીધા હતા.

સંગીતના કાર્યક્રમ બાદ ચાલુ માસે જન્મોત્સવ અને લગ્નોત્સવ ધરાવતા સભ્યોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થા તરફથી કલાકાર દિવ્યકાન્તભાઈને ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલ દ્વારા અને સુવર્ણાબેનને કારોબારી સભ્ય જાગૃતિબેન દ્વારા સ્મૃતિચિહ્ન (મોમેન્ટો) આપીને સન્માનિત કરાયા હતા.

# જેતપુર એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં બીભત્સ ચેનચાળા કરતો શખ્સ ઝડપાયો

જેતપુર

જેતપુર શહેરમાં એસ.ટી. બસ સ્ટેન્ડ જેવા ભરચક વિસ્તારમાં જાહેરમાં અશ્લીલ અને બીભત્સ ચેનચાળા કરતા એક શખ્સને જેતપુર સીટી પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકભાઈ રામસીભાઈ ભીંભા તથા અન્ય પોલીસ સ્ટાફ ગત શનિવાર (તા. ૨૭/૦૬/૨૦૨૬) ના રોજ સાંજના સમયે પેટ્રોલીંગમાં હતા. સાંજે ૬:૦૦ વાગ્યાના અરસામાં તેઓ એસ.ટી. બસ સ્ટેન્ડ સામેના જાહેર રોડ પર પહોંચ્યા ત્યારે એક શખ્સ ત્યાં ઉભો હતો અને જાહેરમાં પોતાની જાતને જાણી જોઈને, નિર્લજ્જપણે અને કોઈપણ જાતની લાજ શરમ વગર ઈશારા કરતો જોવા મળ્યો હતો. જાહેર માર્ગ પર અશ્લીલ ચેનચાળા કરતા આ શખ્સને જોઈને પોલીસે તુરંત જ બે રાહદારી પંચોને બોલાવીને તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

# જેતપુરમાં 'સામે કેમ જોવે છે' કહીને યુવાન પર હુમલો : લોખંડનો પાઇપ ફટકારી જડબું તોડ્યું

### બીજી વાર તો આ રોડ પરથી નીકળવું છે ને? ફરિયાદ કરી તો મજા નહીં આવે': હુમલાખોરની પિતા-પુત્રને ધમકી

જેતપુર

જેતપુર શહેરમાં નજીવી બાબતે મારમારીના બનાવો સતત વધી રહ્યા છે. જેતપુરના ભોજાધાર વિસ્તારમાં મોટરસાયકલ પર જતા એક યુવાનને અટકાવીને 'તું મારી સામે કેમ જોવે છે અને હોર્ન કેમ વગાડે છે?' તેવું કહીને એક શખ્સે ગાળાગાળી કરી હતી. યુવાનના પિતા અને ભાઈ તેને બચાવવા આવતા, ઉશ્કેરાયેલા હુમલાખોરે લોખંડના પાઈપ વડે હુમલો કરી યુવાનનું જડબું તોડી નાખ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના અંગે જેતપુર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરમાં ભોજાધાર વિસ્તારમાં શિવ મંદિરની બાજુમાં રહેતા અને મજૂરી કામ કરતા સંજયગીરી હાકેમગીરી મેઘનાથી (ઉ.વ. ૪૮) નો સૌથી નાનો પુત્ર ભવિષ્ય (ઉ.વ. ૧૯) ગત તા. ૨૭/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે પોણા આઠેક વાગ્યાના સુમારે પોતાના મિત્રનું મોટરસાયકલ લઈને ઘરે પરત ફરી રહ્યો હતો. તે ભોજાધાર વિસ્તારમાં રોકડીયા હનુમાન મંદિરથી આગળ ટાવરના થાંભલા પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ત્યાં ઉભેલા મુન્નાભાઈ કાઠી (રહે. ચાંપરાજપુર, તા. જેતપુર) એ તેને રોક્યો હતો. મુન્નાભાઈ કાઠીએ ભવિષ્યને કહ્યું કે, 'તું કેમ મારી સામે જોવે છે અને દર વખતે અહીંથી નીકળે ત્યારે ગાડીના હોર્ન કેમ વગાડે છે?'. ભવિષ્યએ વળતો જવાબ આપ્યો કે, 'હું તમારી સામે જોઉં એમાં તમને શું વાંધો છે?' આ સાંભળીને મુન્નાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ભવિષ્યને જેમફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા. ડઘાઈ ગયેલા ભવિષ્યએ તેના પિતા સંજયગીરીને ફોન કરીને જાણ કરી હતી. સંજયગીરી અને તેમનો મોટો દીકરો વિશાલ તુરંત ત્યાં દોડી આવ્યા હતા. તેમણે મુન્નાભાઈને ગાળો બોલવાની ના પાડતા, મુન્નાભાઈએ ધમકી આપી કે, 'તમારો દીકરો અહીંથી નીકળે છે ત્યારે કાતર મારે છે, તેને કહી દો કે હવે અહીંથી નીકળે નહીં નહિતર મજા નહીં આવે.'

# જનતાના ટેક્સના અબજો રૂપિયા સ્વાહા? અમદાવાદ-રાજકોટ હાઈવેનું 6-લેન કામ કે મંત્રી-અધિકારીઓની 'ભ્રષ્ટાચારની ગંગોત્રી'?

### ડેડલાઈન પર ડેડલાઈન વટી ગઈ પણ ખાડા ખૂટતા નથી! માર્ગ અને મકાન વિભાગના 'લાટસાહેબો'ની મિલિભગત સામે જનતામાં પ્રચંડ આક્રોશ

અમદાવાદ

ગુજરાતની જીવાદોરી સમાન અને સૌરાષ્ટ્ર-મધ્ય ગુજરાતને જોડતા સૌથી વ્યસ્ત એવા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવેનું 6-લેનિંગ કામ હવે ભ્રષ્ટાચારનો જીવતો જાગતો નમૂનો બની ચૂક્યું છે. વર્ષો વીતી ગયા, કરોડો-અબજો રૂપિયાના બજેટ મંજૂર થઈ ગયા, છતાં હાઈવેનું કામ પૂરું થવાનું નામ નથી લેતું. સૂત્રો અને લોકચર્ચા મુજબ, માર્ગ અને મકાન મંત્રીથી લઈને વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને માનીતા કોન્ટ્રાક્ટરોની મિલિભગતના કારણે આ પ્રોજેક્ટ ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટો આર્થિક ભ્રષ્ટાચાર અને જનતાની આંખમાં ધૂળ નાખવાનો કારસો સાબિત થઈ રહ્યો છે.

આ હાઈવેના નિર્માણ માટે સરકારે અગાઉ અનેક ડેડલાઈન આપી હતી, જે બધી જ હવામાં ઓગળી ગઈ છે. ડાયવર્ઝનોના નામે રોડ પર એટલા ખાડા છે કે વાહનચાલકોની કમર ભાંગી જાય છે. રોજબરોજના અકસ્માતોમાં નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે.

સૌથી મોટો સવાલ એ છે કે: જ્યારે કરોડો રૂપિયા એડવાન્સ ચૂકવી દેવાય છે, તો કામ કેમ કાચબા ગતિએ ચાલે છે? શું અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે ટકાવારીની મલાઈ સેટ થઈ ગઈ છે એટલે કોઈ એક્શન લેવાતું નથી?

નબળી ગુણવત્તાના રોડ-રસ્તા મંજૂર કરનારા ક્વોલિટી કંટ્રોલના અધિકારીઓ આંખ આડા કાન કેમ કરી રહ્યા છે? લોકોમાં અત્યારે એ ચર્ચા જોરશોરથી ચાલી રહી છે કે આટલા મોટા પ્રોજેક્ટમાં જો આટલી બેદરકારી અને વિલંબ થતો હોય, તો માર્ગ અને મકાન મંત્રી કેમ મૌન છે?

# કાગળ પર વહી ગઈ નર્મદા..! : અમદાવાદ જિલ્લાના 18 ગામોમાં કરોડોનું 'પાણી કૌભાંડ'

### સમ્પ કોરા, લાઈનો ગાયબ છતાં 100% કામ પૂર્ણ બતાવી ભ્રષ્ટાચારીઓએ બિલ પણ પાસ કરી દીધા!

બાવળા/અમદાવાદ

ગુજરાતમાં ઘરે-ઘરે નર્મદાનું પાણી પહોંચાડવાના સરકારના દાવાઓની હવા કાઢતો એક ચોંકાવનારો અને ઘાતક ભ્રષ્ટાચારનો મામલો અમદાવાદ જિલ્લામાંથી સામે આવ્યો છે. સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી ફાઈલો ઉપર તો ૧૮ ગામના લોકો પાણી પી પણ ગયા, પરંતુ વાસ્તવમાં જમીની હકીકત એ છે કે આજે પણ હજારો લોકો પાણીના ટીપાં માટે વલખાં મારી રહ્યા છે. ૧૬ કરોડની આ પાણી પુરવઠા યોજનામાં મોટો ભ્રષ્ટાચાર આચરીને જનતાના ટેક્સના પૈસા સ્વાહા કરી દેવામાં આવ્યા છે.

ગુજરાત વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯માં મહેસાણાની વી.એચ. પટેલ એજન્સીને બાવળા, ધોળકા અને સાણંદ તાલુકાના ગામોમાં નર્મદાનું પાણી પહોંચાડવા માટે અંદાજિત ખર્ચ કરતાં ૬૦ લાખ ઊંચા ભાવે આ કામ સોંપાયું હતું. નિયમ મુજબ ૧૮ મહિનામાં પીવીસી લાઈન નાંખવા અને અન્ડરગ્રાઉન્ડ સમ્પ બનાવી જોડાણ આપવાનું હતું. એજન્સીએ કાગળ પર વર્ષ ૨૦૨૧માં કામ પૂર્ણ બતાવી ૧ લાખથી વધુની વસ્તીને પાણી મળી ગયું હોવાનો રિપોર્ટ પણ આપી દીધો! કૌભાંડ છૂપાવવા માટે પાઈપલાઈન નંખાઈ ન હોવા છતાં, ૧૦૦ ટકા ચેકિંગનો ખોટો રિમાર્ક આપીને સમારકામ અને મેન્ટેનન્સ પેટે ૮.૮૦ લાખ રૂપિયાનું બિલ પણ અધિકારીઓએ પાસ કરી દીધું! કાગળ પર આંકડા: સાણંદ, બાવળા અને ધોળકા તાલુકાની ૬૧,૨૪૩ વસ્તીને નર્મદાનું પાણી મળતું હોવાનો દાવો. ધોળકા (ખાત્રીપુર): જગ્યા નથી તેમ કહીને માત્ર ૪ નળ મૂકીને સંતોષ માની લીધો, પણ પાણીનું ટીપુંય આવતું નથી. સાણંદ તાલુકો: ગામોમાં મોટા-મોટા સમ્પ તો બનાવી દીધા, પણ તેમાં પાઈપલાઈનનું જોડાણ આપવાનું જ ભૂલી ગયા અથવા નાણાં ઓળવી ગયા!

સ્થિતિ: લાઈન નથી, પાણી નથી, સમ્પ કોરા ધાકોર છે અને ગ્રામ પંચાયતો આજે પણ બોર ચલાવીને ગમે તેમ કરીને લોકોને પાણી પૂરું પાડે છે.

એજન્સીને ૨ વર્ષની નિભાવણી (મેન્ટેનન્સ) સાથે કામ અપાયું હતું. બોર પર નિર્ભર ગામોમાં પાણી પહોંચી ગયાનું બતાવી ખોટા બિલ ઊભા કરાયા હતા. વર્ષ ૨૦૨૩માં આ ગામોને પાણી પહોંચી ગયાનું દર્શાવી રૂ. ૮૦ હજાર લેખે મેન્ટેનન્સના બિલ મૂકાયા હતા, જે કપાત બાદ રૂ. ૮.૮૦ લાખ ચૂકવી પણ દેવાયા. ટૂંકમાં, પ્રજા તરસ્યા મરે અને ભ્રષ્ટાચારીઓ સરકારી તિજોરી લૂંટતા રહે તેવો ઘાટ અહીં ઘડાયો છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ, બાવળા.



પાક્કો ગુજરાત

સોમવાર | 29 જૂન 2026 | અમદાવાદ

# CM ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો પ્રારંભ કરાવ્યો

## આરોગ્ય વિભાગે તમામ માતા-પિતાને અપીલ કરી છે કે તેઓ પોતાના 0થી 5 વર્ષના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી આ અભિયાનને સફળ બનાવે, જેથી રાજ્યને પોલિયોમુક્ત જાળવી રાખવાનો સંકલ્પ વધુ મજબૂત બની શકે



ગાંધીનગર

રાજ્યમાંથી બાળ લકવાનો સંપૂર્ણ નાબૂદ કરવાનો સંકલ્પ સાથે આજે રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો ગાંધીનગરથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી અભિયાનનો પ્રતિકાત્મક શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા સહિત આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષે રાજ્યના 0થી 5 વર્ષની વયના કુલ 83.49 લાખથી વધુ બાળકોને પોલિયો રસીના ટીપાં પીવડાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેના માટે સમગ્ર રાજ્યમાં 32,997 પોલિયો બુથ કાર્યરત કરવામાં આવ્યા છે. અભિયાનને સફળ બનાવવા માટે 6,599 સુપરવાઈઝર્સના માર્ગદર્શન હેઠળ કુલ 65,994 આરોગ્ય ટીમો કામગીરી કરશે.

રવિવાર, 28 જૂનને 'પોલિયો રવિવાર' તરીકે ઉજવી રાજ્યભરમાં બુથો પર બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ 29 અને 30 જૂને આરોગ્ય કર્મચારીઓ ઘર-ઘરે જઈને કોઈ બાળક પોલિયો રસીથી વંચિત ન રહી જાય તેની ખાતરી કરશે.

અભિયાનના પ્રારંભ પ્રસંગે ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ આશિષ દવે, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો, આરોગ્ય કમિશનર ડો. રતનકવર ગઢવી, બાળકોના માતા-પિતા તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય વિભાગે તમામ માતા-પિતાને અપીલ કરી છે કે તેઓ પોતાના 0થી 5 વર્ષના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી આ અભિયાનને સફળ બનાવે, જેથી રાજ્યને પોલિયોમુક્ત જાળવી રાખવાનો સંકલ્પ વધુ મજબૂત બની શકે.

# શિવશક્તિ રેસ્ટોરન્ટમાં નાસ્તો કર્યા બાદ 10 બાળકોની તબિયત લથડી..!

## સોમનાથમાં ફૂડ પોઈઝનિંગનો મોટો મામલો : રાજસ્થાની યાત્રાળુઓમાં ભારે ફફડાટ!

ગીર સોમનાથ/વેરાવળ

યાત્રાધામ સોમનાથમાંથી પ્રવાસીઓની સુરક્ષા અને આરોગ્ય સામે મોટા સવાલો ખડા કરતી એક ચિંતાજનક ઘટના સામે આવી છે. સોમનાથની મુલાકાતે આવેલા રાજસ્થાનના પ્રવાસી પરિવારના ૧૦ જેટલા માસૂમ બાળકોને ફૂડ પોઈઝનિંગ (ખોરાકી ઝેર) થતાં તેઓ ગંભીર રીતે બીમાર પડ્યા છે.

સોમનાથના હાટ બજાર વિસ્તારમાં આવેલી એક નામચીન રેસ્ટોરન્ટમાં નાસ્તો કર્યા બાદ આ ઘટના બની હોવાનું બહાર આવતા પ્રશાસનમાં દોડધામ મચી ગઈ છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, રાજસ્થાનથી સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવેલા યાત્રાળુઓના પરિવારે હાટ બજારમાં આવેલી 'શિવશક્તિ રેસ્ટોરન્ટ' માં નાસ્તો કર્યો હતો.

નાસ્તો કર્યાના થોડા જ સમયમાં એક પછી એક એમ ૧૦ જેટલા બાળકોને અચાનક ઉલટી, પેટમાં અસહ્ય દુખાવો અને ચક્કર આવવાની ગંભીર અસરો શરૂ થઈ ગઈ હતી. બાળકોની તબિયત એકાએક લથડતા પરિવારજનોમાં ભારે ચીસાચીસ અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

બાળકોની હાલત બગડતાં જ તેમને કોઈપણ પ્રકારની વિલંબ કર્યા વિના તાબડતોબ નજીકના સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે બાળકોની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં તમામ બાળકો તબીબોની દેખરેખ હેઠળ છે. બીજી તરફ, પવિત્ર યાત્રાધામમાં લાખો ભક્તો આવતા હોવા છતાં સ્થાનિક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તંત્ર દ્વારા આવી રેસ્ટોરન્ટ્સમાં ખાણી-પીણીની ગુણવત્તાનું સમયાંતરે ચેકિંગ કેમ કરવામાં આવતું નથી?

# 40 કરોડના તોડ માટે અમદાવાદના બે ભૂમાફિયાનું કારસ્તાન : નકલી દસ્તાવેજો બનાવીને જમીન વેચી મારી

## મળતીયાઓ સાથે મળીને દહેગામ તાલુકા જૂના પહાડીયા ગામ નકલી દસ્તાવેજો બનાવી વેચી માર્યું હતું

ગાંધીનગર

ગાંધીનગરના અમીયાપુર ગામની કરોડો રૂપિયાની કિંમતી જમીનને પચાવી પાડવા અથવા તો મોટો આર્થિક તોડ કરવાના ઈરાદે નકલી દસ્તાવેજો અને ખોટી પાવર ઓફ એટર્ની બનાવવાનું એક સનસનાટીભર્યું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. અમીયાપુર ગામની અંદાજે 11.79થી વધુ હેક્ટરની વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની જમીન પૈકી 5.89 હેક્ટર જમીન પર કબ્જો જમાવવા માલિકો પાસેથી રૂ.40 કરોડ વસૂલવા માટે અમદાવાદના મયુર હિરપરા અને ગૌરાંગ પટેલે ગુનાહિત કાવતરૂં રચ્યું હોવાની ફરિયાદ અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. વકીલે જમીનમાં ખોટા વાંધા ઊભા કરવાની અને જમીનને તકરારી બનાવી દેવાની ધમકી આપી હોવાનો ફરિયાદીનો આક્ષેપ છે. આ અંગે અડાલજ પોલીસ મથકના પીઆઇ એસ. જી. દેસાઈએ કહ્યું કે, આ જમીન કૌભાંડનો એક આરોપી મયુર હીરપરા વિરુદ્ધ અગાઉ પણ ગુનો નોંધાયેલો છે. જેણે મળતીયાઓ સાથે મળીને દહેગામ તાલુકા જૂના પહાડીયા ગામ નકલી દસ્તાવેજો બનાવી વેચી માર્યું હતું. જેની જેતે સમયે ધરપકડ પણ થઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાંધીનગર તાલુકાના અમીયાપુર ગામે લીંબચ ફાર્મ બંગ્લા નંબર 4માં રહેતા અને ખેતીકામ કરતા 63 વર્ષીય મહેશભાઈ કેશવલાલ છનાલાલ વાળંદ (પારેખ) એ અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આજથી આશરે બે મહિના પહેલાં મહેશભાઈના નાના ભાઈ સુરેશભાઈના વેવાઈ મહેંદ્રભાઈ રામભાઈ પારેખ (રહે. ચાંદખેડા) તેમના ઘરે આવ્યા હતા. એ વખતે મહેંદ્રભાઈએ જણાવ્યું કે, ચાંદખેડામાં ન્યુ સી.જી. રોડ પર મલબેરી હેબીટેટમાં ઓફિસ ધરાવતા વકીલ વિજેંદ્રસિંહ વાઘેલાએ તેમને માહિતી આપી છે કે, અમીયાપુરવાળી જમીનનો પાવર ઓફ એટર્નીના આધારે વેચાણ દસ્તાવેજ થઈ ગયો છે. જો આ બાબતે સેટલમેન્ટ નહિ કરો તો જમીનના 7-12ના રેકર્ડમાં આરોપીઓના નામ ચઢી જશે અને મોટો તોડ થશે.

આ બાબતની વધુ વિગત મેળવવા માટે ફરિયાદી મહેશભાઈ તેમના ભાઈ સુરેશભાઈ અને વેવાઈ મહેંદ્રભાઈ વકીલ વિજેંદ્રસિંહ વાઘેલાની ઓફિસે પહોંચ્યા હતા. ત્યાં વકીલે જમીનના ત્રણ વેચાણ દસ્તાવેજો બતાવ્યા હતા. આ દસ્તાવેજોમાં વેચાણ આપનાર તરીકે ફરિયાદીના કુલમુખત્યાર ગૌરાંગભાઈ ગીરીશભાઈ પટેલ (રહે. 72, કુલીન ટેનામેન્ટ, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ) અને વેચાણ લેનાર તરીકે મયુર હસમુખભાઈ હિરપરા (રહે. 79, કર્ણાવતી બંગ્લોઝ, સ્વામીનારાયણ પાર્ક સામે, વસ્ત્રાલ, અમદાવાદ)નું નામ હતું. આ ત્રણેય દસ્તાવેજો રૂ. 100 ના સ્ટેમ્પ પેપર પર બનેલી સ્પેશીયલ પાવર ઓફ એટર્નીના આધારે કરાયા હતા.

# નશાના કારોબાર પર ઊંઝા પોલીસનો પ્રહાર : 1 કિલોથી વધુના ગાંજાના જથ્થા સાથે એક આરોપી ઝબ્બે

ઊંઝા/મહેસાણા

મહેસાણા જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા નશાના વેપારીઓ અને ડ્રગ્સ માફિયાઓ સામે ચલાવવામાં આવી રહેલી કડક ઝુંબેશ અંતર્ગત ઊંઝા પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. ઊંઝા પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે પૂરતી તકેદારી રાખીને વિસ્તારમાંથી ગેરકાયદેસર વનસ્પતિજન્ય માદક પદાર્થ (ગાંજો) ના મોટા જથ્થા સાથે એક આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

મળતી વિગતો મુજબ, ઊંઝા પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ નશાના કારોબાર અંગેની ખાનગી બાતમી મળી હતી. જેના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવીને શંકાસ્પદ શખ્સને આંતર્યો હતો. તેની ઝડતી લેતા તેની પાસેથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પકડેલા આ માદક પદાર્થનું કુલ વજન ૧૧૧૦ ગ્રામ (૧ કિલો અને ૧૧૦ ગ્રામ) થાય છે, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૫૦,૫૫૦/- આંકવામાં આવી છે. ઊંઝા પોલીસે આ મામલે પકડાયેલા આરોપી વિરૂદ્ધ NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ) એક્ટ હેઠળ ગુનો નોંધીને તેની સત્તાવાર અટકાયત કરી લીધી છે.

# ઊંઝા પોલીસની વીજળીક કામગીરી : કરોડો/લાખોના કેબલ વાયર ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

ઊંઝા/મહેસાણા

મહેસાણા જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઊંઝા પોલીસ સ્ટેશનની ટીમે કાયદો અને વ્યવસ્થા જાળવવાની દિશામાં વધુ એક પ્રશંસનીય અને મોટી સફળતા હાસિલ કરી છે. ઊંઝા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તાજેતરમાં જ થયેલી કિંમતી કેબલ વાયરની ચોરીના ગુનાનો પોલીસે ગણતરીના કલાકોમાં જ પર્દાફાશ કરી દીધો છે.

પોલીસે ત્વરિત એક્શન લઈને ચોરીમાં ગયેલા તમામ મુદ્દામાલ સાથે રીઢા આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ઊંઝા વિસ્તારમાંથી કેબલ વાયર ચોરી અંગેની ફરિયાદ નોંધાતા જ ઊંઝા પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી. પોલીસ ઈન્સ્પેક્ટરની આગેવાનીમાં અલગ-અલગ ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. પોલીસે ટેકનિકલ સોર્સ, આસપાસના સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી શંકાસ્પદ હિલચાલ પર નજર રાખી હતી. પોલીસની સઘન વોચ અને સચોટ આયોજનના કારણે ચોરી કરનારી આખી ટોળકી પોલીસના




સકંજામાં આવી ગઈ હતી.

સામાન્ય રીતે ચોરીના કેસમાં મુદ્દામાલ ઓગળી જતો હોય છે અથવા વેચાઈ જતો હોય છે, પરંતુ ઊંઝા પોલીસે એટલી ઝડપથી ઓપરેશન પાર પાડ્યું કે ચોર ટોળકીને માલ સગેવગે કરવાનો મોકો જ ન મળ્યો. પોલીસે આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી ચોરીમાં ગયેલો તમામ કેબલ વાયરનો જથ્થો અકબંધ હાલતમાં જપ્ત કરી લીધો છે. આ સાથે જ ચોરીના ગુનામાં વપરાયેલા સાધનો કે વાહનો અંગે પણ પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ચોરીની ઘટના બન્યાના ગણતરીના કલાકોમાં જ કેસ ઉકેલી નાખતા ઊંઝા પોલીસની આ ક્ષમતા અને વીજળીક ઝડપની સમગ્ર મહેસાણા જિલ્લામાં પ્રશંસા થઈ રહી છે. આ સફળ કામગીરી બદલ સોશિયલ મીડિયા પર ગુજરાત પોલીસ અને ગાંધીનગર રેન્જ આઈજી સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ ઊંઝા પોલીસની પીઠ થાબડવામાં આવી છે. પોલીસે પકડાયેલા આરોપીઓનો હિસ્ટ્રીશીટ ગ્રાફ તપાસવા અને આ ચોરી પાછળ અન્ય કોઈ મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે કે કેમ તે દિશામાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

**નેતાઓ અને ભ્રષ્ટ તંત્ર સામે પાક્કો ગુજરાત ન્યૂઝના આકરા સવાલો!**

# લો ફરી તૂટ્યો પુલ! રાજકોટમાં બ્રિજમાં ગાબડાં પડતાં જનતાનો પ્રચંડ આક્રોશ : '30 વર્ષથી રસ્તા કેમ નથી બનતા?'

રાજકોટ/હિંમતનગર

ગુજરાતમાં સ્માર્ટ સિટી અને વિકાસની મોટી-મોટી ગુલબાંગો વચ્ચે ભ્રષ્ટાચારના ગાબડાં ફરી એકવાર સપાટી પર આવ્યા છે. રાજકોટમાં ફરી એકવાર કરોડોના ખર્ચે બનેલા પુલમાં ગાબડાં પડવાના અહેવાલોથી સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. બ્રિજ ઉદ્ઘાટન પહેલાં કે લોકાર્પણના ગણતરીના દિવસોમાં જ કેમ તૂટી જાય છે? આ સવાલ આજે ગુજરાતની જનતા શાસક પક્ષ અને તંત્રને ભરી બજારે પૂછી રહી છે. જનતાનો આક્રોશ એટલો પ્રચંડ છે કે હવે સીધા મુખ્યમંત્રીથી લઈને સ્થાનિક ધારાસભ્યો સુધી સવાલોના તીર છોડવામાં આવી રહ્યા છે. રાજકોટની આ ઘટનાએ વિરોધ અને જનતાના આક્રોશને ચરમસીમાએ પહોંચાડી દીધો છે. સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ પર લોકો પૂછી રહ્યા છે કે, અંગ્રેજોના શાસનકાળમાં અને વર્ષો પહેલાં બનેલા રસ્તાઓ અને બ્રિજ આજે પણ અડીખમ ઊભા છે, તો પછી અત્યારની હાઈટેક ટેકનોલોજીના જમાનામાં બનતા પુલ ચોમાસાનો પહેલો વરસાદ પણ કેમ સહન કરી શકતા નથી? જનતાનો સીધો આક્ષેપ છે કે રોડ અને બ્રિજના કામોમાં અંદાજે ૬૦ ટકા જેટલા સરકારી પૈસા ભ્રષ્ટાચારની ભેટ ચડી જાય છે, જેના કારણે માત્ર લોટ-પાણીને કાળી ટીલી જેવું નબળું બાંધકામ પ્રજાના માથે મારી દેવાય છે. આક્રોશ માત્ર રાજકોટ પૂરતો સીમિત નથી. ઉત્તર ગુજરાતના હિંમતનગરથી ચિલોડા સુધીનો રસ્તો છેલ્લા ૩૦ વર્ષથી સરખો થવાનું નામ નથી લેતો. કરોડો રૂપિયાના અંધાધૂંધ બજેટ ફાળવ્યા પછી પણ આ હાઈવે બિસ્માર હાલતમાં જ રહે છે. સ્થાનિક નાગરિકો અત્યંત આક્રમક મૂડમાં પૂછી રહ્યા છે કે, 'હિંમતનગર અને પ્રાંતિજના ધારાસભ્યો જનતાના ટેક્સના પૈસામાંથી શા માટે પગાર લો છો? જો જનતાને સારા રસ્તા પણ ન આપી શકતા હોય તો તમારી સત્તા શેના માટે?'

પાક્કો ગુજરાત ન્યૂઝના શાસકોને તીખા સવાલો:

૧. ગૃહમંત્રી, કાયદામંત્રી અને માર્ગ-મકાન મંત્રીશ્રી: આપનું ધ્યાન ક્યાં છે? જનતાના કરોડો રૂપિયા પાણીમાં હોમાય છે છતાં ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો જેલના સળિયા પાછળ કેમ નથી જતા?

૨. માનનીય મુખ્યમંત્રીશ્રી: ભણેલા-ગણેલા અને એસી કેબિનોમાં બેસતા અધિકારીઓ વારંવાર નેતાઓને 'ભણાવી' કેમ જાય છે? નેતાઓ કેમ આ ભ્રષ્ટ બાબુઓ સામે લાચાર દેખાય છે?

૩. શું આ સડેલી વ્યવસ્થા પાછળ કોઈનો 'નિજી સ્વાર્થ' છુપાયેલો છે કે પછી જનતાના જીવની કોઈ કિંમત જ નથી?

વારંવાર તૂટતા પુલ અને બિસ્માર રસ્તાઓ હવે માત્ર વહીવટી નિષ્ફળતા નથી, પણ પ્રજાના જીવ સાથે રમાતી ખુલ્લી રમત છે. હવે જોવાનું એ રહેશે કે આ પ્રચંડ જનઆક્રોશ પછી પણ સરકારના કાન ઉઘડે છે કે પછી દર વખતની જેમ તપાસના નામે લીપાપોતી કરીને મામલો દબાવી દેવામાં આવશે!

**દેશભરમાં પ્રદૂષણ ઘટાડવા અને ક્રૂડ ઓઇલની આયાત ઓછી કરવા માટે**

# પેટ્રોલમાં 20% ઇથેનોલનું બ્લેન્ડિંગ : E20 વાહનવાળા મોજમાં, પણ જૂના વાહનોના એન્જિન માટે 'ધીમું ઝેર'?

અમદાવાદ/ગુજરાત

દેશભરમાં પ્રદૂષણ ઘટાડવા અને ક્રૂડ ઓઈલની આયાત ઓછી કરવા માટે સરકારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત કરવાનું (E20 Fuel) ફરજિયાત બનાવ્યું છે. પેટ્રોલ પંપ પર હવે આ જ બળતણ મળી રહ્યું છે. પરંતુ, આ નિર્ણયે વાહનચાલકોને બે ભાગમાં વહેંચી દીધા છે. એક તરફ એવા લોકો છે જેમણે વર્ષ ૨૦૨૩ પછી ખાસ E20 એન્જિનવાળા વાહનો ખરીદ્યા છે, અને બીજી તરફ એવા કરોડો લોકો છે જેમની પાસે ૨૦૨૩ પહેલાના જૂના વાહનો છે.

હવે સવાલ એ થાય છે કે, ફરજિયાત ૨૦% ઈથેનોલવાળા પેટ્રોલથી આ બંને પ્રકારના વાહનોના પરફોર્મન્સ પર શું જોરદાર અને ઘાતક ફરક પડી રહ્યો છે? આવો કરીએ દૂધનું દૂધ અને પાણીનું પાણી.

E20 કમ્પ્લાયન્ટ વાહનો (૨૦૨૩ પછીના વાહનો) પર અસર: 'નો ટેન્શન, સ્મૂધ રાઈડ'




જેમની પાસે કંપનીમાંથી જ E20 પ્રમાણિત થઈને આવેલા નવા વાહનો છે, તેમને કોઈ મોટી ચિંતા નથી. આ વાહનોના એન્જિન, પાઈપલાઈન અને ફ્યુઅલ ઈન્જેક્શન સિસ્ટમને ૨૦% ઈથેનોલ સહન કરવા માટે જ ખાસ ડિઝાઈન કરવામાં આવ્યા છે.

પરફોર્મન્સ: આ વાહનોના પરફોર્મન્સ કે પિકઅપમાં કોઈ મોટો ઘટાડો જોવા મળતો નથી. એન્જિન સ્મૂધ ચાલે છે.

માઈલેજ પર સામાન્ય અસર: ઈથેનોલની ઉર્જા ક્ષમતા (Energy Density) શુદ્ધ પેટ્રોલ કરતાં ઓછી હોવાને કારણે, આ વાહનોમાં પણ માઈલેજમાં અંદાજે ૫ થી ૭ ટકાનો સામાન્ય ઘટાડો નોંધાઈ શકે છે, પરંતુ એન્જિન સુરક્ષિત રહે છે.

જે વાહનચાલકો પાસે ૨૦૨૩ પહેલાના સામાન્ય એન્જિનવાળા વાહનો છે, તેમના માટે આ ૨૦% ઈથેનોલવાળું પેટ્રોલ લાંબે ગાળે ભારે નુકસાન અને મોટો આર્થિક ફટકો સાબિત થઈ રહ્યું છે. તેનાથી પરફોર્મન્સ પર નીચે મુજબની ઘાતક અસરો દેખાઈ રહી છે:

એન્જિનના પાર્ટ્સ ખવાઈ જવા (Corrosion): ઈથેનોલ સ્વભાવે એસિડિક હોય છે અને તે ભેજ (પાણી) ને જલ્દી સોષે છે. જૂના વાહનોની ફ્યુઅલ લાઈન, રબરની પાઈપો, પ્લાસ્ટિકના પાર્ટ્સ અને કાર્બ્યુરેટર કે એન્જિનના આંતરિક ભાગો આ કેમિકલ સહન કરવા સક્ષમ નથી હોતા, જેથી તે ધીમે-ધીમે કટાવા કે ઓગળવા લાગે છે.

# કોસ્ટ ગાર્ડે રાઈફલથી પોતાની જાત પર ગોળી ચલાવી : સ્થિતિ નાજુક હોવાથી જવાન કે.ડી હોસ્પિટલ રીફર કરાયું

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-1માં આવેલા ગાયત્રી મંદિર પાસે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ઓફિસર્સ મેસમાં રવિવારે(28 જૂન) સવારે 43 વર્ષીય કોસ્ટ ગાર્ડે અગમ્ય કારણોસર રાઈફલ વડે પોતાને ગોળી મારી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. ગોળીબારનો અવાજ સાંભળીને આસપાસના સ્ટાફ અને સુરક્ષાકર્મીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં જવાનને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે તેમને અમદાવાદની કે.ડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે પોલીસના આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું કે, આ જવાનને ઓફિસ તરફથી કોઈ ત્રાસ નહીં હોવાનું પણ જાણવા મળ્યું છે. આ જવાનની પત્ની પણ બનાવના પગલે બેભાન હાલતમાં છે. પ્રાથમિક રીતે ઘર કંકાસ હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં જાણવા જોગ નોંધ કરીને વધુ તપાસ ચાલી રહી



છે. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર આત્મહત્યાનો પ્રયાસ કરનાર જવાન ની ઓળખ 43 વર્ષીય હસમુખભાઈ ચતુરભા ઈ પ્રજાપતિ તરીકે થઈ છે, જેઓ ગાંધીન ગર નજીક આવેલા લેકાવાડા ગામના વતની છે. હસમુખભાઈ સેક્ટર-1 ગાયત્રી મંદિર પાસે આવેલી કોસ્ટ ગાર્ડની ઓફિસ ખાતે સુરક્ષા વ્યવસ્થામાં તહેનાત હતા.

મોરબીના જેતપર ગામે ખેડૂતો આરપારના મૂડમાં

# વીજથાંભલાના વિરોધમાં ઉપવાસના 10 દિવસ, અન્નદાતાની તબિયત લથડી છતાં જંગ ચાલુ, મહિલાઓએ પણ કમર કસી!

મોરબી/જેતપર

મોરબીના જેતપર ગામે પોતાની કિંમતી જમીન અને હક માટે ખેડૂતોએ આદરેલું આંદોલન હવે અત્યંત ઉગ્ર અને સંવેદનશીલ વળાંક પર આવી પહોંચ્યું છે. ખેતરોમાં ગેરકાયદેસર રીતે નંખાઈ રહેલા વીજથાંભલા (વીજપોલ) ના વિરોધમાં જેતપરના ધરતીપુત્રો છેલ્લા ૧૦-૧૦ દિવસથી આમરણાંત ઉપવાસ પર બેઠા છે. તંત્રની ઘોર ઉપેક્ષા અને કઠોર વલણ સામે અન્નદાતા હવે જીવના જોખમે પણ લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે.

ભીષણ ગરમી અને અસહ્ય પરિસ્થિતિ વચ્ચે સતત ૧૦ દિવસથી ભૂખ્યા-તરસ્યા બેઠેલા કેટલાક આંદોલનકારી ખેડૂતોની તબિયત હવે નાજુક બની રહી છે. કેટલાક ખેડૂતોના શરીરમાં



નબળાઈ આવી ગઈ છે અને તબીબી સારવારની જરૂર ઊભી થઈ છે, તેમ છતાં ન્યાય ન મળે ત્યાં સુધી ઉપવાસના પારણાં ન કરવા માટે તેઓ મક્કમ અને કટિબદ્ધ છે. ખેડૂતોના આ મક્કમ મનોબળે વહીવટી તંત્રના શ્વાસ અધ્ધર કરી દીધા છે. આ આંદોલનની સૌથી મોટી અને જોરદાર વાત એ છે કે હવે ખેડૂતોની પડખે મોટી સંખ્યામાં ગ્રામીણ મહિલાઓ પણ મેદાને જંગમાં ઉતરી આવી છે. ઘરનું કામકાજ છોડીને માતાઓ-બહેનો પણ આ વિરોધપ્રદર્શનમાં સક્રિયપણે ભાગ લઈ રહી છે અને સરકાર સામે સૂત્રોચ્ચાર કરીને પોતાનો આક્રોશ ઠાલવી રહી છે. મહિલાઓની એન્ટ્રીથી આ ખેડૂત આંદોલન વધુ મજબૂત અને વ્યાપક બન્યું છે.

જેતપર ગામે હાલમાં સ્થિતિ ભારેલા અગ્નિ જેવી અને અત્યંત તંગ છે. ગામ આખું પોતાના ખેડૂત ભાઈઓના સમર્થનમાં આવી ગયું છે. સરકાર અને વીજ કંપનીના અધિકારીઓ હજુ પણ મૌન સાધીને બેઠા છે, જેને કારણે ખેડૂતોમાં ગમે ત્યારે મોટો જનઆક્રોશ ફાટી નીકળે તેવી પૂરેપૂરી શક્યતા છે. જુઓ આ એક્સક્લુઝિવ તસવીરોમાં, કેવી રીતે ન્યાયની આશામાં અન્નદાતા રસ્તા પર બેસીને આકરી લડત આપી રહ્યો છે!

**શું તંત્ર પ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું?**

# કલોલના ખાત્રજ અને ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં લાલ બાટલાનું જાહેરમાં ગેરકાયદે વેચાણ...!

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખાત્રજ તેમજ મોટી ભોયણ અને આસપાસમાં આવેલા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કરિયાણાની દુકાને તેમજ પાર્લરો સહિતની દુકાનો ઉપર લાલ બાટલા નું ખુલ્લેઆમ ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે તેમ છતાં તંત્ર પ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું છે. તેના પગલે તંત્રની પણ મિલીભગત હોવાની ચર્ચા એ જોડ પકડ્યું છે.

મોટા બાટલાઓમાંથી નાના બાટલામાં ગેસ ભરવામાં આવે છે અને તેનું વેચાણ કરવામાં આવે છે ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તો જવાબદારી કોની તેવા પણ પ્રશ્નો ઊભા થયા છે.

આ સંદર્ભે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કલોલ તાલુકાના ખાત્રજ સહિતના આસપાસના ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં સરકાર દ્વારા અપાતા સબસીડી વાળા ગેસના બાટલા નું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. પુરવઠા તંત્રની મિલી ભગત




હોવાની ચર્ચા એ પણ જોડ પકડ્યું છે. મોટા બાટલાઓમાંથી નાના બાટલાઓમાં ગેસ ભરવામાં આવી રહ્યો છે. અને ગેરકાયદેસર રીતે તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

અહીં આવેલ શાકભાજીની દુકાનો તેમજ પાર્લરો અને કરિયાણાની દુકાને ગેસના બાટલા ખુલ્લેઆમ મળી રહ્યા છે. તેમ છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જેના પગલે પુરવઠા ખાતાની પણ મિલીભગત હોવાની શક્યતાઓ તે જોર પકડ્યું છે.

## તંત્રી લેખ...

# લગ્નથી કેમ દૂર ભાગે છે આધુનિક નવી પેઢી? મેરેજમાં 'મોજ' ને બદલે જિંદગી 'મોત' ના કૂવા સુધી કેમ પહોંચી જાય છે?

એક સમય હતો જ્યારે ભારતીય સંસ્કૃતિમાં 'લગ્ન' ને સાત જન્મોનો પવિત્ર બંધન અને જીવનનો સૌથી મોટો ઉત્સવ માનવામાં આવતો હતો. પણ આજે ૨૦૨૬ ના આધુનિક યુગમાં ચિત્ર સાવ બદલાઈ ગયું છે. આજની ભણેલી-ગણેલી અને કમાતી નવી પેઢી લગ્નના નામથી જ દૂર ભાગી રહી છે. એટલું જ નહીં, જેઓ લગ્નના પવિત્ર બંધનમાં બંધાય છે, તેમાંથી ઘણા કિસ્સાઓમાં લગ્નજીવન 'મોજ' બનવાને બદલે છેક 'મોત' સુધી (ડિવોર્સ, ડિપ્રેશન કે આત્મહત્યા) પહોંચી જાય છે. ફેમિલી



કોર્ટમાં છૂટાછેડાના કેસોના જે રીતે ઢગલા થઈ રહ્યા છે, તે જોઈને ધ્રુજી જવાય છે.

આખરે એવું તે શું બદલાયું કે નવી પેઢી માટે મેરેજ એક 'દુ:સ્વપ્ન' બની ગયા છે? સાંભળો, અસંખ્ય કારણોમાંનું સૌથી મહત્વનું અને વાસ્તવિક કારણ!

૧. 'હું' અને 'મારું' - અહંકાર (Ego) નો અંધાધૂંધ ટકરાવ

આજના સાયબર યુગમાં છોકરો હોય કે છોકરી, બંને આર્થિક રીતે આત્મનિર્ભર છે. બંને પાસે મોટી ડીગ્રીઓ છે અને લાખોના પેકેજ છે. આ આત્મનિર્ભરતા સારી બાબત છે, પણ તેની સાથે જે 'ઈગો' (અહંકાર) આવે છે, તે સંબંધોને ઉધઈની જેમ કોતરી ખાય છે.

પહેલાના સમયમાં સંબંધો સાચવવા માટે 'જતું કરવાની' ભાવના હતી, જ્યારે આજની પેઢીનો સીધો નિયોન સાઈન છે: 'હું કેમ નમતું જોખું?' નાના-નાના મતભેદોમાં પણ કોઈ નમવા તૈયાર નથી હોતું. આ અહંકાર જ્યારે બેડરૂમથી લઈને રસોડા સુધી પહોંચે છે, ત્યારે ઘર જેલ બની જાય છે.

૨. સોશિયલ મીડિયાની 'રીલ્સ' વાળી નકલી દુનિયા અને અવાસ્તવિક અપેક્ષાઓ

નવી પેઢી ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યૂટ્યૂબ પર કપલ્સની શાનદાર રીલ્સ અને ફોટા જોઈને પોતાના પાર્ટનરની સરખામણી કરવા લાગે છે. સોશિયલ મીડિયા પર દેખાતી 'પરફેક્ટ લાઈફ' વાસ્તવમાં હોતી જ નથી!

લોકો દેખાડો કરવા માટે મોંઘી ટ્રીપ પર જાય છે, પણ વાસ્તવિક જિંદગીમાં જ્યારે ઈએમઆઈ (EMI), ઘરના કામ, અને રોજિંદી જવાબદારીઓ સામે આવે છે, ત્યારે રોમાન્સ હવામાં ઓગળી જાય છે.

અપેક્ષાઓનો આ પહાડ જ્યારે તૂટે છે, ત્યારે માણસ ભયંકર ડિપ્રેશનમાં સરી પડે છે.

૩. પર્સનલ સ્પેસ (Personal Space) ના નામે ભારે એકલતા

આજની પેઢીને પોતાના જીવનમાં કોઈની 'દખલગીરી' ગમતી નથી. પતિ કે પત્ની એકબીજાના ફોન ચેક કરે તો મોટો ઝઘડો થઈ જાય છે. 'મારું લાઈફસ્ટાઈલ, મારા મિત્રો, મારો ટાઈમ' ના ચક્કરમાં પરસ્પરનો વિશ્વાસ ગાયબ થઈ રહ્યો છે. સંયુક્ત પરિવારો તૂટ્યા અને ન્યુક્લિયર ફેમિલી થઈ, જેના કારણે લગ્નજીવનના તણાવમાં સાચો રસ્તો બતાવનાર કોઈ વડીલ ઘરમાં રહ્યા નથી. પરિણામે, નાની વાતમાં વાત વણસી જાય છે.

મોજથી મોત સુધીની સફર: કેમ આવે છે આત્મહત્યાના વિચારો?

જ્યારે લાખો રૂપિયા ખર્ચીને થયેલા ભવ્ય લગ્ન માત્ર થોડા જ મહિનામાં નરક સમાન બની જાય, ત્યારે નવી પેઢી માનસિક સંતુલન ગુમાવી બેસે છે. સામાજિક આબરૂ જવાનો ડર, કોર્ટ-કચેરીના ધક્કા, પોલીસ કેસોની ધમકીઓ અને પાર્ટનર તરફથી મળતું માનસિક ટોર્ચર માણસને એટલી હદે તોડી નાખે છે કે તેને જિંદગી ટૂંકાવી દેવી વધુ સહેલી લાગે છે. જે લગ્ન મંડપમાં શરણાઈઓ વાગતી હતી, ત્યાંથી થોડા જ સમયમાં સ્મશાનયાત્રા નીકળવાના કિસ્સાઓ વધી રહ્યા છે.

'પાક્કો ગુજરાત' નો આખરી સૂર: સમયસર ચેતી જાવ!

જો નવી પેઢી લગ્નને માત્ર શારીરિક આકર્ષણ, ફરવા-હરવાનું સાધન કે સોશિયલ મીડિયા પર ફોટા મૂકવાનો બિઝનેસ સમજશે, તો વિનાશ નક્કી છે. લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેનું કમિટેડ એડજસ્ટમેન્ટ છે. જ્યાં સુધી સંબંધોમાં સહનશીલતા, આદર અને એકબીજાને સ્પેસ આપવાની સાથે 'જતું કરવાની' દાનત નહીં હોય, ત્યાં સુધી સુખી લગ્નજીવન એક સપનું જ રહેશે.

નવી પેઢીએ સમજવું પડશે કે બ્રાન્ડેડ કપડાં અને મોંઘી ગાડીઓથી ઘર નથી ચાલતા, ઘર ચાલે છે પરસ્પરના વિશ્વાસ અને પ્રેમથી!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દરેક વ્યક્તિ વીઆઈપી (VIP) ન હોઈ શકે, અમુક લોકોને જનરલ વોર્ડમાં જ રાખવા પડે

## લોકોના કિરદાર બદલવાની કોશિશ ન કરો, બસ તમારા હૃદયનું લિસ્ટ અપડેટ કરી નાખો

અપેક્ષાઓનું ગળું દબાવો, સંબંધો આપોઆપ શ્વાસ લેશે

આપણે એવા આધુનિક યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં લોકો પોતાના ઘરના દરવાજે તો 'Welcome' નું બોર્ડ મારે છે, પણ હૃદયના દરવાજા એટલા સસ્તા અને ખુલ્લા કરી દે છે કે ગમે તે વ્યક્તિ આવીને આપણી લાગણીઓ, ગરિમા અને માનસિક શાંતિ સાથે રમી જાય છે. કોઈના બે મીઠા શબ્દો કે ઉપરછલ્લો વ્યવહાર જોઈને આપણે તેને જીવથી વધુ વ્હાલ કરવા લાગી જઈએ છીએ, અને પછી એ જ વ્યક્તિ જ્યારે પોતાના અસલી રંગ બતાવે ત્યારે આપણું હૃદય અને ભરોસો બંને એકસાથે તૂટી જાય છે.

માનવ સ્વભાવની આ એક મોટી વિડંબના છે કે આપણે જેવા છીએ તેવા સ્વીકારાવું ગમે છે, પણ આપણે સામેવાળી વ્યક્તિને આપણી ઈચ્છા મુજબ બદલવા માંગીએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે દરેક વ્યક્તિ પોતાના સંસ્કારો, ઉછેર અને અનુભવોનું પરિણામ છે. કોઈને બદલવાનો પ્રયત્ન કરવો એટલે પથ્થર પર પાણી રેડવું. સંબંધોના આ ભ્રમ, મોહ અને તણાવમાંથી બહાર નીકળવાનો એક જ સીધો, સચોટ અને ધારદાર નિયમ છે દરેક માણસને હૃદયમાં સ્થાન ન અપાય આ કોઈ નકારાત્મકતા નથી, પણ પોતાની જાતને માનસિક રીતે અખંડ રાખવા માટેની એક અનિવાર્ય 'ઈમોશનલ સર્જરી' છે.

બદલવાનો આગ્રહ છોડો, જગ્યા નક્કી કરવાનો નિર્ણય લો જ્યારે તમે કોઈ વ્યક્તિને તેની ખામીઓ અને ખૂબીઓ



સાથે સ્વીકારી લો છો, ત્યારે તમારા મનમાંથી અપેક્ષાઓનો નકામો બોજ હળવો થઈ જાય છે. વ્યક્તિને બદલવાની જીદ હંમેશા ઘર્ષણ અને નિરાશા જ જન્માવે છે. સ્વીકાર એ કોઈ શરણાગતિ નથી, પણ એક એવી મેચ્યોરિટી (પરિપક્વતા) છે જે તમને સામેની વ્યક્તિ સાથે વ્યવહાર કરવાની સાચી દિશા આપે છે.

હૃદયને ધર્મશાળા ન બનાવો , જ્યાં ગમે તે વ્યક્તિ આવે , પોતાના નકારાત્મક વિચારોનો કચરો ફેંકે અને જતી રહે છે. જ્યારે તમે કોઈ નકારાત્મક, ઈર્ષાળુ, કે સ્વાર્થી વ્યક્તિને તમારા જીવનના કેન્દ્રમાં (VIP સ્થાન) રાખો છો, ત્યારે તમે તમારી ખુશીઓની ચાવી તેના હાથમાં સોંપી દો છો. માણસનો મૂળભૂત સ્વભાવ ક્યારેય બદલાતો નથી. લીમડાના ઝાડને ગમે એટલું પવિત્ર દૂધ પાઓ, તોય તેની કડવાશ ક્યારેય ઓછી નથી થવાની. માટે, સામેવાળી વ્યક્તિને 'રીપેર' કરવાનો કે સુધારવાનો કોન્ટ્રેક્ટ આપણે લીધો નથી એ સત્ય સ્વીકારી લો. એ જેવા છે એવા જ રહેશે, બસ તમારે બુદ્ધિપૂર્વક નક્કી કરવાનું છે કે તમારી લાઈફમાં એમને કઈ જગ્યા આપવી.

તમે ગુલાબના છોડ પાસે એવી અપેક્ષા ન રાખી શકો કે તે કાંટા ઉગાડવાનું બંધ કરી દે. એ તેનો સ્વભાવ છે. સ્વીકારી લો કે તેમાં કાંટા છે જ. હવે તમારે નક્કી કરવાનું છે કે તમારે તેનાથી કેટલા અંતરે ઊભા રહીને માત્ર સુગંધ લેવી અથવા તેને કઈ રીતે પકડવું જેથી કાંટો ન વાગે.

આપણા ફોનમાં સેંકડો કોન્ટેક્ટ્સ સેવ હોય છે, પણ 'સ્પીડ ડાયલ' માં માત્ર ૪-૫ જ ખાસ નામ હોય છે. બાકીના ઘણા એવા વાયરસ જેવા હોય છે જેનાથી ફોન હેંગ થતો હોય, એટલે આપણે તેમને તુરંત ડિલીટ કે બ્લોક કરીએ છીએ. જ્યારે આપણે એક નિર્જીવ ગેજેટને સાફ રાખવા માટે આટલા 'ફિલ્ટર' નો ઉપયોગ કરીએ છીએ, તો પછી આ કિંમતી જીવનને નકામા લોકોથી હેંગ કેમ થવા દઈએ? અમુક સંબંધોને પરાણે રીચાર્જ કરવાનું બંધ કરો, જીવનનું નેટવર્ક આપોઆપ સુધરી જશે.

ટ્રેનના જનરલ ડબ્બામાં કે વોર્ડમાં મુસાફરી કરનારા અજાણ્યા લોકો સાથે આપણે માત્ર એટલો જ સંબંધ રાખીએ છીએ કે 'ભાઈ, થોડી જગ્યા આપજો' અથવા 'કયું સ્ટેશન આવ્યું?'. સ્ટેશન આવતાં જ એ મુસાફરો પોતપોતાના રસ્તે નીકળી જાય છે. જીવનમાં અમુક નકારાત્મક સહકર્મચારીઓ, નકામી કૂથલી કરતા સંબંધીઓ કે સમય પાસ કરતા મિત્રોને આ જનરલ ડબ્બાના મુસાફર જ ગણો. તેમની સાથે માત્ર ઔપચારિક વહેવાર રાખવોબસ, 'કેમ છો, મજામાં?' પૂરતું જ. તેમને તમારા હૃદયના 'ફર્સ્ટ ક્લાસ એસી' માં બેસાડવાની ભૂલ ક્યારેય ન કરો.

લોકોના કિરદાર બદલવાની કોશિશ ન કરો, બસ તમારા હૃદયનું લિસ્ટ અપડેટ કરી નાખો.

જીવન ખૂબ ટૂંકું છે અને આપણી માનસિક ઉર્જા અત્યંત મર્યાદિત છે. આજે જ શાંતિથી બેસીને આત્મચિંતન કરવાની જરૂર છે કે તમે કોને કોને લાયકાત વગર હૃદયનો 'VIP પાસ' આપીને બેઠા છો? જે તમારી કિંમત નથી સમજતા, જેમના હોવાથી તમારા મનમાં ઉદ્વેગ, ક્લેશ અને અશાંતિ પેદા થાય છે, તેમને આજથી જ 'જનરલ વોર્ડ' ભેગા કરી દો. સોશિયલ મીડિયાની ભાષામાં સમજીએ તો, દરેક વ્યક્તિ 'Close Friend' ની યાદીમાં ન હોઈ શકે, અમુકને માત્ર 'Follower' કે 'Blocked' લિસ્ટમાં જ રાખવા પડે. લોકોને જેવા છે એવા સ્વીકારીને, તેમના ગુણ-દોષ મુજબ અંતર જાળવી લેવું, એ જ આ જગતમાં ગરિમાપૂર્ણ અને તણાવમુક્ત જીવન જીવવાનો એકમાત્ર અણમોલ મંત્ર છે. ખુદના કિરદારને ઓળખો અને પોતાની કિંમત સમજો, કારણ કે તમારો સમય અને તમારું હૃદય બંને અમૂલ્ય છે!

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# સમાજમાં પત્નીની કોઈ ઈજ્જત જ નથી? પોતાનું સર્વસ્વ ત્યાગીને આવતી સ્ત્રી છેવટે ઘરમાં જ કેમ એકલી અટૂલી થઈ જાય છે?

જે દેશમાં 'યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે રમંતે તત્ર દેવતાઃ' ના શ્લોકો ગવાય છે, એ જ દેશ અને સમાજના આજના વાસ્તવિક ચિત્ર પર નજર કરીએ તો કમકમાટી છૂટી જાય છે. સ્ત્રી જ્યારે દીકરી, બહેન કે માતાના રૂપમાં હોય ત્યારે તેનું સન્માન થાય છે, પણ જેવી તે કોઈના ઘરની 'પત્ની' બને છે, ત્યારે જાણે તેની પોતાની કોઈ વ્યક્તિગત ઈજ્જત કે અસ્તિત્વ જ નથી રહેતું! લગ્ન પછી પોતાનું લોહીના સંબંધો વાળું ઘર, મા-બાપ અને બાળપણની યાદો છોડીને જે સ્ત્રી એક અજાણ્યા ઘરે નવું જીવન શરૂ કરે છે, આખો દિવસ ભૂખ-તરસ ભૂલીને પરિવારના દરેક સભ્યોને સાચવે છે, તે જ સ્ત્રી છેવટે પોતાના જ ઘરમાં ઉપેક્ષિત થઈ જાય છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે સમાજના આ વરવા અને કડવા સત્ય પરથી પડદો ઉઠાવી રહ્યો છે.

શરૂઆતનો પ્રેમ અને પછી શરૂ થતી 'અસલી ગેમ'

જ્યારે ઘરમાં નવી વહુ પગલાં પાડે છે, ત્યારે પતિ અને ઘરના અન્ય સભ્યો તેની આગતા-સ્વાગતા કરવામાં અને તેની સેવા કરવામાં રત રહે છે. ચારેય બાજુ ખુશીનો માહોલ હોય છે. પત્નીને પણ લાગે છે કે તેને દુનિયાનું સૌથી શ્રેષ્ઠ સાસરીયું મળ્યું છે. પરંતુ, જેમ-જેમ દિવસો પસાર થાય છે, તેમ-તેમ જીવનમાંથી સુખ-શાંતિ ઓછી થવા લાગે છે.

લગ્નના થોડા સમય પછી જ સાસરીયા પક્ષની 'અસલી ગેમ' શરૂ થાય છે:

નવી વહુ પાસે જે આશાઓ અને અપેક્ષાઓ રાખવામાં આવી હતી, તે ધીમે-ધીમે ફરજો અને કચકચમાં બદલાઈ જાય છે.

આખો દિવસ કાળી મજૂરી કરવા છતાં, વહુના કામની કોઈ કદર થતી નથી.

સ્ત્રી પોતાની તમામ ઈચ્છાઓ, શોખ અને ખુશીઓનો ભોગ આપી દે છે, છતાં તેને પરિવાર તરફથી માનસિક હૂંફ મળતી નથી.

આખરે... લાખોની ભીડવાળા ઘરમાં પણ સ્ત્રી એકલી અટૂલી!

સૌથી મોટો આઘાત એ વાતનો છે કે જે સ્ત્રી આખા ઘરની વડીલોથી લઈને બાળકો સુધીની સેવા કરે છે, તેને રાત્રે એવું પૂછવા વાળું કોઈ નથી હોતું કે 'તેં જમ્યું કે નહીં? તારી તબિયત કેવી છે?' એક સમય એવો આવે છે જ્યારે તે બધાની વચ્ચે હોવા છતાં ઘરમાં પોતાની જાતને સાવ એકલી અનુભવે છે. સમાજમાં જેટલું બલિદાન એક સ્ત્રી આપે છે, એટલું બલિદાન કદાચ કોઈ પુરુષ ક્યારેય આપી શકતો નથી. તે ઘરની આબરૂ સાચવવા માટે પોતાના આંસુઓ પણ ચાર દીવાલોની વચ્ચે છુપાવી દે છે.

માં ભગવતીનું રૂપ છે સ્ત્રી, સ્વાર્થ માટે ઉપયોગ કરવાનું બંધ કરો

આપણો સમાજ એટલો સ્વાર્થી થઈ ગયો છે કે ધીરે-ધીરે પત્નીને માત્ર એક 'મશીન' સમજી લેવામાં આવે છે. પોતાના સ્વાર્થ અને ઘરના કામો કાઢવા માટે જ તેનો ઉપયોગ થાય છે અને વાત-વાતમાં તેનું અપમાન કરવામાં આવે છે. સ્ત્રીના રૂપમાં આપણને માતા, બહેન, પત્ની અને દીકરી મળે છે, તેથી તેમનું સન્માન પણ સાક્ષાત્ માં ભગવતી જેટલું જ હોવું જોઈએ.

'પાક્કો ગુજરાત' નો આક્રોશ: માનસિકતા બદલવાનો સમય આવી ગયો છે

જે પત્ની તમારા વંશને આગળ વધારે છે, તમારા ઘરને સ્વર્ગ બનાવે છે, તેના બલિદાનને ઓળખો. પત્ની એ કોઈ દાસી કે માત્ર ઘર સાચવવાનું સાધન નથી, તે અર્ધાંગિની છે. જો આજે પણ સમાજ પત્નીઓને તેનું યોગ્ય સન્માન અને પ્રેમ નહીં આપી શકે, તો યાદ રાખજો કે એ ઘરમાં ક્યારેય લક્ષ્મીનો વાસ નહીં થાય. સ્ત્રીના આત્મસન્માનને કચડવાનું બંધ કરો અને તેને ઘરમાં એક ઓરડી નહીં, પણ દિલમાં સાચું સ્થાન આપો!

**- ખાસ વૈચારિક લેખ, પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્રી મંડળ**

# ખેડૂતોના લોહી-પરસેવા પર ભ્રષ્ટાચારનો ખંજર: જગતના તાતના માર્ગના અવરોધો દૂર કરો, કૃષિ ક્ષેત્રની લૂંટફાટનો હવે કાયમી અંત લાવો!

સ્લોગન જે વ્યવસ્થાના કાન ઉઘાડે છે:

"किसानों की राह में आने वाली बाधाएं दूर होनी चाहिए,
कृषि क्षेत्र से जुड़ा हर भ्रष्टाचार दूर जरूर होना चाहिए!"

જગતના તાત ગણાતા ખેડૂતો માટે આપણે ત્યાં 'જય કિસાન'ના નારા તો બહુ જોરશોરથી લગાવાય છે, પણ જમીનની હકીકત કંઈક જુદી જ અને અત્યંત વરવી છે. જે ખેડૂત કાળી મજૂરી કરીને, ટાઢ-તડકો વેઠીને આખા દેશનું પેટ ભરે છે, આજે એ જ ખેડૂત સિસ્ટમના સડેલા ભ્રષ્ટાચાર અને વહીવટી અવરોધોના ચક્રવ્યૂહમાં ફસાયેલો છે. ખેતી ક્ષેત્રે પગલે-પગલે નડતી મુશ્કેલીઓ અને સરકારી બાબુઓથી લઈને વચેટિયાઓ દ્વારા થતી ખુલ્લી લૂંટ હવે અસહ્ય બની ગઈ છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે દેશ અને રાજ્યના શાસકો સમક્ષ ખેડૂતોનો આ વેદનાભર્યો આક્રોશ અત્યંત આક્રમક રીતે રજૂ કરી રહ્યો છે.

પગલે-પગલે અવરોધો: વાવણીથી લઈને વેચાણ સુધીનો સંઘર્ષ

ખેડૂત જ્યારે ખેતરમાં પગ મૂકે છે ત્યારથી જ તેની કસોટી શરૂ થઈ જાય છે. સરકાર ગમે તેટલા દાવા કરે, પણ આજે પણ સામાન્ય ખેડૂતને સમયસર અને ગુણવત્તાયુક્ત બિયારણ કે ખાતર મેળવવા માટે કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડે છે અથવા તો બ્લેક માર્કેટમાં બમણા ભાવ ચૂકવવા પડે છે.

વીજળી અને પાણીની સમસ્યા: રાત્રિના સમયે ખેતરોમાં અપાતી અનિયમિત વીજળીના કારણે ઝેરી જનાવરોના ડર વચ્ચે ખેડૂતોએ રાત ઉજાગરા કરવા પડે છે. સિંચાઈના પાણી માટે નહેરોની મંજૂરી મેળવવી હોય તો પણ ફાઈલો ટેબલથી ટેબલ ભટકતી રહે છે.

કુદરત સામે લાચારી: કૌમોસમી વરસાદ, વાવાઝોડું કે દુષ્કાળ જેવા સંકટોમાં જ્યારે પાક નાશ પામે છે, ત્યારે પાક વીમો (Crop Insurance) મેળવવામાં કંપનીઓની શરતો અને વહીવટી જટિલતાઓ ખેડૂતની કમર તોડી નાખે છે.

કૃષિ ક્ષેત્રનો ભ્રષ્ટાચાર: દેશની પ્રગતિને લાગેલું ઉધઈ

કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલો ભ્રષ્ટાચાર એ માત્ર આર્થિક ગુનો નથી, પણ એક સામાજિક પાપ છે. સબસિડીની યોજનાઓથી લઈને માર્કેટ યાર્ડ સુધી ભ્રષ્ટાચારના મૂળ ઊંડા ઉતરેલા છે:

૧. સબસિડી અને સરકારી યોજનાઓમાં કટકી: ખેતીના સાધનો, ટ્રેક્ટર કે સોલાર પંપ પર મળતી સરકારી સબસિડી મંજૂર કરાવવા માટે સરકારી કચેરીઓમાં વચેટિયાઓ અને ભ્રષ્ટ બાબુઓને 'કમિશન' આપવું પડે છે. જે ગરીબ ખેડૂત પૈસા નથી આપી શકતો, તેની ફાઈલો ધૂળ ખાતી પડી રહે છે.

૨. માર્કેટ યાર્ડ અને તોલમાપમાં છેતરપિંડી: ખેડૂત જ્યારે પોતાનો પાક વેચવા એપીએમસી (APMC) કે માર્કેટ યાર્ડમાં જાય છે, ત્યારે વચેટિયાઓ અને વેપારીઓની સાંઠગાંઠના કારણે તેને પૂરતા ભાવ (એમએસપી) મળતા નથી. પાકના ગ્રેડિંગ અને તોલમાપમાં થતી ચોરી સીધો ખેડૂતના ખિસ્સા પર ધાડ સમાન છે.

૩. નકલી બિયારણ અને દવાનું રેકેટ: બજારમાં મળતા નકલી બિયારણ અને નકલી જંતુનાશક દવાઓના રેકેટો પાછળ મોટા માથાઓનો હાથ હોય છે. જ્યારે પાક નિષ્ફળ જાય ત્યારે આખી કંપની ઉભી પૂંછડીએ ભાગી જાય છે અને ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઈને આત્મહત્યા કરવા મજબૂર બને છે.

## પાક્કો ગુજરાત ન્યૂઝનો સત્તાધીશોને સીધો સવાલ:

હવે સમય આવી ગયો છે કે કાગળ પરની યોજનાઓ છોડીને જમીની સ્તર પર કડક એક્શન લેવાય. જો કોઈ કોર્પોરેટ કંપની કે ઉદ્યોગપતિને લોન કે સવલતો મિનિટોમાં મળી શકતી હોય, તો આ દેશના અન્નદાતાને પોતાના હક માટે કચેરીઓના ધક્કા કેમ ખાવા પડે? કૃષિ વિભાગના જે પણ અધિકારી કે વચેટિયાઓ ખેડૂતોના હકનો રૂપિયો ચાવતા પકડાય, તેમને તાત્કાલિક નોકરીમાંથી બરતરફ કરી જેલના સળિયા પાછળ ધકેલવા જોઈએ.

આખરી સૂર:

જ્યાં સુધી દેશનો ખેડૂત આત્મનિર્ભર અને ભ્રષ્ટાચાર મુક્ત નહીં બને, ત્યાં સુધી દેશના વિકાસના તમામ દાવાઓ પોકળ છે. ખેડૂતોના માર્ગમાં આવતી તમામ બાધાઓને તાત્કાલિક દૂર કરો અને કૃષિ ક્ષેત્રમાં ચાલતી લૂંટફાટને કાયમ માટે નાબૂદ કરો, એ જ સાચી દેશભક્તિ છે!

# સુપરફૂડ કે આડઅસરનું ઘર? તલ, અળસી, ચિયા સીડ્સ અને સૂર્યમુખીના બીજ ખાતા પહેલાં સાવધાન

## જાણો કોના માટે અમૃત અને કોના માટે આ 'ઝેર' સમાન!

આજકાલ હેલ્થ એન્ડ ફિટનેસના નામે લોકોમાં અલગ-અલગ પ્રકારના બીજ (Seeds) ખાવાનો ટ્રેન્ડ ભારે વધ્યો છે. વજન ઉતારવું હોય, ડાયાબિટીસ કંટ્રોલ કરવો હોય કે પછી સ્કિન ગ્લોઈંગ બનાવવી હોય, લોકો મુઠ્ઠી ભરી-ભરીને તલ, અળસી (Flaxseeds), ચિયા સીડ્સ (Chia seeds) અને સૂર્યમુખીના બીજ (Sunflower seeds) ડાયેટમાં સામેલ કરી રહ્યા છે. પરંતુ, શું આ કહેવાતા પૌષ્ટિક બીજ બધા જ લોકો માટે સમાન રીતે ફાયદાકારક છે? આયુર્વેદ અને એલોપેથીના નિષ્ણાતોના મતે, આ એક બહુ મોટી ભૂલ છે. અંધાધૂંધ રીતે બીજ ખાવા કેટલાક લોકો માટે ઘાતક સાબિત થઈ શકે છે. આવો જાણીએ આ બીજની સાચી હકીકત, તેના ફાયદા અને કોણે આનાથી ખાસ દૂર રહેવું જોઈએ.

૧. ચિયા સીડ્સ અને અળસી (Flaxseeds)

આ બંને બીજ ઓમેગા-૩ ફેટી એસિડ અને ફાઈબરના પાવરહાઉસ ગણાય છે. કોણે ખાસ ખાવા જોઈએ? જેમને હાઈ કોલેસ્ટ્રોલ, હૃદયની બીમારી, ડાયાબિટીસ કે લાંબા સમયથી કબજિયાત (Constipation) ની સમસ્યા હોય તેમના માટે આ આશીર્વાદ સમાન છે. તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

કોણે બિલકુલ ન ખાવા જોઈએ? પેટની નબળાઈવાળા: જેમને અવારનવાર ગેસ, એસિડિટી, ફૂડ એલર્જી કે આઈબીએસ (IBS - ઈરીટેબલ બોવેલ સિન્ડ્રોમ) ની તકલીફ હોય તેમણે આ ન ખાવા જોઈએ. ચિયા સીડ્સ પેટમાં જઈને ફૂલે છે, જો ઓછું પાણી પીવામાં આવે તો તે આંતરડામાં ચોંટીને ભારે બ્લોકેજ કે આંતરડાનો સોજો લાવી શકે છે. ગર્ભવતી મહિલાઓ: અળસીની પ્રકૃતિ ગરમ હોવાથી ગર્ભાવસ્થાના શરૂઆતના મહિનામાં તેનું સેવન કસુવાવડ (Miscarriage) નું કારણ બની શકે છે. ૨. તલ (Sesame Seeds) અને સૂર્યમુખીના બીજ (Sunflower seeds) તલ કેલ્શિયમનો સૌથી મોટો સ્ત્રોત છે અને સૂર્યમુખીના બીજમાં વિટામિન-E અને ઝિંક ભરપૂર માત્રામાં હોય છે. કોણે ખાસ ખાવા જોઈએ? જેમના હાડકાં નબળા હોય, સાંધાના દુખાવા (Arthritis) હોય, વાળ ખરતા હોય કે શરીરમાં લોહીની ઉણપ (એનિમિયા) હોય તેમણે આનું સેવન અવશ્ય કરવું જોઈએ.

કોણે બિલકુલ ન ખાવા જોઈએ?

પથરીના દર્દીઓ (Kidney Stones): તલ અને સૂર્યમુખીના બીજમાં 'ઓક્સાલેટ' (Oxalate) નું પ્રમાણ ઘણું વધારે હોય છે. જેમને વારંવાર કિડનીમાં પથરી બનતી હોય, તેમણે આ બીજ ખાવાથી બચવું જોઈએ, નહિતર પથરીનું કદ ઝડપથી વધી શકે છે. ગરમ પ્રકૃતિવાળા: જેમના શરીરમાંથી અવારનવાર લોહી નીકળતું હોય (જેમ કે પાઈલ્સ કે નસકોરી ફૂટવી), તેમણે ઉનાળામાં તલ ખાવાનું ટાળવું જોઈએ કારણ કે તેની પ્રકૃતિ અત્યંત ગરમ છે. બીજ ખાવાની સાચી રીત (આ ભૂલ ક્યારેય ન કરતા): ઘણા લોકો આ બીજને સીધા જ કાચા ચાવી જાય છે, જે શરીર પચાવી શકતું નથી અને મળ વાટે એમ જ બહાર નીકળી જાય છે. ચિયા સીડ્સને હંમેશાં અડધો કલાક પાણીમાં પલાળીને, તે જેલ જેવા થઈ જાય પછી જ કન્ઝ્યુમ કરો. અળસી અને તલને હંમેશાં હલકા શેકી (Roast) ને, તેનો પાવડર બનાવીને જ વાપરો. કાચી અળસીમાં ઝેરી તત્વો હોઈ શકે છે. માત્રા: દિવસભરમાં બધા જ બીજ ભેગા થઈને ૧ ચમચી (૧૦-૧૫ ગ્રામ) થી વધુ ન હોવા જોઈએ.

પાક્કો ગુજરાત ન્યૂઝનો આખરી સૂર:

કોઈપણ વસ્તુ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થાય એટલે તે આપણા શરીર માટે સારી જ હોય એવું જરૂરી નથી. બીજ ચોક્કસપણે પૌષ્ટિક છે, પણ તેનો અતિરેક કે ખોટી વ્યક્તિ દ્વારા થતું સેવન હોસ્પિટલના ચક્કર કાપવા મજબૂર કરી શકે છે. માટે, તમારા શરીરની પ્રકૃતિ ઓળખો અને જરૂર જણાય તો ડાયેટિશિયનની સલાહ લીધા પછી જ શરૂઆત કરો!

# હારેલી બાજી પલટાવવાનું નામ જ જિંદગી

## સંઘર્ષની ભઠ્ઠીમાં તપીને જ અન્નદાતાથી લઈને અબજોપતિ સુધીના લોકોએ રચ્યો છે નવો ઈતિહાસ!

'હારથી ક્યારેય ડરશો નહીં,
કારણ કે હાર જ જીતનો રસ્તો બતાવે છે...'

આપણે ઘણીવાર સફળ વ્યક્તિના માથા પર રહેલો તાજ જોઈએ છીએ, પરંતુ એ તાજ સુધી પહોંચવામાં તેના પગમાં વાગેલા કાંટા અને લોહીલુહાણ થયેલા તળિયા જોવાનું ચૂકી જઈએ છીએ. જીવનમાં ક્યારેય પણ 'પહેલા જ પ્રયાસે પરફેક્ટ' થવાતું નથી. જ્યારે એક નાનું બાળક ચાલતા શીખે છે, ત્યારે તે સેંકડો વખત જમીન પર પટકાય છે. જો તે પતકાવાના ડરથી ઊભું થવાનું જ બંધ કરી દે, તો તે ક્યારેય દોડી ન શકે. નિષ્ફળતા વાસ્તવમાં એક અરીસો છે, જે આપણને આપણી ભૂલો બતાવે છે. તે આપણને એ સમજાવે છે કે વિજય મેળવવા માટે હજુ કેટલીક લાયકાત કેળવવી બાકી છે. જે માણસ હારની વેદનામાંથી શીખે છે, તેની અંદર એક અદભુત પરિપક્વતા આવે છે. હાર એ સાબિતી છે કે તમે પ્રયાસ કર્યો છે, કારણ કે મેદાન છોડીને ભાગી જનારાઓના નસીબમાં તો માત્ર આજીવન પસ્તાવો જ લખેલો હોય છે. સંઘર્ષ: લોખંડને પોલાદ બનાવવાની પ્રક્રિયા 'જે આજે સંઘર્ષ કરે છે, એ જ કાલે ઈતિહાસ બનાવે છે...' દુનિયાનો એક અફર નિયમ છે કે મફતમાં કે શોર્ટકટથી મળેલી સફળતા આયુષ્યમાં બહુ નાની હોય છે, જ્યારે સંઘર્ષના પાયા પર ચણાયેલી ઈમારત સદીઓ સુધી અડીખમ રહે છે. કુદરતનો નિયમ: એક પતંગિયું જ્યારે કોશેટો (કોકૂન) માંથી બહાર આવવા માટે પાંખો ફફડાવીને સંઘર્ષ કરે છે, ત્યારે જ તેની પાંખોમાં ઉડવા માટેનું લોહી વહેતું થાય છે અને તે મજબૂત બને છે. જો કોઈ દયાળુ બનીને એ કોશેટોને બહારથી તોડી આપે, તો તે પતંગિયું ક્યારેય ઉડી શકતું નથી અને મરી જાય છે. મનુષ્યનું પણ આવું જ છે, મુશ્કેલીઓ આપણને તોડવા માટે નહીં, પણ આપણી અંદર છુપાયેલી અસીમ શક્તિઓને બહાર લાવવા માટે આવે છે. ઈતિહાસના પાના પરથી: થોમસ આલ્વા એડિસન હજારો વખત નિષ્ફળ ગયા બાદ બલ્બની શોધ કરી શક્યા હતા. જો તેમણે ૧૦૦ કે ૫૦૦ માં પ્રયાસે હિંમત હારી દીધી હોત, તો દુનિયા આજે પણ અંધકારમાં હોત. અબજોપતિ ઈલોન મસ્ક હોય કે આપણા ધીરુભાઈ અંબાણી, આ બધા જ લોકોના જીવનની શરૂઆત શૂન્ય અને અસહ્ય સંઘર્ષથી થઈ હતી. પણ તેઓ ઝૂક્યા નહીં, માટે આજે ઈતિહાસના પાનાઓ પર તેમનું નામ સુવર્ણ અક્ષરે અંકિત છે.

આજના 'ઈન્સ્ટન્ટ' જમાનામાં ધૈર્ય અને લોખંડી મનોબળની જરૂર

આજે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટના યુગમાં યુવાનોને બધું 'ઈન્સ્ટન્ટ' જોઈએ છે–ઈન્સ્ટન્ટ મની, ઈન્સ્ટન્ટ ફેમ અને ઈન્સ્ટન્ટ સક્સેસ. આ જ કારણે જ્યારે અપેક્ષા મુજબ પરિણામ નથી મળતું, ત્યારે લોકો ડિપ્રેશનમાં સરી પડે છે અથવા ખોટા પગલાં ભરી લે છે.

પરંતુ વાસ્તવિક જીવન કમ્પ્યુટરની સ્ક્રીન જેવું નથી હોતું. અહીં મહેનતનો કોઈ વિકલ્પ નથી. જો પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા હોય, ધંધામાં મોટું નુકસાન ગયું હોય, કે કરિયરમાં વારંવાર રિજેક્શન મળતું હોય–તો યાદ રાખજો કે આ તમારા રસ્તાનો અંત નથી. આ તો બસ એક વળાંક છે. તમારી જાત પર ભરોસો રાખો. નસીબ રેખાઓમાં નહીં, પણ હાથની મહેનતના પરસેવામાં છુપાયેલું હોય છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો આખરી સૂર:

વહેતી નદી સામે ગમે તેવા પહાડો આવે, તો પણ તે પોતાનો રસ્તો કરીને જ રહે છે, કારણ કે તેની પાસે જીદ હોય છે આગળ વધવાની. જીવનમાં ગમે તેવી થાપટો પડે, પરિસ્થિતિ ગમે તેટલી વિરૂદ્ધ હોય, બસ અંદરથી હિંમત ન હારતા. આજે તમે જે દર્દ, એકલતા અને સંઘર્ષ ભોગવી રહ્યા છો, તે વાસ્તવમાં તમને આવતીકાલના રાજા બનાવવા માટેની ટ્રેનિંગ છે. ઊભા થાઓ, કમર કસો અને લડતા રહો–કારણ કે ઈતિહાસ વાંચનારા તો લાખો છે, પણ ઈતિહાસ રચનારા તો તમારા જેવા જ જુનૂની લોકો હોય છે!




### જેતપુર પાલિકામાં 'સ્વચ્છતા'ના નામે માત્ર ફોટો સેશનનું નાટક: સુપ્રીમ કોર્ટના આદેશોની ઉડી મજાક!

# ધન કચરા વ્યવસ્થાપનની તાલીમમાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેનિટેશન ચેરમેન કે ચીફ ઓફિસર જ ગાયબ!

- હાથમાં પેમ્ફલેટ પકડી એસી હોલમાં ફોટા પડાવી ગણતરીની મિનિટોમાં મીટિંગ સમેટી લેવાઈ
- શહેરમાં કચરાના ડુંગર અને ગટરો ઉભરાય છે, ત્યારે સત્તાધીશોની આવી ઘોર બેદરકારીથી જનતામાં ઉગ્ર રોષ

**જેતપુર**

જેતપુર-નવાગઢ નગરપાલિકા દ્વારા શહેરની સફાઈ અને ગંદકીના પ્રશ્નો હલ કરવાને બદલે માત્ર કાગળ પર કામગીરી બતાવવાનો અને 'ફોટો સેશન' કરવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક તરફ આખું શહેર ગંદકીથી ખદબદી રહ્યું છે, ત્યારે પાલિકાના સત્તાધીશોને પ્રજાની સુખાકારીમાં કોઈ જ રસ ન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભારત સરકારના 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (ધન કચરા વ્યવસ્થાપન) નિયમો-૨૦૨૬' અને નામદાર સુપ્રીમ કોર્ટના આદેશોના અમલીકરણ માટે પાલિકામાં એક ખાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગત તા. ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ ચીફ ઓફિસરની સહીથી સેનિટેશન શાખા દ્વારા એક પરિપત્ર કાઢીને પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, સેનિટેશન ચેરમેન સહિત તમામ કમિટી ચેરમેનો અને સદસ્યોને તા. ૨૫/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે મીટિંગ હોલમાં હાજર રહેવા લેખિતમાં જણાવાયું હતું. વૈજ્ઞાનિક ઢબે કચરાના નિકાલ અને શહેરને જાગૃત કરવાના હેતુથી આ તાલીમ રાખવામાં આવી હતી.

પરંતુ, વાસ્તવિકતા કંઈક અલગ જ અને અત્યંત શરમજનક જોવા મળી હતી. જેમના માથે આખા શહેરને સ્વચ્છ રાખવાની અને કચરાના નિકાલની સીધી જવાબદારી છે, તેવા પાલિકા પ્રમુખ, સેનિટેશન શાખાના ચેરમેન કે ખુદ ચીફ ઓફિસર જ આ મહત્વની મીટિંગમાંથી ગાયબ રહ્યા હતા! આખી તાલીમ માત્ર ૫ જ મિનિટમાં સમેટી લેવામાં આવી હોવાની ફરિયાદો ઉઠી છે. હાજર રહેલા ગણ્યાગાંઠ્યા સભ્યોએ મીટિંગ હોલમાં ટેબલ પર કચરાપેટીઓ રાખી, હાથમાં પેમ્ફલેટ પકડીને માત્ર 'ફોટો સેશન' કરાવી લીધું હતું.

શહેરમાં એક તરફ ડોર-ટુ-ડોર કચરા કલેક્શનના ધાંધિયા છે, ઠેર-ઠેર કચરાના ઢગલા ખડકાયા છે અને ગટરો ઉભરાઈ રહી છે, ત્યારે એસી હોલમાં બેસીને ફોટા પડાવવાના આ નાટકથી જેતપુરની જનતામાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકો વેધક સવાલ પૂછી રહ્યા છે કે શું આ તાલીમ માત્ર હાથમાં પેમ્ફલેટ પકડીને ફોટા પડાવવા અને કાગળ પર હાજરી પૂરીને સરકારમાં રિપોર્ટ મોકલવા પૂરતી જ સીમિત હતી?

જો ચૂંટાયેલા પદાધિકારીઓ જ સુપ્રીમ કોર્ટના આદેશો અન્વયે યોજાયેલી તાલીમમાં ન આવતા હોય, તો તેમને પ્રજાની સુવિધામાં કેવો રસ હશે?

ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓની આવી બેદરકારી સ્પષ્ટ દર્શાવે છે કે તેમને જેતપુરની જનતાની સુવિધા કે શહેરની સ્વચ્છતામાં કોઈ જ રસ નથી. માત્ર સરકારી નિયમોનું નાટક કરીને ફોટા પાડી લેવાથી શહેર સ્વચ્છ નહીં બને, તે માટે નક્કર કામગીરી કરવી પડશે તેવી લોકમાંગ ઉઠી છે.



# અંધશ્રદ્ધા સામે આજીવન જંગ લડનાર 'વિજ્ઞાન જાથા'ના જયંત પંડ્યાનો મોટો નિર્ણય : વર્ષો જૂની લડત સમેટી લેવાની જાહેરાત

### વિજ્ઞાન જાથા ભલે સત્તાવાર રીતે બંધ થઈ રહી હોય, પરંતુ તેમણે વાવેલો વૈજ્ઞાનિક અભિગમનો છોડ ભવિષ્યમાં પણ લોકોને અંધશ્રદ્ધાના અંધકારમાંથી બહાર કાઢતો રહેશે

**રાજકોટ**

ગુજરાતમાં છેલ્લા ચાર દાયકા કરતાં પણ વધુ સમયથી વિજ્ઞાન અને તર્કનો પ્રચાર કરી અંધશ્રદ્ધા, ઢોંગી બાબાઓ અને તાંત્રિકોના કૂદકા ખુલ્લા પાડનાર 'ગુજરાત વિજ્ઞાન જાથા'ના પ્રમુખ જયંત પંડ્યાએ તાજેતરમાં પોતાની પ્રવૃત્તિઓ બંધ કરવાનો એક અણધાર્યો અને મોટો નિર્ણય લીધો છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ વિજ્ઞાનપ્રેમીઓ અને સામાજિક કાર્યકરોમાં ભારે આશ્ચર્ય અને આંચકાનો માહોલ જોવા મળી રહ્યો છે.

આવો જાણીએ કે આ સંસ્થાએ અત્યાર સુધી ગુજરાતમાં કેવા કારનામાઓનો પર્દાફાશ કર્યો છે અને આખરે કેમ આ સંસ્થા હવે વિદાય લઈ રહી છે.

જયંત પંડ્યા અને તેમની સંસ્થા 'વિજ્ઞાન જાથા'એ ગુજરાતના ખૂણે-ખૂણામાં જઈને લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ જગાડવાનું અભૂતપૂર્વ કામ કર્યું છે: ઢોંગી બાબાઓના પર્દાફાશ: ચમત્કારોના નામે ભોળી જનતાને છેતરતા તાંત્રિકો, ભુવાઓ અને કથિત સંતોની પોલ જાહેરમાં ખુલ્લી પાડીને તેમણે કાયદાના હવાલે કર્યા છે.

ચમત્કારો પાછળનું વિજ્ઞાન: હવામાંથી કંકુ લાવવું, નાળિયેરમાંથી અગ્નિ પ્રગટ કરવો, કે પાણી પર દીવો પ્રગટાવવા જેવા કથિત ચમત્કારો પાછળ છુપાયેલા રસાયણવિજ્ઞાન અને હાથચાલાકીના પ્રયોગો લોકોને જાહેરમાં સ્ટેજ પર કરીને બતાવ્યા.

લોકજાગૃતિ અભિયાન: ગ્રામીણ વિસ્તારોમાં અંધશ્રદ્ધા, ડાકણ પ્રથા અને ખોટી માન્યતાઓ નાબૂદ કરવા માટે હજારો પ્રદર્શન અને સેમિનારોનું આયોજન કર્યું.

જયંત પંડ્યાએ મીડિયા સમક્ષ આ નિર્ણય પાછળના કેટલાક અત્યંત ગંભીર અને સળગતા કારણો સ્પષ્ટ કર્યા છે:

૧. સરકાર અને તંત્રની ઉદાસીનતા: જયંત પંડ્યાના જણાવ્યા અનુસાર, જ્યારે પણ તેઓ કોઈ ઢોંગી તત્વો સામે લડત ચલાવે છે કે પોલીસ ફરિયાદ કરવા જાય છે, ત્યારે તંત્ર કે સરકાર તરફથી જોઈએ તેવો મજબૂત સહકાર મળતો નથી. અંધશ્રદ્ધા વિરોધી કાયદો લાવવા માટેની તેમની રજૂઆતો પણ ફાઈલ બંધ રહી છે.

૨. વધતું જતું જોખમ અને એકલતા: ઢોંગીઓ અને તેમના સમર્થકો તરફથી અવારનવાર જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી હોવા છતાં, તેમને પૂરતું સંરક્ષણ મળતું નથી. આવી લડતમાં સામાજિક સંગઠનો પણ એકલા પાડી દેતા હોવાનો વસવસો તેમણે વ્યક્ત કર્યો છે.

૩. ઉંમર અને સ્વાસ્થ્યના કારણો: વર્ષો સુધી અવિરત દોડધામ અને સંઘર્ષ બાદ હવે ઉંમરના તબક્કે સ્વાસ્થ્યના કારણે પણ આ પ્રવૃત્તિઓ આગળ ધપાવવી મુશ્કેલ બની રહી છે.

### સુરતમાંથી એક અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક ઘટના બની

# પાવર બેંક બ્લાસ્ટ થતા યુટ્યુબર શિવાનીના બેડરૂમમાં ભયાનક આગ : ડાયમંડ અને ગોલ્ડન બટન સહિત લાખોનો સામાન બળીને ખાખ

**સુરત**

આજે સુરતમાંથી એક અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. સુરતની જાણીતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને યુટ્યુબર શિવાની કપિલાના ઘરમાં પાવર બેંક બ્લાસ્ટ થવાને કારણે ભયાનક આગ ફાટી નીકળી હતી.

આ અકસ્માતમાં શિવાનીએ વર્ષોની સખત મહેનત પછી મેળવેલા યુટ્યુબના પ્રતિષ્ઠિત સિલ્વર, ગોલ્ડન અને ડાયમંડ પ્લે બટન સહિત લાખો રૂપિયાની કિંમતનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. આ ભયાનક ઘટના બાદ શિવાની ભારે આઘાતમાં સરી પડી છે અને તેણે રડતાં-રડતાં પોતાની વ્યથા ઠાલવતા કહ્યું કે, મારી આખી દુનિયા વેરવિખેર થઈ ગઈ છે.



મળતી માહિતી મુજબ, સુરતમાં રહેતી શિવાની કપિલાના બેડરૂમમાં ચાર્જિંગમાં મૂકેલી પાવર બેંક અચાનક જોરદાર ધડાકા સાથે બ્લાસ્ટ થઈ હતી.

બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે જોતજોતામાં આખા રૂમમાં આગની ભયાનક જ્વાળાઓ ફેલાઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચે અને આગ પર કાબૂ મેળવે તે પહેલાં જ રૂમમાં રાખેલો તમામ કિંમતી સામાન બળીને રાખનો ઢગલો થઈ ગયો હતો.

વર્ષોની મહેનતની કમાણી અને યાદગીરીઓ નષ્ટ

આ ભીષણ આગમાં માત્ર આર્થિક નુકસાન જ નથી થયું, પરંતુ શિવાનીના જીવનની સૌથી મોટી ઉપલબ્ધિઓ પણ નષ્ટ થઈ ગઈ છે.

કરોડો ફોલોઅર્સ ધરાવતી શિવાનીને યુટ્યુબ તરફથી મળેલા ડાયમંડ બટન, ગોલ્ડન બટન અને સિલ્વર બટન પણ આ આગની ચપેટમાં આવી ગયા હતા. આ સિવાય શિવાનીના મોંઘા શૂટિંગ ગેજેટ્સ, કેમેરા, લેપટોપ, કપડાં અને અન્ય કિંમતી સામાન સંપૂર્ણપણે નાશ પામ્યો છે.

ઘટના બાદ શિવાની કપિલાએ સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવુક વીડિયો શેર કર્યો છે, જેમાં તે પોતાના બળી ગયેલા ઘર અને રાખ થઈ ગયેલા એવોર્ડ્સ જોઈને ધ્રુસકે-ધ્રુસકે રડી રહી છે.

### આગામી બેઠકમાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવશે

# દેવગઢબારિયા સર્કિટ હાઉસ ખાતે પત્રકાર એકતા સંગઠનની બેઠક યોજાઈ

**દેવગઢબારિયા, જાબીર શુક્લા**

આજરોજ દેવગઢબારિયા સર્કિટ હાઉસ ખાતે દેવગઢબારિયા તેમજ ગ્રામ્ય વિસ્તારના પત્રકાર એકતા સંગઠનની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સંગઠનની આગામી બેઠકના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત સંગઠનને વધુ સશક્ત, સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવવા માટે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પત્રકારોને પડતી વિવિધ સમસ્યાઓ, પત્રકાર સુરક્ષા, વ્યવસાયિક પડકારો તેમજ દેવગઢબારિયા તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને પડતી જનસુવિધા સંબંધિત સમસ્યાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. લોકોની રોજિંદી મુશ્કેલીઓ અને હાલાકી અંગે સભ્યો દ્વારા પોતાના સૂચનો અને મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે



આગામી બેઠકમાં સંગઠનના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવશે તથા સંગઠનની આગવી ઓળખ સાથે તેની કામગીરીને વધુ ગતિ આપવામાં આવશે. પત્રકાર એકતા સંગઠન દ્વારા પત્રકારોના હિતોની રક્ષા કરવા તેમજ સમાજના પ્રશ્નોને યોગ્ય મંચ સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવશે.

### આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ

# ઝોઝ પોલીસે દેશી પિસ્ટલ અને જીવતા કારતુસ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો સામે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત ઝોઝ પોલીસે દેશી હાથ બનાવટની પિસ્ટલ, ત્રણ જીવતા કારતુસ અને મોબાઈલ સાથે એક શખ્સને ઝડપી પાડી તેની સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, વડોદરા રેન્જના ઉચ્ચ અધિકારીઓ તથા છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર હથિયારો રાખતા



ઈસમો સામે કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. જેના આધારે નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સુર્યવંશીના માર્ગદર્શન હેઠળ ઝોઝ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. વસાવાને બાતમી મળી હતી કે બરોજ ગામના નારસીંગભાઈ ઉર્ફે સુરસીંગભાઈ ચંદુભાઈ રાઠવા પોતાના ઘરે ગેરકાયદેસર દેશી બનાવટની પિસ્ટલ અને જીવતા કારતુસ રાખે છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આરોપીના ઘરની તપાસ કરતાં એક દેશી હાથ બનાવટની પિસ્ટલ (મેગેઝિન સહિત), ત્રણ જીવતા કારતુસ અને એક મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે અંદાજે રૂ. 20,600નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે ઝોઝ પોલીસ સ્ટેશનમાં પાર્ટ-બી ગુનો નં. 11184012260661/2026 નોંધવામાં આવ્યો છે. આરોપી સામે આર્મ્સ એક્ટની કલમ 25(1-બી)(એ) હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### 300થી વધુ દર્દીઓએ લીધો લાભ

# ડભોઈમાં જમીઅત ઉલમા એ હિન્દ અને સંજીવની હોસ્પિટલના સહયોગથી ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો

**ડભોઈ**

માનવ સેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરતા ડભોઈ શહેરમાં એક ભવ્ય અને નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જમીઅત ઉલમા એ હિન્દ ડભોઈ સંચાલિત યુનિટી ફાઉન્ડેશન ડભોઈ દ્વારા અને ડૉ. જી.એસ. છોતારા સંચાલિત સંજીવની મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલના વિશેષ સહયોગથી આ ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઘરઆંગણે જ ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાનો હતો, જેમાં ડભોઈની જનતાએ બહુ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સેવાનો લાભ ઉઠાવ્યો હતો. આ મેગા મેડિકલ કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાત તબીબોએ પોતાની સેવાઓ આપી હતી. કેમ્પમાં ગાયનેક વિભાગ, મેડિસન વિભાગ, ઓર્થોપેડિક વિભાગ, ડેન્ટલ વિભાગ, જનરલ વિભાગ, પીડિયાટ્રિક



વિભાગ, સર્જરી વિભાગ તેમજ કાન-નાક અને ગળાના નિષ્ણાત ડોક્ટરો હાજર રહ્યા હતા. કેમ્પ દરમિયાન દર્દીઓનું ઝીણવટપૂર્વક હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું અને જરૂરિયાતમંદ લોકોને સ્થળ પર જ વિનામૂલ્યે દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો અંદાજે ૩૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જમીઅત ઉલમા એ હિન્દ ડભોઈની ટીમે ખૂબ જ સરાહનીય અને પ્રશંસનીય કામગીરી કરી હતી.

# ડભોઈમાં ચોમાસા પહેલા મોટી હોનારતની આશંકા : 10થી 15 જર્જરીત મકાનો બન્યા 'મોતનો કૂવો', તંત્ર ઘોર નિદ્રામાં

### "જો કોઈ મોટી દુર્ઘટના થશે અને કોઈનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ? પાલિકા તંત્ર કે પછી બેજવાબદાર મકાન માલિકો?"

**ડભોઈ**

ચોમાસાની ધમાકેદાર શરૂઆત થવા જઈ રહી છે ત્યારે ડભોઈ શહેરમાં માથે મોટું સંકટ તોળાઈ રહ્યું છે. શહેરમાં વર્ષો જૂના અને અત્યંત જર્જરીત થઈ ગયેલા મકાનો ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જી શકે તેમ છે. ડભોઈ નગરપાલિકા વિસ્તારમાં હાલમાં અંદાજે ૧૦ થી ૧૫ જેટલા મકાનો કાળ બનીને ઉભા છે. આ મામલે પાલિકા તંત્રએ મકાન માલિકોને નોટિસો આપીને સંતોષ માની લીધો છે, પણ જમીની સ્તરે કોઈ જ નક્કર કામગીરી ન થતાં સ્થાનિક રહીશોના જીવ તાળવે ચોંટ્યા છે.

ડભોઈના સૌથી વ્યસ્ત અને ધમધમતા વિસ્તારોમાં જ આ જર્જરીત મકાનો મોતની વણઝારની જેમ ઉભા છે. જેમાં મુખ્યત્વે: બેગવાડ, છીડાવાડ બજાર, સ્ટેશન રોડ, ખાટકીવાડ, આ એવા ગીચ વિસ્તારો છે જ્યાંથી રોજ હજારો નિર્દોષ રાહદારીઓ અને



વાહનચાલકો પસાર થાય છે. ચોમાસાના ભારે વરસાદ કે પવનમાં જો આ બિસ્માર દીવાલો કે ધાબા ધરાશાયી થશે, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે.

નગરપાલિકા દ્વારા ઘરમાલિકોને અવારનવાર નોટિસો ફટકારવામાં આવી છે, પરંતુ મકાન માલિકો આ જોખમી બાંધકામો ઉતારવા તૈયાર નથી. બીજી તરફ પાલિકા માત્ર કાગળ પર ઘોડા દોડાવીને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. રહીશોનો ઉગ્ર સવાલ છે કે, 'જો કોઈ મોટી દુર્ઘટના થશે અને કોઈનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ? પાલિકા તંત્ર કે પછી બેજવાબદાર મકાન માલિકો?' સ્થાનિક જનતામાં તંત્રની આ ઢીલી નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરજનોની ઉગ્ર માંગ છે કે નગરપાલિકા માત્ર કાગળ પર નોટિસો આપવાની રમત બંધ કરે અને કાયદાનું કડક વલણ અપનાવીને આ જર્જરીત મકાનોને તાત્કાલિક ધોરણે જમીનદોસ્ત કરે. જો મકાન માલિકો પોતાની મેળે બાંધકામ ન હટાવે, તો પાલિકા પોતાની સત્તા વાપરીને ડિમોલિશન કરે અને લોકોના જીવ બચાવે. હવે જોવાનું એ રહ્યું કે ડભોઈ નગરપાલિકા તંત્ર કોઈ નિર્દોષનો બલી લેવાશે તેની રાહ જોશે કે પછી લોકહિતમાં વહેલી તકે જાગીને કડક એક્શન લેશે!

# "ચાલો સાયકલ ચલાવીએ, ફિટ રહીએ અને નશામુક્ત ભારતના નિર્માણમાં સહભાગી બનીએ"

**વડોદરા**

વડોદરા શહેરના PM શ્રી કેન્દ્રીય વિદ્યાલય, સંગમ ચાર રસ્તા ખાતે Sports Authority of India (SAI), Fit India Movement અને *નશા મુક્ત ભારત અભિયાન (NMBA)*ના સંયુક્ત ઉપક્રમે 'Sundays on Cycle' કાર્યક્રમ અંતર્ગત વિશેષ ગેમ ઝોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકો, યુવાનો, વાલીઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગેમ ઝોનમાં હૂપ ગેમ, ચેસ સહિત વિવિધ મનોરંજક અને ફિટનેસ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા સહભાગીઓને શારીરિક તંદુરસ્તી, માનસિક ચપળતા અને ટીમવર્કનું મહત્વ સમજાવવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય *"નશા મુક્ત ભારત - ફિટ ભારત"*નો સંદેશ જનજન સુધી પહોંચાડવાનો તેમજ યુવા પેઢીને સાયકલિંગ, રમતગમત અને નિયમિત વ્યાયામ તરફ પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ લોકોએ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને નશાથી દૂર રહેવાનો સંકલ્પ લીધો. આયોજકોએ જણાવ્યું હતું કે "Sundays on Cycle" માત્ર સાયકલિંગ પૂરતો મર્યાદિત કાર્યક્રમ નથી.

# ડભોઈ પોલીસનું 'ઓપરેશન પરાક્રમ': વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગર ઝડપાયા, TUV અને ઇકો ગાડી સહિતનો મુદ્દામાલ જપ્ત

### ડભોઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.ટી. પટેલને ચોક્કસ બાતમી મળી હતી

**ડભોઈ**

વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ અને વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદિપસિંહ દ્વારા જીલ્લામાં ગુનેગારો, બુટલેગર્સ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારાઓ સામે 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ જ ઝુંબેશના ભાગરૂપે ડભોઈ ડિવિઝનના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક પી.એન. પટેલના માર્ગદર્શન હેઠળ ડભોઈ પોલીસે પ્રોહિબિશનનો એક મોટો કેસ શોધી કાઢવામાં સફળતા મેળવી છે.

ડભોઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.ટી. પટેલને ચોક્કસ બાતમી મળી હતી કે, છોટાઉદેપુર તરફથી નસવાડી અને બુંજેઠા થઈને ડભોઈ-વડોદરા તરફ એક સફેદ રંગની મહિન્દ્રા TUV 300 ગાડી (રજી. નં. GJ-04-CJ-3079) વિદેશી દારૂનો જથ્થો



ભરીને ભાવનગર તરફ જઈ રહી છે. આ ગાડીની આગળ એક સફેદ રંગની ઈકો ગાડી (રજી. નં. GJ-04-EJ-2368) પાયલોટિંગ કરી રહી છે.

બાતમીના આધારે ડભોઈ પોલીસની ટીમે પલાસવાડા રેલ્વે ફાટક પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પાયલોટિંગ કરી રહેલી ઈકો ગાડી આવતા જ પોલીસે ખાનગી વાહનો આડા ધરી તેને રોકી લીધી હતી અને ગાડીમાં સવાર બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. જોકે, પાછળ આવી રહેલી TUV 300 ગાડીના ચાલકે દુરથી જ પોલીસને જોઇ જતા, તે પોતાની ગાડી રોડ પર જ મુકીને નાસી છૂટ્યો હતો.

પોલીસે બિનવારસી હાલતમાં મુકેલી TUV 300 ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ 1,384 નંગ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત 4,42,424 જેટલી થાય છે. પોલીસે દારૂનો જથ્થો અને બંને વાહનો કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પકડાયેલા આરોપીઓ:

૧. સંતોષભાઈ પ્રવિણભાઈ જેઠવા (ઉ.વ. ૨૪, રહે. હાથબ બાજોઠીયાવાડી, તા.જી. ભાવનગર)

૨. સાગરભાઈ પ્રેમજીભાઈ બારૈયા (ઉ.વ. ૨૧, રહે. હાથબ, તા.જી. ભાવનગર)



### થિયેટરમાં ફિલ્મ જોવા પહોંચ્યા શરવરી અને વેદાંગ રૈના

# 'મેં વાપસ આઉંગા' પર શર્વરીએ ભાવનાત્મક પોસ્ટ લખી, કહ્યું- દર્શકોએ ફિલ્મને અપનાવી

મુંબઈ

ફિલ્મ 'મેં વાપસ આઉંગા' સિનેમાઘરોમાં સતત સારું પ્રદર્શન કરી રહી છે. તાજેતરમાં ફિલ્મના મુખ્ય કલાકારો શર્વરી અને વેદાંગ રૈના દર્શકો સાથે એક સ્પેશિયલ સ્ક્રીનિંગમાં સામેલ થવા થિયેટર પહોંચ્યો. ફિલ્મને મળી રહેલા સારા રિસ્પોન્સને જોઈને શર્વરીએ સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ નોટ શેર કરીને ફેન્સનો આભાર માન્યો છે. આ ફિલ્મ ભારત-પાકિસ્તાન વિભાજનના સમયગાળાના બેકગ્રાઉન્ડ પર આધારિત એક ઈમોશનલ ડ્રામા છે, જેમાં નસીરુદ્દીન શાહ અને દિલજીત દોસાંઝ પણ મહત્વના પાત્રોમાં છે.

થિયેટર વિઝિટની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતા શર્વરીએ દર્શકોનો આભાર વ્યક્ત કર્યો. તેમણે લખ્યું કે કેટલીક વાર્તાઓ ક્રેડિટ રોલ થયા પછી સમાપ્ત થતી નથી. તે દરેક ભાવના, દરેક વાતચીત અને સોશિયલ મીડિયા રીલ્સમાં જીવંત રહે છે. શર્વરીએ આગળ લખ્યું કે દર્શકોએ જિયા અને કીનૂ (ફિલ્મના પાત્રો)ને પોતાના દિલમાં સ્થાન આપ્યું અને આ ફિલ્મને સંપૂર્ણપણે પોતાની બનાવી લીધી. તેણે પ્રશંસકોના એક સોશિયલ મીડિયા ટ્રેન્ડને ફરીથી બનાવીને તેનો આભાર માન્યો. આ પહેલા 'મૈં વાપસ આઉંગા'ને પાકિસ્તાનથી પણ પ્રશંસા મળી ચૂકી છે.

પાકિસ્તાની ફિલ્મમેકર ઉમર નાસિર અલીએ આ ફિલ્મની ખૂબ પ્રશંસા કરતા તેને એક અત્યંત સુંદર અને ઊંડી ભાવનાત્મક ફિલ્મ ગણાવી છે. ઉમર નાસિરના મતે, આ ફિલ્મ તેમના હૃદયની ખૂબ નજીક છે કારણ કે તેઓ પોતે પણ આ જ વિષય પર એક ફિલ્મ બનાવી રહ્યા છે. આ દરમિયાન ફિલ્મને મળી રહેલા સારા પ્રતિસાદની અસર તેના બોક્સ ઓફિસ કલેક્શન પર પણ દેખાઈ રહી છે અને સોમવારે કામકાજનો દિવસ હોવા છતાં ફિલ્મની કમાણી વધી ગઈ છે. સિનેમાઘરોમાં સામાન્ય દર્શકો ઉપરાંત ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો પણ આ પીરિયડ ડ્રામાના વખાણ કરી રહ્યા છે. ફિલ્મમેકર ઝોયા અખ્તર, અનુરાગ કશ્યપ અને અનુભવ સિંહાએ પણ ફિલ્મના વખાણ કર્યા છે. ઝોયા અખ્તરે સોશિયલ મીડિયા પર આખી ટીમને અભિનંદન પાઠવ્યા. ફિલ્મની વાર્તા ત્રણ પેઢીઓની ભાવનાત્મક સફર દર્શાવે છે, જેમાં ભાગલાના જખમોને એક પ્રેમ કહાણી સાથે રજૂ કરવામાં આવ્યા છે. વાર્તા પાકિસ્તાનના સરગોધાથી ભારત આવેલા એક શીખ પરિવારની આસપાસ ફરે છે. ભાગલા સમયે યુવાન કીનુ (વેદાંગ રૈના) તેની પ્રેમિકા અફસાના (શરવરી) થી અલગ થઈ જાય છે. લગભગ 70 વર્ષ પછી, 95 વર્ષના થઈ ચૂકેલા કીનુ (નસીરુદ્દીન શાહ) પોતાના જીવનના અંતિમ તબક્કે એક છેલ્લી વાર સરગોધા પાછા જવા માંગે છે.

**ફિલ્મની વાર્તા ત્રણ પેઢીઓની ભાવનાત્મક સફર દર્શાવે છે**

# સલમાનનો પરિવાર નવા ઘરમાં શિફ્ટ થશે!

## રિપોર્ટ અનુસાર, આ નવો પ્લોટ ગેલેક્સી એપાર્ટમેન્ટથી થોડાક સો મીટરના અંતરે છે

મુંબઈ

એક્ટર સલમાન ખાન અને તેનો પરિવાર મુંબઈના બાંદ્રા વિસ્તારમાં નવું ઘર બનાવવાની તૈયારી કરી રહ્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક રિપોર્ટમાં આવો દાવો કરવામાં આવ્યો છે. જેના પછી એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે સલમાનનો પરિવાર ગેલેક્સી એપાર્ટમેન્ટ છોડી દેશે. જોકે, હજુ સુધી આ વાતની ઓફિશિયલ કન્ફર્મેશન થઈ નથી. વર્ષ 2024માં એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ થયું હતું, જેની જવાબદારી લોરેન્સ ગેંગે લીધી હતી. રિપોર્ટ અનુસાર, 16 જૂને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (MCZMA) એ બાંદ્રાના ચિમ્બાઈ વિસ્તારમાં છ માળની સી-ફેસિંગ રેસિડેન્શિયલ બિલ્ડિંગ બનાવવાની મંજૂરી આપી. રિપોર્ટ અનુસાર, આ નવો પ્લોટ ગેલેક્સી એપાર્ટમેન્ટથી થોડાક સો મીટરના અંતરે છે. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ મુજબ, નવો પ્લોટ સલમાનની માતા સલમા ખાનના નામે છે. MCZMAની મીટિંગના રેકોર્ડમાં જણાવાયું છે કે અહીં 1956 પહેલા બનેલું બે માળનું મકાન હતું. આ જમીન પહેલા મેરી ક્લોટિલ્ડા બેપ્ટિસ્ટાના નામે હતી. પછીથી ઘણી વાર માલિકો બદલાયા અને 2011માં ખાન પરિવારે તેને ખરીદી લીધી. જૂની બિલ્ડિંગ જર્જરિત હોવાને કારણે તેને પાડી દેવામાં આવી હતી. હવે આ પ્લોટ પર ગ્રાઉન્ડ, સ્ટિલ્ટ અને છ માળની રેસિડેન્શિયલ બિલ્ડિંગ બનાવવામાં આવશે. આ કન્સ્ટ્રક્શન ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન 2034ના રેગ્યુલેશન 33(16) હેઠળ કરવામાં આવશે. ડોક્યુમેન્ટ્સ મુજબ, પ્રોજેક્ટમાં 1.459 FSIનો ઉપયોગ થશે. BMCએ 28 ઓક્ટોબર, 2025ના રોજ IOD (પરમિશન) જારી કરી હતી. રિપોર્ટ મુજબ, આ પ્રોજેક્ટનું નિર્માણ સચ ડેવલપર્સ કરશે. કુલ કન્સ્ટ્રક્શન એરિયા 1,014.11 સ્ક્વેર મીટર હશે. મ્યુનિસિપલ રોડથી બિલ્ડિંગ સુધી 6.01 મીટર પહોળો એક્સેસ રોડ પણ બનાવવામાં આવશે. દસ્તાવેજોમાં એ પણ લખવામાં આવ્યું છે કે બાંધકામ માટે કોઈ નવું વૃક્ષ કાપવામાં આવશે નહીં કે કોઈ વૃક્ષને બીજી જગ્યાએ ખસેડવામાં આવશે નહીં



# ટીવી સુપરસ્ટાર ગૌરવ ખન્ના અને આકાંક્ષા ચમોલાના 10 વર્ષ જૂના લગ્નજીવનનો અંત

## અભિનેતા ગૌરવ ખન્ના અને આકાંક્ષા ચમોલા પરસ્પર સંમતિથી છૂટાછેડા લઈ રહ્યા હોવાનો ખુલાસો આકાંક્ષાએ રિયાલિટી શો 'લોક અપ 2' માં કર્યો છે

મુંબઈ

અભિનેતા ગૌરવ ખન્ના અને આકાંક્ષા ચમોલા પરસ્પર સંમતિથી છૂટાછેડા લઈ રહ્યા હોવાનો ખુલાસો આકાંક્ષાએ રિયાલિટી શો 'લોક અપ 2' માં કર્યો છે. ટેલિવિઝન જગતના લોકપ્રિય અભિનેતા ગૌરવ ખન્નાના અંગત જીવનને લઈને એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. રિયાલિટી શો 'લોક અપ' સીઝન 2 ના પ્રથમ જ એપિસોડમાં ગૌરવ ખન્નાની પત્ની અને અભિનેત્રી આકાંક્ષા ચમોલાએ સત્તાવાર ખુલાસો કર્યો છે કે તેઓ બંને છૂટાછેડા લઈ રહ્યા છે. આકાંક્ષાએ શો દરમિયાન સ્વીકાર્યું હતું કે તેઓ છેલ્લા 1 વર્ષથી એકબીજાથી અલગ રહી રહ્યા છે, પરંતુ આ વાત તેમણે અત્યાર સુધી દુનિયાથી છુપાવી રાખી હતી. વર્ષ 2016 માં લગ્નગ્રંથિથી જોડાયેલા આ કપલનો સંબંધ 10 વર્ષ બાદ અંત તરફ જઈ રહ્યો હોવાના સમાચારથી ચાહકો આઘાતમાં સરી પડ્યા છે. શો દરમિયાન હોસ્ટ રિતેશ દેશમુખ અને ફરાહ ખાન દ્વારા આકાંક્ષા ચમોલાને પોતાનું કોઈ એક મોટું રહસ્ય જાહેર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આ તક પર આકાંક્ષાએ ભારે હૃદયે સ્વીકાર્યું કે ગૌરવ સાથેનો તેનો સંબંધ હવે કાયમ માટે સમાપ્ત થઈ રહ્યો છે. તેણે સ્પષ્ટ કર્યું કે આ છૂટાછેડાનો નિર્ણય કોઈ વિવાદને કારણે નહીં, પરંતુ બંનેની પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો છે. તેઓ છેલ્લા 1 વર્ષથી આ વિષય પર ગંભીરતાથી ચર્ચા કરી રહ્યા હતા. રિતેશના એક પ્રશ્નના જવાબમાં આકાંક્ષાએ પુષ્ટિ કરી હતી કે અલગ થવાનો આ અંતિમ નિર્ણય 'બિગ બોસ 19' દરમિયાન લેવાયો હતો. પોતાની વાત આગળ રાખતા આકાંક્ષાએ જણાવ્યું કે અલગ રહેવા છતાં તેમની વચ્ચે કોઈ કડવાશ કે નારાજગી નથી અને તેઓ આજે પણ એકબીજા સાથે સભ્યતાથી વાતચીત કરે છે. જોકે, પતિ-પત્ની તરીકે તેમની વચ્ચે જે લગાવ હોવો જોઈએ તે હવે અદૃશ્ય થઈ ગયો છે અને બંને પોતાના ભવિષ્યમાં અલગ રસ્તાઓ ઈચ્છે છે. આ નિર્ણય તેમના પરિવારો માટે પણ એક મોટો ફટકો સાબિત થયો છે. બીજી તરફ, મીડિયા અહેવાલો મુજબ આ દંપતી વચ્ચે લાંબા સમયથી ફેમિલી પ્લાનિંગને લઈને પણ મતભેદ ચાલી રહ્યા હતા.





# સમય રૈનાના શૉ 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જોવા મળશે જોની સિન્સ?

## પ્રખ્યાત એડલ્ટ ફિલ્મ સ્ટાર જોની સિન્સ અને કોમાટોઝ 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' સીઝન 2 (India's Got Latent Season 2) માં ગેસ્ટ તરીકે નજરે પડશે


મુંબઈ

સોશિયલ મીડિયા પર હાલમાં એક વીડિયો ભારે ધૂમ મચાવી રહ્યો છે, જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પ્રખ્યાત એડલ્ટ ફિલ્મ સ્ટાર જોની સિન્સ (Johnny Sins) અને કોમાટોઝ (Comatose) સમય રૈનાના અત્યંત લોકપ્રિય શૉ 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' સીઝન 2 (India's Got Latent Season 2) માં ગેસ્ટ તરીકે નજરે પડશે. આ દાવા સાથે જોડાયેલી એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર આગની જેમ વાયરલ થઈ રહી છે, જેને જોઈને ફેન્સ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ સીઝન 2 ની ધમાકેદાર શરૂઆત સ્ટૅન્ડ-અપ કોમેડિયન સમય રૈના (Samay Raina) પોતાના સુપરહિટ રિયાલિટી શૉ 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની બીજી સીઝન સાથે ધમાકેદાર વાપસી કરી ચૂક્યો છે. આ સીઝનના પ્રથમ એપિસોડમાં સેલિબ્રિટી ગેસ્ટ તરીકે બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટ અને શરવરી વાઘ સામેલ થયા હતા. આ શૉ 20 જૂનના રોજ નેટફ્લિક્સ (Netflix) અને યુટ્યુબ પર સત્તાવાર રીતે રિલીઝ કરવામાં આવ્યો છે. હવે ફેન્સ આ શૉના બીજા એપિસોડની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તેવામાં જોની સિન્સના નામે સોશિયલ મીડિયા પર અવનવી અટકળો શરૂ થઈ ગઈ છે. જોની સિન્સ અને સમય રૈનાનો વીડિયો કેવી રીતે વાયરલ થયો? વાયરલ થઈ રહેલી ટૂંકી વીડિયો ક્લિપમાં એડલ્ટ ફિલ્મ સ્ટાર જોની સિન્સ અને કોમાટોઝ સમય રૈના સાથે એકસાથે ઉભા રહીને પોઝ આપતા જોવા મળી રહ્યા છે. આ દ્રશ્ય સામે આવ્યા બાદ ઓનલાઈન યુઝર્સે અલગ-અલગ અંદાજ લગાવવાના શરૂ કરી દીધા છે. ઘણા યુઝર્સ દાવો કરી રહ્યા છે કે આ બંને આંતરરાષ્ટ્રીય હસ્તીઓ 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' સીઝન 2 ના આગામી એપિસોડમાં જજ અથવા સ્પેશિયલ કન્ટેસ્ટન્ટ તરીકે એન્ટ્રી લેવાના છે. વાયરલ વીડિયોની અસલી સચ્ચાઈ: AI ની કમાલ ફેક્ટ ચેક (Fact Check): વાયરલ થઈ રહેલા આ વીડિયો પાછળનું અસલી સત્ય એ છે કે આ વીડિયો સંપૂર્ણપણે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ટેક્નોલોજી દ્વારા બનાવવામાં આવ્યો છે. આ કોઈ વાસ્તવિક ઘટના કે અસલી શૂટિંગનું રેકોર્ડિંગ નથી.

# રોહિત શેટ્ટીને ફરી ધમકી મળી, ₹20 કરોડની ખંડણીની માંગ: લોરેન્સ ગેંગનો કથિત ઓડિયો મળ્યો, અગાઉ ફાયરિંગ થયુ હતુ

મુંબઈ

'સિંઘમ' ફિલ્મમેકર રોહિત શેટ્ટીને કથિત રીતે લોરેન્સ ગેંગ તરફથી 20 કરોડની ખંડણી માંગવાની ધમકી મળી છે. 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, આ ધમકી એક ઓડિયો ક્લિપ દ્વારા આપવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, જો રકમ નહીં ચૂકવવામાં આવે, તો આ વખતે નિશાન સીધા રોહિત શેટ્ટી હશે. શુભમ લોણકરનો અવાજ હોવાની શક્યતા આ ઘટના તેમના જુહુ સ્થિત ઘરે ચાર મહિના પહેલા થયેલી ફાયરિંગ બાદ સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે સવારે રોહિત શેટ્ટીના સ્ટાફને લગભગ 90 સેકન્ડની એક ઓડિયો ક્લિપ મળી. તેમાં કથિત રીતે લોરેન્સના નજીકના સહયોગી શુભમ લોણકરનો અવાજ છે. શુભમ લોણકર 2024માં નેતા બાબા સિદ્દીકીની હત્યા અને ફેબ્રુઆરી 2026માં રોહિત શેટ્ટીના ઘરે થયેલી ફાયરિંગના કેસમાં વોન્ટેડ છે. ફિલ્મમેકર રોહિત શેટ્ટીને ફરીથી ધમકી આપવામાં આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ જણાવ્યું કે, સ્ટાફે ધમકીભર્યો ઓડિયો પોલીસને સોંપી દીધો છે. જુહુ પોલીસ કેસ નોંધી રહી છે. પ્રાથમિક તપાસમાં અવાજ શુભમ લોણકરનો લાગી રહ્યો છે અને ક્લિપને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવી છે. 1 ફેબ્રુઆરીના રોજ મોડી રાત્રે જુહુ સ્થિત મહેમૂદ ચોક પાસે રોહિત શેટ્ટીના ઘરની બહાર પાંચ ગોળીઓ ચલાવવામાં આવી હતી. આ હુમલાની જવાબદારી લોરેન્સ ગેંગે લીધી હતી. બાઈક સવાર દીપક શર્માએ ફાયરિંગ કર્યું હતું, જેને બાદમાં ઉત્તર પ્રદેશના આગ્રાથી પકડવામાં આવ્યો હતો. તપાસમાં દીપક શર્માએ જણાવ્યું હતું કે, તે સોશિયલ મીડિયા પર લોરેન્સ ગેંગ સાથે જોડાયેલી પોસ્ટથી પ્રભાવિત થઈને ગેંગમાં જોડાયો હતો. 1 ફેબ્રુઆરી 2026ની રાત્રે જુહુ વિસ્તારમાં આવેલા 'શેટ્ટી ટાવર' પર હુમલાખોરોએ ફાયરિંગ કર્યું હતું. એપ્રિલમાં ક્રાઈમ બ્રાન્ચે આ મામલે 1,624 પાનાની ચાર્જશીટ દાખલ કરી, જેમાં 15 લોકોને આરોપી બનાવવામાં આવ્યા. જ્યારે, પ્રવીણ લોણકર અને આરઝૂ બિશ્નોઈને ફરાર જાહેર કરવામાં આવ્યા. 'સુધરીશ નહીં તો બેડરૂમમાં આવીને છાતીમાં ગોળી ધરબી દેશું' 'ન્યૂઝ18'ના અહેવાલ મુજબ, જ્યારે ડિરેક્ટરના ઘરની બહાર ફાયરિંગ થયું, ત્યારે રોહિત શેટ્ટી ઘરમાં અંદર જ હતો. સદનસીબે તેને કોઈ ઈજા થઈ નહોતી. આ હુમલાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે સ્વીકારી છે. આરજૂ બિશ્નોઈ અને હરિ બોક્સર હરમન સંધૂએ જવાબદારી લેતા લખ્યું, 'અમે આને ઘણીવાર મેસેજ કર્યા કે અમારા કામમાં દખલગીરી ન કરે પરંતુ તેને સમજાણું નહીં તેથી આ નાનકડું ટ્રેલર દેખાડ્યું છે કે, જો આગળ પણ અમારી વાત સમજી અને માની નથી.



## આર્જેન્ટિનાની સતત ત્રીજી જીત બાદ નોકઆઉટની તસવીર સાફ

# ફિફા વર્લ્ડ કપમાં મેસી મેજિક! ફરી બનાવ્યો વર્લ્ડરેકોર્ડ

મેક્સિકો સિટી

ફિફા વર્લ્ડ કપ 2026માં આર્જેન્ટિનાની દરેક મેચની ચાહકો આતુરતાથી રાહ જોતા હોય છે. પોતાના કરિયરના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં ચાલી રહેલા લિયોનેલ મેસીની ટીમ અદ્ભુત રમત બતાવી રહી છે. ગ્રુપ J માં શનિવારે જ્યારે છેલ્લી વ્હીસલ વાગી, ત્યારે ઘણું બધું બદલાઈ ચૂક્યું હતું. મેસીએ ઈતિહાસ રચ્યો, અને આર્જેન્ટિનાએ ગ્રુપ સ્ટેજની સફર સતત જીત સાથે પૂરી કરી. જ્યારે ઓસ્ટ્રિયાએ ઈન્જરી ટાઈમમાં ગોલ કરીને પોતાને અને અલ્જીરિયા બંનેને રાઉન્ડ ઓફ 32માં પહોંચાડી દીધા. આ સાથે જ ઈરાનની વર્લ્ડ કપની આશાઓ પર પાણી ફરી વળ્યું. પરિણામથી નોકઆઉટનું ચિત્ર સ્પષ્ટ થયું આર્જેન્ટિના ત્રણેય મેચ જીતીને ગ્રુપમાં ટોપ પર રહ્યું, જ્યારે ઓસ્ટ્રિયા સાસા કાલાજિડચના અંતિમ ક્ષણોના ગોલને કારણે બચી ગયું. અલ્જીરિયા



ત્રીજા સ્થાને રહીને આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે. ક્વોલિફિકેશનની આ જંગ વચ્ચે મેસીએ પોતાના શાનદાર કરિયરમાં વધુ એક વર્લ્ડ કપ રેકોર્ડ ઉમેર્યો. આર્જેન્ટિનાના કેપ્ટન મેસી સતત સાત વર્લ્ડ કપ મેચોમાં ગોલ કરનારા વિશ્વના પ્રથમ ખેલાડી બન્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ડલાસમાં જોર્ડનને 3-1 થી હરાવીને ગ્રુપ સ્ટેજમાં પોતાનું પરફેક્ટ પ્રદર્શન જાળવી રાખ્યું હતું. મેસીના મોટા ફેરફારથી ઉલટફેર! ટીમનું ક્વોલિફિકેશન પહેલાથી જ નક્કી થઈ ગયું હોવાથી, કોચ અને મેસીએ આ મેચ માટે ટીમમાં મોટા ફેરફારો કર્યા હતા, અને ઓસ્ટ્રિયા સામે રમેલી ટીમમાંથી નવ નવા ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હતા. તેમ છતાં, બદલાયેલી ટીમ સાથે પણ આર્જેન્ટિનાએ શરૂઆતથી જ મેચ પર પકડ મજબૂત રાખી હતી. 19મી મિનિટે જીઓવાની લો સેલ્સોએ શાનદાર ફ્રી-કિક દ્વારા ગોલ કરીને ખાતું ખોલાવ્યું હતું. આ વર્લ્ડ કપમાં મેસી સિવાય ગોલ કરનાર તે પ્રથમ આર્જેન્ટિનાનો ખેલાડી બન્યો હતો. ત્યારબાદ લાઉતારો માર્ટિનેઝે પેનલ્ટી દ્વારા લીડ 2-0 કરી દીધી હતી. માર્ટિનેઝનો પ્રથમ પ્રયાસ ક્રોસબાર સાથે અથડાઈને પાછો આવ્યો હતો, પરંતુ રીબાઉન્ડ પર તેણે તક ગુમાવી ન હતી. મેસી લગભગ એક કલાકની રમત પછી મેદાન પર આવ્યો, અને તેના આશરે 20 મિનિટ બાદ ફરીથી સ્કોરશીટ પર પોતાનું નામ નોંધાવી દીધું. 80મી મિનિટે તેના શાંત અને સચોટ ફિનિશિંગે વર્લ્ડ કપમાં, તેના કુલ ગોલની સંખ્યા 19 પર પહોંચાડી દીધી. આ ટૂર્નામેન્ટમાં આ તેનો છઠ્ઠો ગોલ હતો. આ ગોલની સાથે જ તે સતત સાત વર્લ્ડ કપ મેચોમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બની ગયો છે, અને ફ્રાન્સના જસ્ટ ફોન્ટેન તેમજ બ્રાઝિલના મહાન ખેલાડી જૈરઝિન્હોથી આગળ નીકળી ગયો છે. જોર્ડને અંતિમ ક્ષણોમાં એક ગોલ પાછો ખેંચ્યો હતો, પરંતુ તેનાથી આર્જેન્ટિનાની જીતની ખુશી પર કોઈ ખાસ અસર પડી નહીં. ડિફેન્ડિંગ ચેમ્પિયને સતત ત્રીજી જીત નોંધાવી, અને હવે તેઓ શુક્રવારે મિયામીમાં રાઉન્ડ ઓફ 32માં કેપ વર્ડેનો સામનો કરશે. જો આર્જેન્ટિના માટેનો રસ્તો સરળ રહ્યો, તો બાકીના બે ક્વોલિફિકેશન સ્થાનો માટેની લડાઈ તદ્દન રોમાંચક છે. ઓસ્ટ્રિયા અને અલ્જીરિયા વચ્ચે રોમાંચક ડ્રો ઓસ્ટ્રિયા અને અલ્જીરિયા વચ્ચે ટૂર્નામેન્ટની સૌથી રોમાંચક મેચોમાંની એક રમાઈ હતી.

## અન-ઑફિશિયલ ટેસ્ટ, ઈન્ડિયા-Aની લીડ 170 રન થઈ

લંડન


ઈન્ડિયા-એ એ શ્રીલંકા-A સામેની પ્રથમ અન-ઑફિશિયલ ટેસ્ટ પર પોતાની પકડ વધુ મજબૂત કરી લીધી છે. ગૉલમાં ત્રીજા દિવસે ટીમે 170 રનની લીડ મેળવી અને સ્ટમ્પ્સ સુધી કોઈ વિકેટ ગુમાવ્યા વિના 48 રન બનાવ્યા. દેવદત્ત પડિકલ અને આયુષ પાંડે અણનમ પરત ફર્યા. પ્રથમ ઈનિંગ્સમાં સદી ફટકારનાર ઓપનર સાઈ સુદર્શન માત્ર 7 રન બનાવીને ઈજાગ્રસ્ત થવાને કારણે રિટાયર્ડ હર્ટ થયો. ઝડપી બોલર આકિબ નબીની 4 વિકેટની મદદથી શ્રીલંકા-Aની પ્રથમ ઈનિંગ્સ 330 રનમાં સમેટાઈ ગઈ. આ પહેલા ભારતે 452/6 પર ઈનિંગ્સ ડિક્લેર કરી હતી. આકિબ નબીએ નીચલા ક્રમના બેટર્સે પેવેલિયન ભેગા કર્યા શ્રીલંકા-Aએ ત્રીજા દિવસે 113/2 થી આગળ રમવાનું શરૂ કર્યું. નુવાનિદુ ફર્નાન્ડો અને અશેન બંડારાએ ત્રીજી વિકેટ માટે 105 રનની ભાગીદારી કરી. ફર્નાન્ડોને 84 રન પર યશ ઠાકુરે આઉટ કર્યો. આ પછી કેપ્ટન સહાન અરાચ્ચિગે અને અશેન બંડારાએ ચોથી વિકેટ માટે 117 રન જોડીને ટીમને સંભાળી. બંડારાએ 70 અને અરાચ્ચિગેએ 72 રન બનાવ્યા. એક સમયે શ્રીલંકા-Aનો સ્કોર 300 રનને પાર પહોંચી ગયો હતો, પરંતુ આ પછી ભારતીય બોલરોએ શાનદાર કમબેક કર્યું. આકિબ નબીએ છેલ્લી પાંચમાંથી ચાર વિકેટ લઈને શ્રીલંકા-Aની ઈનિંગ્સ 330 રન પર સમેટી દીધી. તેણે 19.4 ઓવરમાં 58 રન આપીને 4 વિકેટ લીધી. હર્ષ દુબે અને યશ ઠાકુરને બે-બે વિકેટ મળી. 122 રનની લીડ સાથે બીજી ઈનિંગ્સ શરૂ કરવા ઉતરેલી ઈન્ડિયા-Aને શરૂઆતમાં જ ઝટકો લાગ્યો. પહેલી ઈનિંગ્સમાં સદી ફટકારનાર સાઈ સુદર્શન ચોથી ઓવરમાં 7 રન બનાવીને ઈજાગ્રસ્ત થયો અને રિટાયર્ડ હર્ટ થઈને મેદાન છોડવું પડ્યું. સાઈ સુદર્શનના રિટાયર્ડ હર્ટ થયા બાદ દેવદત્ત પડિકલ અને છત્તીસગઢના યુવા બેટર આયુષ પાંડેએ જવાબદારી સંભાળી. બંનેએ કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના દિવસની રમત સમાપ્ત થવા સુધી 48 રન જોડ્યા.

### T20 બ્લાસ્ટમાં નોટિંગહામશાયર માટે રમશે

## ઈંગ્લેન્ડનો ડોમેસ્ટિક પ્લેયર બન્યો પાક. પેસર મોહમ્મદ આમિર

લંડન

ક્રિકેટમાં ખેલાડીઓની ઓળખ ઘણીવાર તેમના પ્રદર્શનથી બને છે. પરંતુ ઘણીવાર મેદાનની બહાર લેવાયેલો એક નિર્ણય પણ તેમની કારકિર્દીની દિશા બદલી નાખે છે. પાકિસ્તાનના ઝડપી બોલર મોહમ્મદ આમિર સાથે પણ કંઈક આવું જ બન્યું છે. 34 વર્ષીય આમિરને બ્રિટનનો પાસપોર્ટ મળી ગયો છે. આ સાથે જ તેણે ઈંગ્લેન્ડની કાઉન્ટી ટીમ નોટિંગહામશાયર સાથે T20 બ્લાસ્ટની બાકીની મેચો માટે કરાર કર્યો છે. તે સ્થાનિક ખેલાડી તરીકે ટુર્નામેન્ટમાં ભાગ લેશે. હકીકતમાં, આમિરે એક બ્રિટિશ નાગરિક મહિલા સાથે લગ્ન કર્યા હતા અને આ જ



આધારે તેને બ્રિટિશ નાગરિકતા મળી. આનો સીધો ફાયદો નોટિંગહામશાયરને મળ્યો છે. હવે ટીમ તેને વિદેશી ખેલાડીઓના કોટામાં સામેલ કર્યા વિના મેદાન પર ઉતારી શકે છે. એટલે કે, ટીમના વિદેશી ખેલાડીઓની સંખ્યા પણ પ્રભાવિત નહીં થાય અને આમિરનો અનુભવ પણ ટીમને કામ આવશે. આ દરમિયાન, આમિરને બ્રિટિશ નાગરિકતા મળવાથી તેના IPL રમવાની ચર્ચાઓ પણ તેજ બની ગઈ છે. હકીકતમાં, IPLમાં રમવા માટે ખેલાડીનું કોઈ માન્યતા પ્રાપ્ત ક્રિકેટ બોર્ડ સાથે નોંધાયેલું હોવું જરૂરી છે.

પરંતુ 2008ના મુંબઈ આતંકી હુમલાઓ પછી પાકિસ્તાની ખેલાડીઓને IPLમાંથી પ્રતિબંધિત કર્યા હતા. આથી છેલ્લા 18 વર્ષમાં કોઈપણ પાકિસ્તાની ખેલાડી IPLમાં રમી શક્યો નથી. જોકે, 2008ની પ્રથમ IPL સીઝનમાં 11 પાકિસ્તાની ખેલાડીઓ રમ્યા હતા. તેમાંથી સોહેલ તનવીર સૌથી સફળ રહ્યો હતો, જેમણે રાજસ્થાન રોયલ્સ માટે 22 વિકેટ લઈને પર્પલ કેપ જીતી હતી.

# હાર્દિક-માહિકાએ ચૂપચાપ લગ્ન કરી લીધા!

### પંડ્યાની ગર્લફ્રેન્ડનો લાલ ચાંલ્લો અને સેંથો પૂરેલો ફોટો વાઇરલ, સોશિયલ મીડિયામાં અટકળોએ જોર પકડ્યું

મુંબઈ

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા IPL 2026 બાદ ક્રિકેટમાંથી બ્રેક પર છે. તે ભારતના આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસનો ભાગ નથી. આ દરમિયાન તે પોતાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ક્વોલિટી ટાઈમ વિતાવી રહ્યા છે. આ વચ્ચે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી કેટલીક તસવીરોએ ફેન્સનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. એવા સમાચાર છે કે હાર્દિકે માહિકા સાથે લગ્ન કરી લીધા છે. આ કપલની જે તસવીરો સોશિયલ મીડિયામાં સતત વાઈરલ થઈ રહી છે.

હાર્દિક- માહિકાએ લગ્ન કરી લીધા? તમને જણાવી દઈએ કે વાઈરલ થઈ રહેલી તસવીરમાં માહિકા શર્માના સેંથામાં સિંદૂર અને કપાળ પર લાલ રંગની બિંદી જોવા મળી રહી છે. તો વળી હાર્દિકના કપાળ પર પણ તિલક લગાવેલવું છે. એવી અટકળો છે કે તસવીરમાં બંને માહિકાની માતા સાથે પોઝ આપતા નજરે પડી રહ્યા છે. આ તસવીર સામે આવ્યા બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે કપલે પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કરી લીધા છે. જોકે, ન તો હાર્દિક કે ન તો માહિકા શર્માએ લગ્નના સમાચારને કન્ફર્મ કર્યા છે. બીજી તરફ તસવીર વાઈરલ થયા બાદ સોશિયલ મીડિયા પર હલચલ મચી ગઈ છે અને તમામ યુઝર્સ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે. T20 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરી ભારતે મેચ જીત્યા બાદ સ્ટેડિયમમાં જીતનું સેલિબ્રેશન ચાલી રહ્યું હતું. આ દરમિયાન માહિકાએ હાર્દિકને સ્ટેડિયમમાં કિસ કરી હતી. કપલ એકબીજાનો હાથ પકડીને સ્ટેડિયમ વચ્ચે ડાન્સ કરતા જોવા મળ્યું હતું. બાદમાં હાર્દિક-માહિકા બધાની ચિંતા છોડીને સ્ટેડિયમમાં બનેલા પોડિયમ પર રોમેન્ટિક થતા દેખાયા હતા. બંને પોડિયમ પર સૂતેલા હતા અને એકબીજા સાથે વાતો કરવામાં વ્યસ્ત હતા. આ ઘટનાના વીડિયો વાઈરલ થયા બાદ યુઝર્સે હાર્દિકને ખૂબ ટ્રોલ કર્યો હતો. હાર્દિક પંડ્યાએ 19 ફેબ્રુઆરીના રોજ માહિકા શર્માનો 25મો જન્મદિવસ ઉજવ્યો હતો. હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર માહિકા સાથેની કેટલીક સુંદર પળોનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં બંને સાથે સમય વિતાવતા અને મસ્તી કરતા જોવા મળ્યા હતા. હાર્દિકે આ પોસ્ટ સાથે કેપ્શનમાં લખ્યું હતું, 'હેપી બર્થ-ડે માય પ્રિન્સેસ... 25 વર્ષ પહેલાં આ વર્લ્ડમાં જન્મ લેવા માટે થેન્ક યુ. તું ખૂબ જ અદભુત વ્યક્તિ છે..આઈ લવ યુ.' થોડા મહિના પહેલા હાર્દિકે ગર્લફ્રેન્ડ મહિકા સાથેના પ્રેમ, ઓળખ અને રિલેશનશિપની વ્યક્તિગત વાર્તા દર્શાવતું ટેટુ બનાવડાવ્યું હતું. તેણે ગળા પર 'M' અક્ષરનો ટેટૂ બનાવ્યો છે, જેમાં બે ચિત્તા પણ છે. ટેટૂ બનાવનાર ટીમે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરીને લખ્યું હતું કે, 'હાર્દિક રાત્રે 2 વાગ્યે માહિકાને સાથે લઈને આવ્યો હતો.





### 2030 સુધીમાં 50 GW ક્લિન એનર્જી અને 10 GW પરમાણુ ઊર્જા ક્ષમતા વિકસાવવાનું લક્ષ્ય

# લંડનમાં સાગર અદાણીની મોટી જાહેરાત

મુંબઈ

ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા અને આર્થિક વિકાસને ટેકો આપવા માટે વૈશ્વિક સ્તરે ઝડપી વીજળીકરણ (ઇલેક્ટ્રિફિકેશન) અત્યંત અનિવાર્ય બન્યું છે. લંડન આબોહવા કાર્યવાહી સપ્તાહ (London Climate Action Week) ના ઉદ્ઘાટન પ્રસંગે લંડનના સાયન્સ મ્યુઝિયમ ખાતે 'ઊર્જા સંક્રમણ કમિશન' (ETC) અને 'અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ' (AGEL) ના સંયુક્ત ઉપક્રમે એક ઉચ્ચ સ્તરીય વૈશ્વિક ઊર્જા સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંવાદમાં અદાણી ગ્રીન એનર્જી લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ સંગ્રહ ક્ષમતા સાથેની સંકલિત નવીનીકરણીય ઊર્જા પર વિશેષ ભાર




મૂક્યો હતો. ચોવીસ કલાક સ્વચ્છ ઊર્જા માટે સ્ટોરેજ ટેકનોલોજી અનિવાર્ય: સાગર અદાણી આંતરરાષ્ટ્રીય નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને આબોહવા નિષ્ણાતોની ઉપસ્થિતિમાં સાગર અદાણીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ઊર્જા સુરક્ષા, પોષણક્ષમતા અને ટકાઉપણું એ મુખ્ય પડકારો છે, જેનો સૌથી અસરકારક ઉકેલ વીજળીકરણ છે. તેમણે ઉમેર્યું કે, જ્યારે નવીનીકરણીય ઊર્જાને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) અને પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ (PSPs) જેવી ટેકનોલોજી સાથે જોડવામાં આવે છે, ત્યારે જ તે સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરીને 24 કલાક સસ્તી અને વિશ્વસનીય ઊર્જા પૂરી પાડી શકે છે.

ગુજરાતના ખાવડા પ્રોજેક્ટનો કર્યો ઉલ્લેખ ગુજરાતના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા નવીનીકરણીય ઊર્જા પ્લાન્ટ મારફત અદાણી ગ્રીન વર્ષ 2030 સુધીમાં 50 ગીગાવોટ (50 GW) ની ક્ષમતા હાસલ કરવા તરફ ઝડપથી આગળ વધી રહી છે, જેમાં સ્વચ્છ ઊર્જાને મોટા પાયે સ્ટોરેજ સાથે સંકલિત કરવામાં આવી રહી છે. વૈશ્વિક નિષ્ણાતોનો સૂર: અર્થતંત્રનું ડીકાર્બોનાઇઝેશન સમયની માંગ ETC ના સહ-અધ્યક્ષ લોર્ડ એડેર ટર્નર અને યુકે ક્લાઈમેટ ચેન્જ કમિટીના અધ્યક્ષ નિગેલ ટોપિંગની અધ્યક્ષતામાં બે ઉચ્ચ સ્તરીય સત્રો યોજાયા હતા. આ સત્રોમાં ઓક્ટોપસ એનર્જી, સ્નેડર ઈલેક્ટ્રિક, ક્લાઈમેટ બોન્ડ્સ ઇનિશિયેટિવ અને ગ્રીન ફાઈનાન્સ ઇન્સ્ટિટ્યૂટના અગ્રણીઓએ ભાગ લીધો હતો. લોર્ડ ટર્નરે જણાવ્યું કે, ગ્લોબલ વોર્મિંગને મર્યાદિત કરવા માટે માર્ગ પરિવહન, બાંધકામ હીટિંગ અને ભારે ઉદ્યોગોમાં તકનીકી પ્રગતિ દ્વારા વીજળીકરણ કરવું અને વીજ ઉત્પાદનને કાર્બનમુક્ત (ડીકાર્બોનાઇઝ) કરવું ખૂબ જરૂરી છે. નિગેલ ટોપિંગે નોંધ્યું કે, આધુનિક ગ્રીડ પ્રણાલીમાં સુગમતા લાવવા અને ટેકનોલોજીનો ખર્ચ ઘટાડવાથી આ ક્ષેત્રમાં મોટું રોકાણ આકર્ષી શકાશે.

### ટોપ-10 કંપનીઓમાંથી 6ની વેલ્યુ ₹88 હજાર કરોડ વધી

## ટોપ-10 કંપનીઓમાંથી 6ની વેલ્યુ ₹88 હજાર કરોડ વધી, HDFC બેંક-રિલાયન્સનું માર્કેટ કેપ પણ વધ્યું

મુંબઈ

ગયા કારોબારી સપ્તાહમાં દેશની ટોપ-10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 6નું કુલ માર્કેટ વેલ્યુએશન 88,678.1 કરોડ રૂપિયા વધી ગયું છે. આ તેજીમાં ICICI બેંક ટોપ ગેનર રહી. બેંકની વેલ્યુએશન 29,588.75 કરોડ રૂપિયા વધીને 9.95 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું. ICICI બેંક ઉપરાંત HDFC બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઈનાન્સ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) અને લાર્સન એન્ડ ટુબ્રો (L&T)નું માર્કેટ કેપ પણ વધ્યું છે.

જ્યારે બજારની આ તેજી વચ્ચે ટોપ-10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 4ની વેલ્યુ ગયા સપ્તાહે ઘટી છે. જેમાં ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS), લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) અને હિન્દુસ્તાન યુનિલિવરના નામ સામેલ છે. રિલાયન્સ દેશની સૌથી વેલ્યુએબલ




કંપની માર્કેટ કેપના હિસાબે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દેશની સૌથી વેલ્યુએબલ કંપની તરીકે પ્રથમ સ્થાને યથાવત છે. તે પછી બીજા સ્થાને HDFC બેંક, ત્રીજા પર ભારતી એરટેલ, ચોથા પર ICICI બેંક અને પાંચમા પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા છે. આ યાદીમાં છઠ્ઠા સ્થાને TCS, સાતમા પર બજાજ ફાઈનાન્સ, આઠમા પર લાર્સન એન્ડ ટુબ્રો, નવમા પર LIC અને દસમા સ્થાને હિન્દુસ્તાન યુનિલિવર હાજર છે. ગયા અઠવાડિયે સેન્સેક્સ 297 પોઈન્ટ વધ્યો હતો ગયા અઠવાડિયે શેરબજારમાં રજાઓને કારણે ઓછા દિવસ કામકાજ થયું.

તેમ છતાં, ગયા અઠવાડિયે સેન્સેક્સ 297 પોઈન્ટ વધ્યો હતો. જ્યારે ગુરુવાર 25 જૂને સેન્સેક્સ તેના દિવસના ડે હાઈથી 703 પોઈન્ટ તૂટ્યો હતો, જ્યારે નિફ્ટી પણ 24,100ના સ્તરથી નીચે સરકી ગયો હતો. કારોબારના અંતે સેન્સેક્સ 109 પોઈન્ટ (0.14%) ના વધારા સાથે 77,100 પર અને નિફ્ટી 34 પોઈન્ટ (0.14%) વધીને 24,056 પર બંધ થયો હતો. રેલીગેર બ્રોકિંગ લિમિટેડના રિસર્ચ SVP (SVP) અજીત મિશ્રાના મતે, બજારે રજાઓને કારણે ટૂંકા રહેલા આ સપ્તાહનો અંત નજીવા વધારા સાથે કર્યો છે. ચાર કારોબારી સત્રોમાંથી ત્રણમાં બજારમાં વધારો જોવા મળ્યો.

### 2026માં બ્રેન્ટ ક્રૂડ 110 ડોલર રહેવાનો અંદાજ છે

# હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલવાથી જોખમ ઘટશે છતાં પુરવઠો સામાન્ય થવાનું ખર્ચાળ બનશે : S&P

### S&P ગ્લોબલ રેટિંગ્સે જણાવ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલવાથી એશિયા-પેસેફિકને જોખમ ઘટશે. જોકે, પુરવઠો પૂર્વવત થવું અનિશ્ચિત અને ખર્ચાળ રહેશે

નવી દિલ્હી

એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાથી એશિયા પેસેફિક ક્ષેત્ર માટે જોખમ ઘટશે, પરંતુ પુરવઠો રાબેતામુજબ થવાનું અનિશ્ચિત અને ખર્ચાળ રહેશે. ૧૭, જૂનના રોજ યુ.એસ. અને ઈરાન વચ્ચે સમજૂતી કરાર થયો હતો, જેમાં ૬૦ દિવસની અંદર અંતિમ કરાર પર પહોંચવાની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. આ કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો અને કોઈપણ ચાર્જ વિના કમર્શિયલ જહાજોના પસાર થવાનો પણ ઉલ્લેખ છે. શિપિંગ, વીમો, પોર્ટ અને ઓપરેશનલ અવરોધો પુરવઠો પૂર્વવત થવામાં વિલંબ કરી શકે : ૨૦૨૬ના બાકીના સમયમાં બ્રેન્ટ ક્રુડના ભાવ સરેરાશ બેરલ દીઠ ૧૧૦ ડોલરનો અંદાજ એસ એન્ડ પીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે, યુ.એસ. અને ઈરાન એમઓયુ રચનાત્મક છે, પરંતુ ઈરાનના પરમાણું કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત, પ્રાદેશિક




સુરક્ષા અને ઈઝરાયલની સુરક્ષા ચિંતાઓ જેવા મુશ્કેલ મુદ્દાઓ હજુ પણ વણઉકેલાયેલા છે. શિપિંગ, વીમો, પોર્ટ અને ઓપરેશનલ અવરોધો પણ સંઘર્ષ પહેલાના પ્રવાહમાં પાછા ફરવામાં વિલંબ કરી શકે છે, એમ એસ એન્ડ પીએ હોર્મુઝ ફરીથી ખુલે છે, નાજુકતા રહે છે એવા શીર્ષકવાળા એક રિપોર્ટમાં જણાવ્યું હતું.

એસ એન્ડ પીએ વર્ષ ૨૦૨૬ના બાકીના સમય માટે બ્રેન્ટ ક્રુડના ભાવ સરેરાશ બેરલ દીઠ ૧૧૦ જેટલા રહેવાનો અંદાજ જાળવ્યો છે. જે વર્ષ ૨૦૨૭માં બેરલ દીઠ ૮૦ ડોલર અને ૨૦૨૮માં ૬૫ ડોલર સરેરાશ રહેવાનો અંદાજ મૂક્યો છે.

હોર્મુઝ ફરીથી ખુલવાથી તાત્કાલિક જોખમ ઘટે છે, પરંતુ એશિયા-પેસેફિક હજુ પણ ધીમી, ખર્ચાળ અને વધુ ખંડિત ઓપરેટિંગ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યું છે, એમ એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સના એશિયા-પેસેફિક ક્રેડિટ રિસર્ચના વડા યુનિસ ટેને જણાવ્યું હતું. એમઓયુ પછી બ્રેન્ટ ક્રુડના ભાવ ૮૦ અમેરિકી ડોલરની નીચે આવી ગયા છે અને લિક્વિફાઈડ નેચરલ ગેસ જાપાન કોરિયા માર્કર (એલએનજી જેકેએમ) પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ માટે ૧૫ અમેરિકી ડોલર નજીક છે.

એસ એન્ડ પી એ જણાવ્યું હતું કે, આનાથી પ્રમુખ આંચકો ઓછો થયો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે ફિઝિકલ બજારો સ્વસ્થ થઈ ગયા છે. પ્રવાહ ધીમો ફરી શરૂ થવાથી પેટ્રોકેમિકલ્સ, કૃષિ, પરિવહન અને લોજિસ્ટિક્સમાં ઊર્જા, નૂર અને ઈનપુટ-ખર્ચનું દબાણ વધી શકે છે. એસ એન્ડ પી એ જણાવ્યું હતું કે, મોટાભાગના ખુલ્લા ક્ષેત્રોમાં ઊર્જા, ડાઉનસ્ટ્રીમ ક્ષેત્રો અને બાહ્ય તેમ જ નાણાકીય બફરવાળા ઉભરતા બજારો છે.

## ટેક ફંડિંગમાં 12%નો વધારો, પરંતુ સોદાની સંખ્યા ઘટી

- **AI સ્ટાર્ટઅપ્સ ઝડપથી યુનિકોર્ન બન્યા છે. IPOનો સરેરાશ સમય 14.5 વર્ષથી ઘટીને 8.1 વર્ષ થયો છે**

મુંબઈ

ભારતના ટેકનોલોજી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમે કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૭.૨ બિલિયન ડોલર એકત્ર કર્યા છે. જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૨ ટકાનો સાધારણ વધારો દર્શાવે છે. માર્કેટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ટ્રેક્સનના અહેવાલ મુજબ, ભંડોળ વધ્યું હોવા છતાં, સોદાઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. અહેવાલ દર્શાવે છે કે ૧ જાન્યુઆરીથી ૨૪ જૂન દરમિયાન, કુલ સોદાઓની સંખ્યામાં ૪૩ ટકાનો ઘટાડો થયો છે, જેમાં રાઉન્ડની સંખ્યા ઘટીને ૬૫૨ થઈ ગઈ છે. આના કારણે ભંડોળ ઊભું કરવાના પ્રયાસો સતત સંકુચિત થયા છે, જે પસંદગીની કેટલીક કંપનીઓ સુધી મર્યાદિત છે. ૨૦૨૨ થી, ઓછા, મોટા ભંડોળ ઊભું કરવાના વલણને વેગ મળ્યો છે. આનું કારણ એ છે કે રોકાણકારોએ વધુ શિસ્તબદ્ધ નાણાકીય વાતાવરણ વચ્ચે વધુ આત્મવિશ્વાસપૂર્ણ દાવ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું છે. નોંધનીય છે કે, આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી મૂડીનો મોટો હિસ્સો કેટલીક કંપનીઓમાં કેન્દ્રિત હતો. ટોચના ત્રણ ભંડોળ ઊભું કરવાના રાઉન્ડમાં ક્રેડિટ, ૯૦૦ મિલિયન ડોલર, નક્ષત્ર, ૭૧૦ મિલિયન ડોલર અને નેસા, ૬૦૦ મિલિયન ડોલરનો સમાવેશ થાય છે. આ ત્રણ રાઉન્ડમાં ૨.૨ બિલિયન ડોલર, અથવા આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલી કુલ મૂડીના આશરે ૩૧ ટકાનો હિસ્સો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) એક મજબૂત થીમ તરીકે ઉભરી આવ્યું છે, કારણ કે એઆઈ-કેન્દ્રિત સ્ટાર્ટઅપ્સે અન્ય ક્ષેત્રો કરતાં વધુ ઝડપથી યુનિકોર્ન સ્ટેટસ પ્રાપ્ત કર્યું હતું. ૨૦૨૬ના પ્રથમ અર્ધવાર્ષિકમાં ૧ બિલિયન ડોલર મૂલ્યાંકનને પાર કરનાર પાંચ કંપનીઓમાંથી, એઆઈ સ્ટાર્ટઅપ્સ નેસા અને સર્વમે ત્રણ વર્ષથી ઓછા સમયમાં યુનિકોર્ન સ્ટેટસ પ્રાપ્ત કર્યું હતું.

અમદાવાદમાં 101 ઓક્સિજન પાર્ક ખુલ્લા મૂકાશે

# સાબરમતી વિધાનસભાના લોકો સાથે લોકદરબાર યોજી પ્રશ્નો જાણ્યા : અમિત શાહે લોકોને કહ્યું- 'એક પત્ર લખજો, કામ થઈ જશે'




કાર્યક્રમમાં સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓએ ટ્રાફિકની સમસ્યા, મોટા રોડ બનાવવા, ઓડિટોરિયમ હોલ અને કોમ્યુનિટી હોલ બનાવવા તેમજ જે કામો ચાલી રહ્યા છે તેને જલ્દી પૂરા કરવા માટે રજૂઆત કરી હતી

અમદાવાદ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે 27 જૂનના રોજ રાત્રે રાણીપમાં સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સાબરમતી, રાણીપ, નવાવાડજ અને ડિ કેબીન વિસ્તારની સોસાયટીઓના ચેરમેન અને સેક્રેટરીઓ સાથેના લોકદરબાર કાર્યક્રમમાં પહોંચ્યા હતા. લોકદરબાર કાર્યક્રમમાં સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓએ ટ્રાફિકની સમસ્યા, મોટા રોડ બનાવવા, ઓડીટોરિયમ હોલ અને કોમ્યુનિટી હોલ બનાવવા તેમજ જે કામો ચાલી રહ્યા છે તેને જલ્દી પૂરા કરવા માટે રજૂઆત કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા તેમના કાર્યાલયનું સરનામું બે વખત બોલ્યા હતા અને કહ્યું હતું કે કાર્યાલય પર એક નનામો પત્ર પણ લખશો તો નિશ્ચિત તમારી નોંધ લેવાઈ જશે અને કામ થશે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ સોસાયટીના ચેરમેન સેક્રેટરી સહિતના નાગરિકો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે 1997થી 2027 એટલે કે 30 વર્ષ થયાં છે. 3 પેઢી બદલાઈ છે પણ રાણીપવાળા બદલાયા નથી. ભલભલાને સ્વીકારે એવા નથી. રાણીપની જનતાએ ભાજપને પકડી રાખ્યો છે જેના માટે સૌ નેતાઓ વતી આભાર માનું છું. વિકાસના કામો સતત ચાલતી પ્રક્રિયા છે. અમુક કામ ગમે તેટલી ઈચ્છા હોય છતાં થતાં નથી. સાબરમતી ચંદ્રભાગા નાળા સાબરમતી 2003માં વચન આપ્યું અને 2023 થયું છતાં રસ્તો નીકળ્યો નહોતો. ફરિયાદ કરી નથી. ધીરજપૂર્વક મે કામ કર્યું અને હવે કામ થઈ ગયું. ખૂબ સુંદર આયોજન થવાનું છે. પશ્ચિમનું સૌથી આકર્ષણનું કેન્દ્ર રાણીપ બનશે.

લોક દરબાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો છું અને તમારા પ્રશ્નો અને સમસ્યા સાંભળવા આવ્યો છું પરંતુ તમે સમસ્યા ઓછી કરી આભાર વધારે કર્યો છે. મારું કાર્યાલય સતત ચાલે છે. અમદાવાદમાં સાયન્સ સિટી રોડ ઉપર કાર્યાલય આવેલું છે જે કાર્યાલય પર એક નનામો પત્ર પણ લખશો તો નિશ્ચિત નોંધ લેવાઈ જશે અને કામ થશે. નાગરિકોની સમસ્યાના પત્રો જાતે હું પત્ર વાંચું છું. વધુ 10 દિવસમાં સૂચનાઓ જે તે વિભાગ સુધી પહોંચાડી દઉં છું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અનેકવિધ કામો કહ્યા છે અને એમને યાદ કરાવવા પડ્યા નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનનો ખૂબ જ આભાર માનું છું.

ગોમતીપુરમાં મોપેડ સવાર 3 યુવકોએ બિભત્સ કોમેન્ટ કરી

# ધોળા દિવસે જાહેર રોડ પર યુવતીની છેડતી : છરી બતાવી 'તેરે કો માર ડાલુંગા' કહી ધમકી આપી



અમદાવાદ

અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારમાં ધોળા દિવસે જાહેરમાં ત્રણ યુવકોએ યુવતીની છેડતી કરી હોવાની ઘટના બની હતી. યુવતી ચાલતા ચાલતા જતી હતી ત્યારે એકટીવા પર આવેલા ત્રણ શખસોએ બિભત્સ કોમેન્ટ પાસ કરી હતી. યુવતીએ એકટીવા ચાલકને લાફો મારી દેતા ત્રણેય પડી ગયા હતા અને ત્યારબાદ થોડા દૂર જઈને ફરીથી છરી બતાવીને તેરે કો માર ડાલુંગા એમ કહીને ધમકી આપી હતી.

જો કે યુવતીએ બુમા બુમ કરતા આસપાસના લોકો ભેગા થતા ત્રણેય ફરાર થઈ ગયા હતા. આ અંગે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી એકટીવા નંબરના આધારે ત્રણેયની શોધખોળ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ શહેરના ગોમતીપુર વિસ્તારમાં 21 વર્ષીય યુવતી તેના પરિવાર સાથે રહે છે. યુવતી સવારના સમયે ચાલતા ચાલતા તેના મામાના ઘર તરફ જઈ રહી હતી તે દરમિયાનમાં ખાંડની શેરી પાસે સફેદ કલરની એકટીવા પર ત્રણ શખસો પાછળથી આવ્યા હતા અને યુવતી પર ખરાબ કોમેન્ટ કરી હતી. એટલું જ નહીં હાથની કોણી અડાડી દીધી હતી. જેથી યુવતી ગુસ્સે ભરાઈ હતી અને એકટીવા ચાલકને લાફો માર્યો હતો. એકટીવા પર રહેલા ત્રણેય યુવકો નીચે પડી ગયા હતા. બાદમાં ત્રણેય ઊભા થઈને થોડા આગળ જતા રહ્યા હતા.


યુવતી જ્યારે ચાલતા ચાલતા થોડા આગળ ગઈ ત્યારે ત્રણેય યુવકો ત્યાં ઊભા હતા. જેમાંથી એક યુવકે છરી કાઢી હતી અને બીજો ગાળો બોલતો હતો. અને છરી બતાવી તેરે કો માર ડાલુંગા એમ કહીને બોલાચાલી કરતા હતા. દરમિયાનમાં યુવતીના બનેવી અને તેના મિત્ર તેમજ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. જેથી ત્રણેય યુવકો ત્યાંથી એકટીવા લઈને ફરાર થઈ ગયા હતા.

એરપોર્ટ પર સ્નિફર ડોગનો કમાલ

# બેંગકોકથી લવાયેલા હાઈડ્રોપોનિક ગાંજાની કરોડોની ખેપ પકડી પાડી

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ AIUએ બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી 10.911 કિલો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. થાઈલેન્ડમાં ગાંજાને કાયદેસરની માન્યતા મળ્યા બાદ દાણચોરી વધી છે. સ્નિફર ડોગની મદદથી કન્વેયર બેલ્ટ પરથી આ ડ્રગ્સ પકડાયું. NDPS એક્ટ હેઠળ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે. અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ બેંગકોકથી આવેલા એક મુસાફર પાસેથી 10.911 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. નોંધનીય છે કે, થાઈલેન્ડમાં



ગાંજાના ઉપયોગને કાયદેસરની માન્યતા મળ્યા બાદ ગુજરાત સહિત ભારતમાં હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરીના બનાવોમાં વધારો થયો છે. મહત્ત્વનું છે કે, આ હાઈડ્રોપોનિક ગાંજાની હેરફેર સ્નિફર ડોગને લીધે ઝડપાઈ હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઘટનામાં કસ્ટમ્સ વિભાગના ટ્રેઈન્ડ સ્નિફર ડોગની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી હતી. રૂટિન ચેકિંગ દરમિયાન જ્યારે કન્વેયર બેલ્ટ પરથી મુસાફરોનો સામાન પસાર થઈ રહ્યો હતો, ત્યારે સ્નિફર ડોગે એક ચોક્કસ ટ્રોલી બેગ પાસે શંકાસ્પદ હલચલ કરી હતી. આ ઈશારો મળતાં જ કસ્ટમ્સ અધિકારીઓએ તુરંત તે બેગના માલિકને અટકાવીને બેગનું એક્સ-રે અને મેન્યુઅલ ચેકિંગ હાથ ધર્યું હતું. બેગ ખોલતાં તેમાંથી કપડાંની વચ્ચે ચાલાકીથી સંતાડવામાં આવેલા 5 સિલ્વર કલરના વેક્યૂમ-સીલ્ડ પેકેટો મળી આવ્યા હતા, જેમાંથી આ તીવ્ર ગંધવાળો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.

ઉલ્લેખનીય છેકે, બંધ ઓરડામાં વાતાવરણમાં ઉગાડવામાં આવતો આ હાઈડ્રોપોનિક ગાંજો સામાન્ય ગાંજા કરતાં બજારમાં દસ ગણી વધુ કિંમતે વેચાય છે. કસ્ટમ્સ વિભાગે ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ દ્વારા પ્રાથમિક તપાસ કર્યા બાદ, NDPS એક્ટ હેઠળ ડ્રગ્સ જપ્ત કરી આરોપી મુસાફરની ધરપકડ કરી લીધી છે. હાલમાં એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા આરોપીના મોબાઈલની કોલ ડિટેઈલ્સના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે કે આ કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો અમદાવાદ કે ગુજરાતમાં કયા લોકલ પેડલર્સને ડિલિવર કરવાનો હતો.

## અમદાવાદમાં અસામાજિક તત્વોનો બેફામ આતંક: નવરંગપુરા ફાયર સ્ટેશન પાસે ધોળા દિવસે વ્યક્તિ પર હુમલો

અમદાવાદ

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદના પોશ ગણાતા નવરંગપુરા વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. નવરંગપુરા ફાયર સ્ટેશન નજીક સામાન્ય બાબતમાં કેટલાક અસામાજિક તત્વોએ એક નિર્દોષ વ્યક્તિ પર હિંસક હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મળતી માહિતી મુજબ, નવરંગપુરા ફાયર સ્ટેશન જેવા ધમધમતા જાહેર માર્ગ પર અસામાજિક તત્વોએ કોઈ અગમ્ય કારણોસર એક વ્યક્તિને નિશાન બનાવી તેની પર હુમલો કર્યો હતો. ધોળા દિવસે બનેલી આ ઘટનાને પગલે આસપાસના સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં ભારે ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે. હુમલાની આ ઘટના બાદ ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શહેરમાં પોલીસ પેટ્રોલીંગ હોવા છતાં આવા અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

આવતીકાલે જગન્નાથજીની જળયાત્રા

# 108 કળશથી જળાભિષેક અને ગજવેશ દર્શન બાદ ભગવાન 15 દિવસ મોસાળ સરસપુર જશે

અમદાવાદ

અમદાવાદના જમાલપુર ખાતે આવેલા જગન્નાથ મંદિર દ્વારા અષાઢી બીજની રથયાત્રા પૂર્વે આવતીકાલે સોમવારે 29 જૂન અને સોમવારના રોજ પરંપરાગત જળયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર પ્રસંગને લઈને મંદિર પ્રશાસન અને સ્થાનિક તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ યાત્રા નિજમંદિરેથી પ્રસ્થાન કરી સાબરમતી નદીએ ભુદરના તટે પહોંચશે, જ્યાં વૈદિક અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે પીતળના 108 કળશમાં નદીનું પવિત્ર નીર ભરવાની વિધિ સંપન્ન કરવામાં આવશે. આમ, 108 કળશથી જળાભિષેક અને ગજવેશ દર્શન બાદ ભગવાન 15 દિવસ મોસાળ સરસપુર જશે.

સાબરમતીના નીરથી ભરેલા આ 108 પવિત્ર કળશને શ્રદ્ધાળુઓ પોતાના શિશ પર મૂકીને વાજતે-ગાજતે પરત મંદિર તરફ પ્રયાણ કરશે.



આ ભવ્ય શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં ભક્તોનું મહેરામણ ઉમટી પડશે. સુશોભિત ગજરાજો અને ઢોલ-નગારાના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જશે અને ભક્તો હર્ષોલ્લાસ સાથે પવિત્ર જળના કળશને નિજમંદિર સુધી લાવશે.

મંદિરમાં લાવવામાં આવેલા આ પવિત્ર જળથી જગન્નાથ, મોટાભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીનો શાહી જળાભિષેક કરવામાં આવશે. આ અભિષેક પૂર્ણ થયા બાદ પ્રભુને ગજવેશ ધારણ કરાવવામાં આવે છે, જેના અલૌકિક દર્શનનો લાભ ભક્તોને વર્ષમાં માત્ર આજના દિવસે જ મળે છે.

પરંપરાગત માન્યતા અનુસાર, વધુ પડતા જળસ્નાનને કારણે ભગવાન બીમાર પડે છે, જેથી તેઓ આગામી 15 દિવસ સુધી આરામ અને સ્વાસ્થ્ય લાભ માટે સરસપુર ખાતે મામાના ઘરે રોકાણ કરશે. ત્યારબાદ પૂર્ણ સ્વસ્થ થઈને અષાઢી બીજના પાવન પર્વે ત્રણેય ભાઈ-બહેન ભવ્ય રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળશે.

મણિયસામાં શ્રી રાજે ફાઉન્ડેશન દ્વારા

## જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડા વિતરણ : "પસ્તી દાન સે વિદ્યા દાન"




અમદાવાદ

શિક્ષણને પ્રોત્સાહન આપવા અને ગરીબ તથા જરૂરિયાતમંદ બાળકોના સપનાઓને નવી ઉડાન આપવાના ઉમદા આશય સાથે અમદાવાદના મણિયસા વિસ્તારમાં એક પ્રશંસનીય કાર્યક્રમ યોજાયો હતો.


"પસ્તી દાન સે વિદ્યા દાન" અભિયાન અંતર્ગત શ્રી રાજે ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક ચોપડા વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડાઓનું વિતરણ કરાયું હતું. આ પ્રેરણાદાયી પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ અને સ્થાનિક કાઉન્સિલર શ્રીમતી સોનલબા સરવૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ખોખરા વોર્ડ પ્રમુખ શ્રી ચિરાગ શેટ્ટ, યુવા મોરચાના શહેર મંત્રી શ્રી વૃશાત મર્ચન્ટ, પૂર્વ કાઉન્સિલર શ્રીમતી શિવાનીબેન જનઈકર તેમજ સંગઠનના અન્ય હોદ્દેદારો અને અગ્રણીઓએ હાજરી આપીને ફાઉન્ડેશનની આ કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજના ઉજ્જવળ ભવિષ્યનો સૌથી મજબૂત પાયો છે.


શ્રી રાજે ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવી રહેલું આ અભિયાન પ્રશંસાને પાત્ર છે. આવા સેવાકીય પ્રયાસોથી વધુમાં વધુ બાળકો સુધી શિક્ષણના જરૂરી સાધનો પહોંચશે અને આર્થિક રીતે નબળા પરિવારોના બાળકો પણ પોતાનો અભ્યાસ સારી રીતે આગળ ધપાવી શકશે.

કાચું ઓઇલ-કેમિકલ હોવાથી આગ વધારે પ્રસરી

# વટવા GIDCમાં કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ







અમદાવાદ

અમદાવાદ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં ફેઝ 2માં મોડી રાતે કેમિકલની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત 22 ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને પાણી તેમજ ફોમનો મારો ચલાવી આગને ચાર કલાકે કાબૂમાં લીધી હતી. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી, કાચું ઓઈલ અને અન્ય કેમિકલ હોવાના કારણે આગ વધારે પ્રસરી ગઈ હતી. આખી ફેક્ટરી આગમાં સપડાઈ હતી. જોકે ફાયરની ટીમે સમગ્ર આગને કાબૂમાં લઈ લીધી હતી. ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં ફેઝ 2માં અર્પણ એરોનોટિકલ કેમિકલ નામની કંપનીમાં આગ લાગી હોવા અંગેનો રાત્રે 1:30 વાગ્યાની આસપાસ મેસેજ મળ્યો હતો. જેના પગલે ફાયરબ્રિગેડની ગાડીઓ સ્થળ ઉપર દોડાવવામાં આવી હતી. કેમિકલ અને કાચું ઓઈલ હોવાને લઈ આગ ખૂબ જ વધારે પ્રસરી ગઈ હતી. આખી ફેક્ટરી આગની ઝપેટમાં આવી હતી જેથી ફાયરબ્રિગેડ દ્વારા વધારે ગાડીઓ બોલાવવામાં આવી હતી. ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરે સહિતના ફાયરના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. રાત્રે 1:30 વાગ્યે લાગેલી આગને કાબૂમાં લેતા ફાયરબ્રિગેડના અધિકારીઓને કર્મચારીઓને સવારે સાડા પાંચ વાગ્યા હતા અને ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબુમાં લઈ લેવામાં આવી હતી. કોઈપણ પ્રકારની જાનહાનિ આ ઘટનામાં થઈ નથી. જીઆઈડીસીમાં લાગેલી આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ છે. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી.

ઉલ્લેખનીય છે કે હવે જીઆઈડીસી વિસ્તારમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે.

ધંધુકાના અણીયાળી ગામે સબસિડીવાળા ખાતરનો દુરુપયોગ પકડાયો

## ખેતીનું ખાતર ઇન્ડસ્ટ્રીની સફેદ બેગોમાં ભરી વેચાણનો પર્દાફાશ જથ્થો



અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના અણીયાળી ગામે ખેતીવાડી વિભાગે સબસિડીવાળા ખાતરના સંભવિત દુરુપયોગ અંગે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. મળેલી બાતમીના આધારે નાયબ ખેતી નિયામક હિતેશ બાબરીયા, અધિકારી મનીષભાઈ અને ખેતીવાડી ઈન્સ્પેક્ટર કોમલબેને સ્થાનિક પોલીસની હાજરીમાં સ્થળ પર દરોડો પાડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં એવી શંકા વ્યક્ત કરવામાં આવી છે કે ખેડૂતો માટે સરકાર દ્વારા સબસિડી હેઠળ અપાતા ખાતરને ઈન્ડસ્ટ્રીમાં વપરાતી સફેદ બેગોમાં ભરી તેનો દુરુપયોગ કરીને વધુ નફો કમાવવાનું કૌભાંડ ચાલી રહ્યું હતું.

દરોડા દરમિયાન સ્થળ પરથી મળેલા શંકાસ્પદ ખાતરના જથ્થા અને સફેદ બેગોને ખેતીવાડી વિભાગે સીલ કર્યા છે. આ ઉપરાંત, વ્હાઈટ બેગોમાં રહેલા ખાતરના નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI